દૈનિક મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
ગુરુવાર, ૨૨ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 19 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ સુદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 January 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26



પહેલી ટી-૨૦માં કિવીઓને કચડ્યા ભારતેઃ અભિષેકની આતશબાજી ૮

# ગ્રીનલૅન્ડ લઈશ પણ બળપૂર્વક નહીંઃ ટ્રમ્પ

## વર્લ્ડ ઈકૉનૉમિક ફૉરમમાં યુરોપ, ‘નાટો’ની બરાબરની ઝાટકણી કાઢતા કહ્યું કે કોઈ પણ દેશને સીધો કરતા ત્રણ મિનિટ લાગે

દાવોસઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે જણાવ્યું હતું કે મેં જ ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ તેમ જ વિશ્વની અન્ય અનેક લડાઇ બંધ કરાવી હતી.

અહીં ‘વર્લ્ડ ઇકૉનૉમિક ફૉરમ’ની વાર્ષિક બેઠકમાં ખાસ પ્રવચન કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકાને ગ્રીનલૅન્ડ જોઇએ જ છે. ગ્રીનલૅન્ડ કોઇ જમીનનો ટુકડો નથી, પરંતુ વિશાળ હિમપ્રદેશ છે અને ત્યાંના બરફની નીચે દુર્લભ ખનિજનો વિપુલ ભંડાર નથી, પરંતુ વ્યૂહાત્મક દૃષ્ટિએ અમેરિકા, ચીન અને રશિયા આ વિસ્તારનો કબજો કરવા માગે છે.

ટ્રમ્પના પ્રવચન વખતે હૉલ ખીચોખીચ ભરાયેલો હતો. અમેરિકાના પ્રમુખે પોતાના પ્રવચનની શરૂઆતમાં જણાવ્યું હતું કે આજે મને સાંભળવા ઘણાં મિત્રો અને થોડાં દુશ્મનો આવ્યા છે.

ટ્રમ્પે યુરોપ, ‘નાટો’, સ્વચ્છ ઊર્જાના સમર્થકો અને જૉ બાઇડન સહિતના અમેરિકાના કેટલાક ભૂતપૂર્વ પ્રમુખોની આકરી ટીકા કરી હતી.

અમેરિકાના પ્રમુખે જણાવ્યું હતું કે અમેરિકા ગ્રીનલૅન્ડ કબજે કરવા માટે બળનો ઉપયોગ નહિ (જુઓ પાનું ૨) ▶▶



## ‘-તો ઈરાનને નેસ્તનાબૂદ કરાશે’

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે જો ઈસ્લામિક દેશ ઈરાન મારી હત્યા કરશે તો અમેરિકા ઈરાનનો સંપૂર્ણ નાશ કરી નાખશે. એક મુલાકાતમાં ટ્રમ્પે કહ્યું હતું કે મેં કડક સૂચના આપી છે. જો કંઈ પણ બનશે તો અમેરિકા ઈરાનને પૃથ્વીના નકશામાંથી જ ગાયબ કરી નાખશે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા અલી ખામેની સામે કોઈ ન પગલાં લેવાની ઈરાને અમેરિકાને ચેતવણી આપી એના કલાકો બાદ ટ્રમ્પે આ ટિપ્પણી કરી હતી.

અગાઉ અમેરિકાના પ્રમુખે ખામેનીના ૪૦ વર્ષના શાસનનો અંત લાવવાનો અનુરોધ કર્યો હતો. ઈરાનના લશ્કરના પ્રવકતા જનરલ અબુલ ફઝલ શેકાર્ચીએ કહ્યું હતું કે ટ્રમ્પ જાણે છે કે અમારા નેતા તરફ કોઈ પણ આક્રમણનો હાથ કાઢશે તો અમે એ હાથ કાપી નાખીશું. એટલું જ (જુઓ પાનું ૨) ▶▶

## બાંગ્લાદેશે રમવા ભારત જવું પડશે : આઇસીસી

દુબઈઃ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ ગઈ કાલે બાંગ્લાદેશ સામે સખત વલણ અપનાવીને આગામી ટી-૨૦ વર્લ્ડ કપની એની મૅચો ભારતમાંથી ખસેડીને શ્રીલંકામાં રાખવાની બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ની વિનંતી ફગાવી દીધી હતી. આઇસીસીએ બીસીબીને સ્પષ્ટપણે કહી દીધું હતું કે ભારતમાં બાંગ્લાદેશના ખેલાડીઓની સલામતી ભયમાં હોય એવું અમને નથી લાગતું એટલે મૂળ સમયપત્રક મુજબ તમારા ખેલાડીઓએ ભારતમાં (કોલકાતા તથા મુંબઈમાં) રમવું જ પડશે. કહેવાય છે કે જો બાંગ્લાદેશ નહીં માને અને ભારતમાં રમવાની ફરી ના પાડશે તો વર્લ્ડ કપમાં એના સ્થાને સ્કૉટલૅન્ડને રમવાનું કહી દેવામાં (જુઓ પાનું ૨) ▶▶

## મનસેનું શિંદે-સેનાને સમર્થનઃ એક ઘા અને બે નિશાન

### ભાજપનો બાર્ગેનિંગ પાવર ઓછો થશે અને ઉદ્ધવ-સેનાનું વજન ઘટી જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના મેયર અંગે ભારે ઉઠા-પટક ચાલી રહી છે અને ભાજપ મુંબઈમાં શિંદે સેનાનો ટેકો લેવા માટે થાણે, કલ્યાણ-ડોંબિવલી અને ઉલ્હાસનગરમાં સત્તામાં ભાગીદારીની અપેક્ષા રાખી રહ્યો છે એવા સમયે શ્રીકાંત શિંદેના ગઢ કલ્યાણ-ડોંબિવલી મનપામાં મનસેએ શિંદે સેનાને વણમાગ્યે ટેકો જાહેર કરીને એક ઘામાં બે નિશાન પાડ્યા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. વાસ્તવમાં (જુઓ પાનું ૨) ▶▶

## ભડકેલા ઈયુએ હવે અમેરિકા સાથેની ટ્રેડ ડીલ સસ્પેન્ડ કરી

બ્રસેલ્સ/દાવોસઃ યુરોપિયન યુનિયન (ઈયુ) અને અમેરિકા વચ્ચેના વ્યાપારી સંબંધોમાં મોટું ભંગાણ પડ્યું છે. યુરોપિયન સંસદે ગઈ કાલે એક કડક નિર્ણય લેતા અમેરિકા સાથેના મહત્વપૂર્ણ વેપાર કરારને સ્થગિત કરી દીધો છે. અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા યુરોપિયન દેશો પર ટૅરિફ લાદવાની ધમકી અને ગ્રીનલેન્ડને અમેરિકામાં ભેળવવાની તેમની જીદના વિરોધમાં આ પગલું ભરવામાં આવ્યું છે.

યુએસ પ્રમુખે યુરોપિયન સાથી દેશો પર ૧૦ થી ૨૫ ટકા જેટલો મોટો ટેરિફ (વેપાર કર) લાદવાની યોજના (જુઓ પાનું ૨) ▶▶



**સર્ચ ઑપરેશનઃ**
જમ્મુના નરવાલ-ભર્ટિંડીમાં બુધવારે હાથ ધરવામાં આવેલા કોર્ડન અને સર્ચ ઑપરેશન દરમિયાન સ્પેશ્યલ ઑપરેશન ગ્રૂપ (એસઓજી) અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના અધિકારીઓ. (એજન્સી)

## ગેરકાયદે ખાણકામથી અરવલ્લીમાં કાયમી નુકસાનઃ સર્વોચ્ચ અદાલત

નવી દિલ્હીઃ ગેરકાયદે ખાણકામથી કાયમી નુકસાન થઈ શકે છે તેવું અવલોકન કરતાં, સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું કે તે અરવલ્લીમાં ખાણકામ અને સંબંધિત મુદ્દાઓની સંપૂર્ણ અને સર્વાંગી તપાસ કરવા માટે એ ક્ષેત્રના નિષ્ણાતોની બનેલી એક નિષ્ણાત સમિતિની રચના કરશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ પંચોલીની બનેલી ખંડપીઠે એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટી, કોર્ટના સલાહકાર કે. પરમેશ્વરને ચાર અઠવાડિયામાં ખાણકામમાં નિષ્ણાત પર્યાવરણવાદીઓ અને વૈજ્ઞાનિકોના નામ સૂચવવા નિર્દેશ આપ્યો છે જેથી પાસાઓની તપાસ કરવા માટે એક નિષ્ણાત સમિતિની રચના કરી શકાય. બેન્ચે જણાવ્યું હતું કે સમિતિ આ કોર્ટના નિર્દેશન અને દેખરેખ હેઠળ કામ કરશે. સુપ્રીમ કોર્ટે તેના આદેશને પણ લંબાવ્યો, જેમાં અરવલ્લી ટેકરીઓ અને પર્વતમાળાઓની એક સમાન વ્યાખ્યા સ્વીકારતા તેના ૨૦ નવેમ્બરના નિર્દેશોનું પાલન કરવામાં આવ્યું હતું. સુનાવણી દરમિયાન, સર્વોચ્ચ અદાલતને જાણ કરવામાં આવી (જુઓ પાનું ૨) ▶▶

## દેશની ખાનગી કંપનીઓ ૧૨ ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂકશે

નવી દિલ્હીઃ બેંગલોરની પિક્સલ સ્પેસના નેતૃત્વ હેઠળનું સ્ટાર્ટ-અપ્સનું ગ્રૂપ દેશની ખાનગી કંપનીઓ દ્વારા તૈયાર કરાયેલા ૧૨ ઉપગ્રહ આવતા વર્ષે ભ્રમણકક્ષામાં મૂકશે.

પિક્સલ સ્પેસનું ગ્રૂપ અને ઍલાઇડ ઑર્બિટ્સે બેંગલોરમાંના ઇન્ડિયન સ્પેસ પ્રમોશન ઍન્ડ ઑથૉરાઇઝેશન સેન્ટર (ઇન-સ્પેસ) સાથે સ્વદેશી ‘કમર્શિયલ અર્થ ઑબ્ઝર્વેશન સેટલાઇટ કૉન્સ્ટલેશન’ માટે કરાર કર્યા હતા.

ઍલાઇડ ઑર્બિટ્સની ભાગીદારીમાં પિયરસાઇટ, સેટસ્યોર એનાલિસિસ ઇન્ડિયા અને ધ્રુવ સ્પેસ ૧૨ ઉપગ્રહ તૈયાર કરીને ભ્રમણકક્ષામાં મૂકશે.

પિક્સલ સ્પેસના સહ-સ્થાપક અને સીઇઓ ઓવૈસ અહમદે જણાવ્યું હતું કે ભારતીય સ્ટાર્ટ-અપ્સના ગ્રૂપનો આ રાષ્ટ્રીય પ્રૉજેક્ટ રૂપિયા ૧,૨૦૦ કરોડથી વધુ રકમનો છે.

પિક્સલે જણાવ્યું હતું કે અમે ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન પ્રથમ ચાર ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂકીશું અને બાદમાં બાકીના ઉપગ્રહો અંતરિક્ષમાં મુકાશે.

ખાનગી કંપનીઓ દ્વારા ભ્રમણકક્ષામાં મૂકવામાં આવનારા ૧૨ ઉપગ્રહ બહુ જ ઊંચા રિઝોલ્યુશનવાળી ઑપ્ટિકલ, મલ્ટિસ્પેક્ટ્રલ, સિન્થેટિક ઍપર્ચુઅર રડાર અને હાઇપરસ્પેક્ટ્રલ ઇમેજિંગ અને અર્થ ઑબ્ઝર્વેશન ડેટા ભારત સરકારને પૂરા પાડશે. આ ઉપરાંત, ખાનગી કંપનીઓનું ગ્રૂપ વૈશ્વિક ગ્રાહકોને કમર્શિયલ સેવા પણ પૂરી પાડશે, જે ખેતી, પર્યાવરણ, આંતરિકમાળખા, ઊર્જા અને દરિયાઇ માહિતી આપશે. અહમદે જણાવ્યું હતું કે ખાનગી કંપનીઓ પોતાની જ મૂડીથી આ આખો પ્રૉજેક્ટ હાથ ધરશે. તેમાં પિક્સલનું રોકાણ પચાસ ટકાથી વધારે રહેશે.

(એજન્સી)

## અમદાવાદમાં આસારામ આશ્રમ પર ફરી વળશે બુલડૉઝર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મોટેરા વિસ્તારમાં આવેલો આસારામ આશ્રમ રાજ્ય સરકારની માલિકીની જગ્યામાં હોવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આશ્રમની ઈમ્પેક્ટ ફીની અરજી નામંજૂર કરી હતી. આસારામ આશ્રમમાં ૩૨ જેટલા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલા છે જેને દૂર કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોટિસ આપવામાં આવી હતી. આમ વર્ષોથી વિવાદમાં રહેલા આ આશ્રમનાં દબાણો દૂર કરવા માટે વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા આ નિર્ણયને પગલે હવે ગમે ત્યારે ડિમોલિશનની કામગીરી શરૂ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મળતી વિગત પ્રમાણે, ૫૦૦ કરોડની જમીન પર બનેલા આસારામ આશ્રમમાં ૩૨ જેટલાં ગેરકાયદે બાંધકામ કરવામાં આવેલાં છે, જેને દૂર કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોટિસ આપવામાં આવી હતી. ૨૧ જાન્યુઆરીએ મળેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની લીગલ કમિટીમાં આશ્રમની ઇમ્પેક્ટ ફીની અરજી નામંજૂર કરી હતી. કોર્ટની એપેલેટ ઓથોરિટીમાં વકીલની નિમણૂક કરી તાત્કાલિક આ કેસનો નિકાલ લાવવા માટેની (જુઓ પાનું ૨) ▶▶

## ઇટરનલના સીઇઓ દીપિન્દર ગોયલનું રાજીનામું

### વાઈસ પ્રેસિડન્ટ તરીકે ચાલુ રહેશેઃ અલબિન્દર ઢિંડસા નવા સુકાની

નવી દિલ્હીઃ ઝોમેટોની પેરન્ટ કંપની ઇટરનલના સીઇઓ દીપિન્દર ગોયલે પોતાનો હોદ્દો છોડ્યો હતો. તેમના અનુગામી અલબિન્દર ઢિંડસા બન્યા છે.

ફૂડ ડિલિવરી પ્લેટફૉર્મ ઝોમેટોની પેરન્ટ કંપની ઇટરનલ લિમિટેડના સીઇઓ દીપિન્દર ગોયલે રાજીનામું આપવાની બુધવારે જાહેરાત કરી હતી. તેમણે હોદ્દો છોડવા માટે શૅરહૉલ્ડર્સની મંજૂરી માગી હતી.

દીપિન્દર ગોયલ સીઇઓનો હોદ્દો છોડ્યા બાદ પણ ડિરેક્ટર્સના બોર્ડ પર ઉપપ્રમુખ તરીકે ચાલુ રહેશે.

તેમણે શૅરહૉલ્ડર્સને સંબોધીને લખેલા પત્રમાં જણાવ્યું (જુઓ પાનું ૨) ▶▶

## પાલખી સ્નાન કરવું શાસ્ત્રની વિરુદ્ધઃ જગદ્‌ગુરુ રામભદ્રાચાર્ય

### સ્વામી અવિમુક્તેશ્વરાનંદના મામલે તીખી પ્રતિક્રિયા

પ્રયાગરાજઃ માઘ મેળામાં મૌની અમાવસ્યા પર શાહી સ્નાન સમયે જ પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદની શોભાયાત્રા રોકવાના મુદ્દે થઈ રહેલા સંઘર્ષના વિવાદમાં જગદગુરુ રામભદ્રાચાર્ય અને પુરીના શંકરાચાર્યએ પણ ઝુકાવ્યું છે.

આ વિવાદમાં જગદગુરુ રામભદ્રાચાર્યએ આકરી પ્રતિક્રિયા આપતા આ ઘટનાને શાસ્ત્ર વિરુદ્ધ ગણાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે, સંગમ સ્નાન કરવા જતી વખતે શંકરાચાર્ય અને સરકાર વચ્ચે જે વિવાદ થયો તે બંનેનો આંતરિક વિષય હોઈ શકે, પરંતુ શંકરાચાર્યએ રથ પર સવાર થઈને સ્નાન કરવા ન જવું જોઈએ. રામભદ્રાચાર્યના મતે, રથ પર સવાર થઈને સ્નાન માટે જવું તે શાસ્ત્રોના નિયમોની વિરુદ્ધ છે અને આ રીતે સ્વામી અવિમુક્તેશ્વરાનંદે (જુઓ પાનું ૨) ▶▶



**ધરણાંઃ**
કોલકાતામાં બુધવારે પશ્ચિમ બંગાળના ‘આશા’ વર્કરોએ કામ રોકવાની હાકલ કરી હોવા વચ્ચે આરોગ્ય ભવન ખાતે ધરણાં પર બેઠેલા ‘આશા’ વર્કરો. (એજન્સી)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# શંકરાચાર્યના હોદ્દાને નકલી સંતો-નેતાઓએ ગૌરવહીન બનાવી દીધો

**ઉત્તર** પ્રદેશના પ્રયાગરાજમાં માઘ મેળો ચાલી રહ્યો છે. આ માઘ મેળામાં મૌની અમાસે થતા સ્નાન માટે બદ્રીનાથની જ્યોતિષપીઠના સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પોતાના રસાલા સાથે જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને રોકીને પગપાળા સ્નાન કરવા જવાનું કહ્યું તેમાં બબાલ થઈ ગઈ છે. પહેલાં તો સ્વામી અવિમુક્તેશ્વરાનંદના શિષ્યોએ સ્વામીને રોક્યા તેમાં પોલીસ સાથે જીભાજોડી કરી પણ પોલીસે દાદ ના આપી તેમાં હાથાપાઈ પર ઊતરી આવ્યા. પોલીસ પણ દંડા લઈને પૂરતી તૈયારી કરીને આવેલી તેમાં પોલીસ અને શિષ્યો સાથે ઝપાઝપી થઈ ગઈ.

સ્વામીજી આ વાત પર ભડકી ગયા અને પોતાની શિબિરની બહાર ધરણાં પર બેસી ગયા. સોમવારથી શરૂ થયેલાં ધરણાં ચાર દિવસ પછી પણ ચાલુ છે અને સ્વામીજી એ વાત પર અડી ગયા છે કે, પોતાને રોકવા બદલ વહીવટીતંત્ર માફી માગે. વહીવટીતંત્ર માફી નહીં માગે તો પોતે ધરણાં ચાલુ રાખશે અને આશ્રમમાં પાછા નહીં જાય. સ્વામીજી શિબિરની બહાર બેસીને જ હોમ-હવન ને પૂજા-પાઠ કરી રહ્યા છે.

પ્રયાગરાજના માઘ મેળાનું વહીવટીતંત્ર સ્વામી અવિમુક્તેશ્વરાનંદની ધમકીને ઘોળીને પી ગયું છે. વહીવટીતંત્રે માફી તો માગી નથી પણ ઉલટાનું સ્વામી અવિમુક્તેશ્વરાનંદને નોટિસ ફટકારી દીધી છે કે, ૨૪ કલાકની અંદર સ્વામી પોતે જ શંકરાચાર્ય હોવાનું સાબિત કરે, નહિતર લાવ લશ્કર સાથે ઉઠાવીને બહાર ફેંકી દઈશું. સ્વામીજીએ સોમવારે ધરણાં શરૂ કર્યાં એ રાત્રે ૧૨ વાગ્યે વહીવટી તંત્ર વતી અનિલ કુમાર કાનૂન્ગો નામના અધિકારી માઘ મેળામાં શંકરાચાર્યની શિબિરે પહોંચી ગયેલા અને શંકરાચાર્યના શિષ્યોને નોટિસ લેવા કહેલું પણ શિષ્યોએ નોટિસ લેવાનો ઇનકાર કરી દીધેલો. શિષ્યોનું કહેવું હતું કે, અડધી રાત્રે કોઈ જવાબદાર માણસ હાજર નથી એટલે કાલે સવારે આવજો.

અનિલ કુમાર કશું કહ્યા વિના પાછા જતા રહ્યા ને મંગળવારે સવારે પાછા શંકરાચાર્યની શિબિરે પહોંચી ગયા. એ વખતે પણ શિષ્યોએ નાટક કર્યું તો અનિલ કુમાર ગેટ પર નોટિસ ચોંટાડીને પાછા જતા રહ્યા. વહીવટીતંત્રે નોટિસમાં સવાલ પણ કરેલો કે, બદરીનાથની જ્યોતિષપીઠના શંકરાચાર્યના મુદ્દે સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે ત્યારે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ માઘ મેળાની શિબિરમાં પોતાના નામની આગળ શંકરાચાર્ય લખેલું બોર્ડ લગાવીને કેમ બેસી ગયા છે?

વહીવટીતંત્રે નોટિસ ચોંટાડી એટલે સ્વામી કોઈ નાટક કરી શકે તેમ નહોતા. તેમણે જખ મારીને જવાબ આપવો જ પડે એટલે ઈ-મેલ કરીને ૮ પાનાનો જવાબ ફટકાર્યો છે. સ્વામીજીએ દાવો કર્યો છે કે, પોતે જ બદરીનાથની જ્યોતિષપીઠના શંકરાચાર્ય છે તેથી વહીવટીતંત્ર નોટિસ પાછી ખેંચે. અવિમુક્તેશ્વરાનંદે ઈ-મેલથી મોકલેલા જવાબમાં નોટિસને મનસ્વી, દૂષિત અને ગેરબંધારણીય ગણાવી.છે.

સ્વામીજીએ દાવો કર્યો છે કે, સુપ્રીમ કોર્ટે પોતાને એટલે કે અવિમુક્તેશ્વરાનંદને શંકરાચાર્ય પદે રહેવાથી રોકવાનો આદેશ આપ્યો નથી. આ મુદ્દો કોર્ટમાં વિચારણા હેઠળ છે તેથી કોઈપણ ત્રીજા પક્ષને એટલે કે માઘ મેળાને ટિપ્પણી કરવાનો કે પોતાને શંકરાચાર્ય કહેવડાવતા રોકવાનો કોઈ અધિકાર નથી. સ્વામીજીએ તંત્રને નોટિસ પાછી ખેંચવાની ચેતવણી આપીને ધમકી આપી છે કે, નોટિસ પાછી નહીં ખેંચાય તો પોતે માનહાનિ અને કોર્ટના અવમાનના સહિતની કાનૂની કાર્યવાહી કરશે. તંત્રના વલણથી શંકરાચાર્યની ઈમેજ ખરાબ થઈ રહી છે તેથી આ બધી પ્રવૃત્તિ બંધ કરી દો.

સ્વામીજીની ચીમકીનો માઘ મેળાનું વહીવટીતંત્ર શું જવાબ આપે છે એ જોઈએ પણ આ તાયફા આઘાતજનક છે અને હિંદુ ધર્મમાં એક સમયે અતિ સન્માનનીય મનાતા શંકચારાર્યના પદનું કોઈ ગૌરવ જ નથી રહ્યું તેના પુરાવારૂપ છે. એક સમયે શંકરાચાર્યને હિંદુ ધર્મમાં પૂજનીય માનવામાં આવતા હતા અને લોકો તેમને આદર આપતા હતા. હવે શંકરચાર્યનો હોદ્દો હુંસાતુંસીનું અને ગંદા રાજકારણનું કેન્દ્ર બની ગયો છે. પહેલાં રાજકારણીઓ શંકરાચાર્યને નમસ્કાર કરતા પણ હવે રાજકારણીઓ શંકરાચાર્યના હોદ્દાને માન આપવાની વાત તો છોડો પણ તેમને ગણકારતા જ નથી. આ સ્થિતિ આવી તેમનું કારણ આ કહેવાતા સંતો જ છે. સ્વામી અવિમુક્તેશ્વરાનંદ પોતાને સંત ગણાવે છે પણ વાસ્તવમાં એ સંત તરીકે નથી વર્તી રહ્યા. સંત તરીકે તેમણે સત્તાની સાઠમારીથી દૂર રહેવાનું હોય પણ તેના બદલે તેમણે શંકરાચાર્યના હોદ્દાને રાજકારણનો અખાડો બનાવી દીધો છે.

અત્યારે માઘ મેળાનું વહીવટીતંત્ર સ્વામી અવિમુક્તેશ્વરાનંદને નથી ગણકારતું તેનું કારણ સ્વામીનીજીની કૉંગ્રેસ સાથેની નિકટતા છે. અવિમુક્તેશ્વરાનંદ સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીના શિષ્ય છે. સ્વરૂપાનંદ પણ કૉંગ્રેસ ભક્તિના કારણે બહુ વગોવાયા હતા.

શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીનું ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ ૯૯ વર્ષની વયે લાંબી બીમારી બાદ અવસાન થયું હતું. સ્વરૂપાનંદને સમાધિ અપાઈ એ પહેલાં સ્વામી સ્વરૂપાનંદની ઇચ્છાના આધારે તેમના અંગત સચિવ અને શિષ્ય સુબોધાનંદ મહારાજે તેમના અનુગામીઓના નામની જાહેરાત કરી હતી. આ જાહેરાત પ્રમાણે, જ્યોતિષ પીઠ બદ્રીનાથની ગાદી સ્વામી અવિમુક્તેશ્વરાનંદને અને દ્વારકા શારદા પીઠની ગાદી સ્વામી સદાનંદને સોંપવામાં આવી હતી.

જો કે સંન્યાસી અખાડાએ અવિમુક્તેશ્વરાનંદને શંકરાચાર્ય તરીકે સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. નિરંજની અખાડાના તત્કાલીન સચિવ અને અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ મહંત રવીન્દ્ર પુરીએ દાવો કર્યો હતો કે અવિમુક્તેશ્વરાનંદની નિમણૂક નિયમોની વિરુદ્ધ કરાઈ છે અને પરંપરાનું પાલન નથી કરાયું તેથી તેમને શંકરાચાર્ય તરીકે સ્વીકારી ના શકાય. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ અવિમુક્તેશ્વરાનંદનો શંકરાચાર્ય તરીકે પટ્ટાભિષેક થવાનો હતો પણ સંન્યાસી અખાડાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરતાં સમારોહ પર સ્ટે આવી ગયો ને ત્યારથી અવિમુક્તેશ્વરાનંદ લટકેલા છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે પણ અવિમુક્તેશ્વરાનંદને શંકરાચાર્ય બનાવવા સામે વાંધો લીધો છે તેથી સુપ્રીમ કોર્ટ ઝડપથી સુનાવણી નથી કરતી એવું કહેવાય છે.

ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર છે અને અવિમુક્તેશ્વરાનંદ કૉંગ્રેસ તરફી છે તેથી સરકારે તક ઝડપીને માઘ મેળામાં તેમને તેમની હૈસિયત બતાવી દેવા માટે સ્નાન ના કરવા દીધું. અવિમુક્તેશ્વરાનંદને અહેસાસ કરાવી દેવાયો કે, એ પોતે ગમે તેટલી કૂદાકૂદ કરે પણ તમને હજુ અમે શંકરાચાર્ય તરીકે સ્વીકાર્યા નથી તેથી હિંદુઓના મેળાઓમાં કે મોટા કાર્યક્રમોમાં કોઈ વિશેષ સરભરાની આશા ના રાખતા, બીજા સામાન્ય સાધુઓની જેમ આવવું હોય તો આવો, બાકી પાલખીમાં પધારવાના ને એ બધા ધખારા છોડી દો.

અવિમુક્તેશ્વરાનંદ ખરેખર સંત હોય તો તેમણે બધી લાલસા છોડીને શાંતિથી પોતાના આશ્રમમાં જતા રહેવું જોઈએ અને ધર્મના કામમાં લાગી જવું જોઈએ. સંત પાસે કરવા જેવાં ઘણાં કામ હોય છે ને શંકરાચાર્યનો હોદ્દો હોય તો જ કામ થઈ શકે એવું તો છે નહીં ? ધર્મની સેવા કરવા માટે કોઈ હોદ્દાની, પદની કે ઉપાધિની જરૂર નથી હોતી પણ હિંદુ ધર્મમાં કહેવાતા સંતોને ધર્મની સેવા કરવામાં નહીં પણ સત્તા ભોગવવામાં રસ છે તેની બધી મોંકાણ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર શિશિરઋતુ, ગુરુવાર, તા. ૨૨-૧-૨૦૨૬, વિનાયક ચતુર્થી

- ભારતીય દિનાંક ૨, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ-૪
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૪થો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર શતભિષા બપોરે ક. ૧૪-૨૬ સુધી, પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૯, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૦૫, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૦ (તા. ૨૩)
- ઓટઃ સવારે ક. ૦૮-૧૧, રાત્રે ક. ૧૯-૫૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માઘ શુક્લ - ચતુર્થી. વિનાયક ચતુર્થી, તિલકુંદ ચતુર્થી, શ્રી ગણેશ જયંતી, વરદ્ ચતુર્થી, પંચક, ભદ્રા બપોરે ક. ૧૪-૪૦ થી ૨૬-૨૮.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, વિશેષરૂપે ગણેશ પૂજન, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, વરુણદેવતાનું પૂજન, ગુરુ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, ગણપતિ મંદિરમાં ધજા-કળશ પતાકા ચઢાવવી, પાટ-અભિષેક પૂજા, બગીચાના કામકાજ, રત્નધારણ, વૃક્ષ વાવવા, નિત્ય થતાં પશુ લે-વેંચ, નોકરી વેપાર, દુકાનના કામકાજ, ધાન્ય વેંચવું.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ યુતિ વિરુદ્ધ જાતિથી સંભાળવું.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર માર્ગી બુધ-મકર (બુધ અસ્ત), વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત), માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# અલ્લાહનો આભાર ને'મતોમાં વધારો કરે ઈબાદત-બંદગી બેડો પાર કરે

**માનવમાત્રની** એ જન્મજાત ટેવ, ઈચ્છા, ફિત્રત રહેલી હોય છે કે રબ-રોજી રોજગારમાં બરકત આપે - વધારો કરે, તેનો વ્યવસાય સારી રીતે ચાલવા લાગે અને તેની ને'મતો (ઈશ્વરની દેણગી - કૃપા)માં બઢતી થવા પામેલ.

સુન્ની મુસલમાનો જેમને ચોથા ખલીફા (રાજ્યકર્તા) માને છે અને શીઆ મુસ્લિમો ૧લા ઈમામ (ઉમ્મત - પ્રજા, અનુયાયીઓની આગેવાની લેનાર, નેતૃત્વ સંભાળનાર) - તરીકે અનુસરે છે તે શેરેખુદા હઝરત (માનવંત) અલી સાહેબના એક ખુત્બા (ધાર્મિક પ્રવચન)ના કથન મુજબ 'અમલ (આચરણ) કર્યા વગરની દુઆ (પ્રાર્થના) એવી છે જાણે કે ધનુષ્ય વગર ફેંકેલું તીર!'

* કર્મ સારા કરતા હોઈએ અને રોજી-રોજગારમાં સૌભાગ્ય પ્રાપ્ત થાય તેવી દુઆ કરવી બહેતરીન (શ્રેષ્ઠ) ઈબાદત છે. પણ તેની સાથે સખત પરિશ્રમ કરવો - પ્રયત્ન કરવો પણ એટલો જ જરૂરી છે ઉપરાંત કેટલાક નેક-ભલાઈના કાર્યો એવા પણ છે કે જેને અંજામ આપવો - કરવાથી અલ્લાહ બંદા માટે રીઝક અર્થાત્ કમાણીના દરવાજા ખોલી નાખે છે અને સચ્ચાઈ પર ચાલનારા એ બંદાને એટલું બધું આપે છે કે તેને ગુમાન - અભિમાન પણ નથી આવતું. તે નકામા ખર્ચ પણ નથી કરતો. ધરતી પર ધીમે પગલે ચાલે છે અને રાહે ખુદા - રબ તઆલાના માર્ગમાં ખર્ચ કરે છે.

- અસનાદ (સદા સત્યનું આચરણ કરનાર) હુઝૂરે (માનવંત) અનવર (સલ.) ફરમાવે છે કે,

* દુઆ - તમારી પ્રાર્થનાને સ્વીકાર્ય બનાવવા માટે લોટમાં નમક નાખીએ એટલી નેકી પણ પૂરતી છે.

વ્હાલા વાચક બિરાદરો! ચાલો, આપણે રોજીની દુઆને રબની બારગાહમાં - તેના દરબારમાં સ્વીકાર્ય બનાવવા - બનાવતા કેટલાક કાર્યોનો અભ્યાસ કરી તેના અમલીકરણ - આચરણ વડે રબ પાસેથી વધારે રોજી - સૌભાગ્ય મેળવવાની અપેક્ષા રાખીએ:

૧. તમારા ઘરમાં કામ કરતા નોકર - ચાકરો દુકાન - કાર્યાલય કે તમારા વ્યવસાય સાથે સંકળાયેલા કાર્યકરો - સંપર્કમાં આવનાર અપરિણીત સ્ત્રી-પુરુષો પૈસાના અભાવે શાદી કરી શકવા અસમર્થ હોય તો તેમના લગ્ન કરાવી આપવા નિમિત્ત બની રહીએ, તેમનું ઘર વસાવી આપીએ. અલ્લાહ ઘણો જ ઉદાર અને તમામ બાબતોને જાણનાર છે. તે પ્રત્યેક પળથી વાકેફ - પરિચિત છે.

૨. રબ (પાલનહાર ઈશ્વર) પોતાની કિતાબ કુરાનમાં કહે છે કે-

'... જો તમે મારો આભાર માનતા રહેશો તો હું તમારી ને'મતો વધારી આપીશ અને જો તમે મારી ને'મતો - દેણગીની અવગણના કરશો તો મારો અઝાબ (સજા) ઘણો જ સખત છે...!'

૩. 'તમારા રબની સમક્ષ ઈસ્તિગફાર - ક્ષમાની યાચના કરેલા ગુનાઓની ફરી ન કરવાની બાહેધરી સાથે માફી માગો. બેશક તે ખૂબ જ માફ કરવાવાળો છે. દયાવાન છે.

* તે તમારા માટે આકાશ પરથી પુષ્કળ પાણી વરસાવશે અને
* માલ તથા ઔલાદથી પણ તમારી સહાય કરશે.

- હઝરત ઈમામ જાફર સાદિક રદિયતઆલા અન્હોએ ઉપરોક્ત આયતો સહાબી - સાથી સંગાથીઓને સમજાવતા કહ્યું કે, આ સહાય દુનિયામાં હશે.

૪. અલ્લાહ પાક કુરાનમાં ફરમાવે છે કે,

* અય આદમની ઔલાદ! તમે દરેક નમાઝના સમયે તમારો શણગાર કરતા રહો...!

- હઝરત ઈમામ સાદિક સાહેબે આ આયત (કથન, વાક્ય) સમજાવતા કહ્યું કે, આ આયતનો અર્થ એ બાબતથી છે કે, માથાના વાળ બરાબર ઓળવા. કારણ કે નમાઝ પહેલા વાળ ઓળવાથી વાળ સુંદર - આકર્ષક બને તો છે જ પણ રોજીમાં વધારો થાય છે. હાજતો - તમન્ના, ઈચ્છાઓ પૂરી થાય છે, વિર્ય વધે છે અને બલગમ -કફ દૂર થાય છે.

**પ્રેરણાસ્ત્રોતઃ**

પવિત્ર કુરાનમાં અલ્લાહતઆલા ફરમાવે છે,

- અય અબુઝર! જો માગવું હોય તો અલ્લાહતઆલા પાસે માગો, અને જો તવંગર બનવા ચાહો તો અલ્લાહતઆલા થકી જ બનો.

**જીવનનું ધ્યેય**

ઈન્સાન જે જીવન જીવી રહ્યો છે તેની પાછળ કોઈને કોઈ ધ્યેય હોય છે. નિયમ વગરનું કોઈપણ કાર્ય હોવું જોઈએ નહીં; હોતું નથી.

- અને જ્યારે વર્તમાન યુગના ઈન્સાનનું જીવન હેતુહિન હોતું નથી ત્યારે શું આપણે આખુંય જીવન કશા ધ્યેય - હેતુ વગર વિતાવવું એ યોગ્ય કહેવાય ખરું?

- અક્કલ કહે છે કે નિયમ વગરનું કાર્ય હોતું નથી અને હોવું પણ જોઈએ નહીં. હેતુ વિહોણું હોવું મુર્ખતા છે.

- આ બોધને ગ્રહણ કર્યા પછી બીજો એક પ્રશ્ન એ ઉઠે છે કે દરેક ઈન્સાનના જીવનનું ધ્યેય એક જ હોવું જોએ કે જુદું જુદું?

- એક હેતુ માટે સર્વએ જીવન વિતાવવું જોઈએ કે જુદા જુદા હેતુ માટે? જો જુદા જુદા હેતુ માટે જીવન જીવવામાં આવે, તો આ વાત ચોક્કસ છે ઈન્સાનોમાં અંદરો અંદર ઝઘડા - ફિત્ના ફસાદ થવાના અને તેઓ કોઈપણ દિવસ એક જગ્યાએ એકઠા થઈ શકશે નહીં.

- ઉદાહરણરૂપે એક શખસે ચોરી કર, તેનાથી મળતા નાણાં પર જીવવાનું શરૂ કર્યું અને એકબીજા માણસે પ્રામાણિક રીતે જીવન નિભાવવા માંડ્યું, હવે વિચારો, આ બંને સમય વચ્ચે ઐક્યતા કેવી રીતે થવાની? આ બંને કેવી રીતે એક જગાએ સાથે મળી શકશે?

- એકબીજાના જીવનના હેતુ અલગ અલગ હોઈ, બંને વચ્ચે જરૂર રોષ અને ધિક્કાર ફેલાશે અને પરિણામે ફિત્નો અર્થાત્ પાપ - અપરાધ, લડાઈ - ઝઘડો અને વિદ્રોહ જન્મશે.

- હવે સિક્કાની બીજી બાજુનું વિચારીએ કે જગતના સૌ ઈન્સાનો એક નિયમ - હેતુ અપનાવી લે અને પછી જીવન જીવવાની શરૂઆત કરે, તો આ જગત કેવું સ્વર્ગ બની જાય! આજે જે ડર - ભય જોવામાં આવે છે તે ભિન્ન ભિન્ન હેતુઓના લીધે જ છે. સર્વે જો એક જ હેતુ માટે જીવન જીવવાનું નક્કી કરે અન પછી તે પ્રમાણે જીવે તો જોતજોતામાં ચોતરફ શાંતિ - શુકુન - શુભેચ્છાનું વાતાવરણ છવાઈ જાય.

- હવે એક ત્રીજો પ્રશ્ન ઉદ્ભવે છે કે આ હેતુ મુકર્રર - નક્કી કોણ કરે?

- શું આ એવા લોકોના હાથમાં સોંપી દેવામાં આવે કે જે સર્વ માનવોના જીવનનો ધ્યેય નક્કી કરે? માનવજાત કદી કોઈ એક વાતમાં સર્વ સંમત થયા હોય એવો એક પણ દાખલો આજ સુધી ઈતિહાસના પાને નોંધાયો નથી, અને આ સ્થિતિ રહી તો માનવ જીવનનો સર્વનાશ નિશ્ચિત છે.

- ધર્મે જેને 'અશ્રફૂલ મખ્લુકાત' - સર્વ જીવોમાં શ્રેષ્ઠ જીવ આપ્યો છે તે મનુષ્ય જાત જીવન આપનારને પૂછે કે આ જીવનનો ધ્યેય શું છે? તું ક્યા હેતુ માટે આ ધરતી પર અમને પેદા કર્યા? અમને મોકલ્યા?

- ઈન્સાનનો સર્જક પોતાના પવિત્ર કિતાબ કુરાન કરીમમાં કહી રહ્યો છે કે - 'વમા ખલકતુલ જિન્ન વલ્ ઈન્સ ઈલ્લાલે યઅબોદુન'

- અરબસ્તાનની મૂળ ભાષા અરબી છે અને આ આયતે કરીમા (ઈશ્વરીય વાક્ય) અસનાદ (સત્યવાદી) હુઝુર (માનવંત) અનવર (જવલંત પ્રકાશ) મોહમ્મદ પયગંબર (સંદેશવાહક) પર આકાશવાણી દ્વારા ઊતરી તેમાં જે કહ્યું તેનો સરળ ગુજરાતીમાં ભાવાર્થ થાય છે કે - 'નથી પયદા કર્યા મેં જિન્નાત અને ઈન્સાનને પણ એટલા માટે કે તે મારી ઈબાદત (ફરમાંબરદારી - હુકમનું પાલન) કરે.'

- અહીં ઈબાદતનો એટલો મોટો - વિશાળ અર્થ થાય છે કે, જેમાં ઈન્સાનના જન્મથી મરણ સુધી તેણે કરવાના કાર્યોનો સમાવેશ થઈ જાય છે.

- ઈન્સાનના જીવનનો ધ્યેય - મકસદ - હેતુ આજ છે અને તે જીવન આપનારે જ આપ્યું છે.

- આ એક એવું સંપૂર્ણ ધ્યેય છે કે જેમાં જીવનની તમામ બાબતો આવી જાય છે અને તેનું વિસ્તારપૂર્વક વર્ણન ઘણીવાર થઈ ચૂક્યું છે. આ કોલમના વાચક મિત્રો એક વિદિત છે.

**બોધઃ**

* જગતના સર્વ પ્રથમ ઈન્સાન હઝરત આદમનું પણ જીવનનું ધ્યેય આજ હતું અને કયામત (મૃત્યુલોક - ન્યાયનો દિવસ - આખરી નિર્ણય) સુધીના ઈન્સાનના જીવનનું આજ ધ્યેય રહેશે.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

કોઈ માણસ પોતાના મનમાં ગમે તેટલી કોઈ વાત છુપી રાખે પરંતુ તેના બોલવા પરથી અથવા ચહેરા પરથી તેની ખચીત ખબર પડી જાય છે. મીંઢો - ખુદગર્જ માણસ સંતાનો અને પત્ની સુધ્ધાંનો હોતો નથી. ■

## પહેલા પાનાનું ચાલુ

### ગ્રીનલૅન્ડ લઈશ

કરે, પરંતુ ગ્રીનલૅન્ડના કબજા માટે યુરોપની સાથે 'લડાઇ' ચાલુ રાખશે. તેમણે એક કલાક કરતાં વધુ સમયના પ્રવચનમાં પોતાના જ વખાણ કર્યા હતા અને જણાવ્યું હતું કે મેં અમેરિકાને વધુ મહાન અને શક્તિશાળી રાષ્ટ્ર બનાવ્યું છે. વૉશિંગ્ટન ડીસી હવે વધુ સુંદર અને સ્વચ્છ બની ગયું છે. મારી સરકારે ગેરકાયદે વસાહતીઓને મદદ કરવાનું બંધ કર્યું છે અને તેઓનો દેશનિકાલ કરાય છે. અમે ગુનાખોરીમાં ઘણો ઘટાડો કર્યો છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે હું યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીને ફરી મળવાનો છું. પુતિન પણ અંદાજે ચાર વર્ષથી ચાલતા યુદ્ધનો અંત ઇચ્છે છે.

તેમણે જણાવ્યું હતું કે મેં ફ્રાંસના પ્રમુખ ઇમેન્યુલ મેક્રોનને પણ ઔષધોના ભાવને મુદ્દે ટૅરિફ વધારવાની ધમકી આપી હતી. ફ્રાંસમાં જે દવા ૧૦ ડૉલરની વેચાય છે, તે અમેરિકામાં ૧૩૦ ડૉલરમાં વેચે છે. મેં ફ્રાંસથી આયાત કરાતા દારૂ (વાઇન અને શૅમ્પેન) પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી આપી કે તુરત ફ્રાંસના પ્રમુખ મને આવું નહિ કરવા વિનંતિ કરવા લાગ્યા હતા.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે મને બધા દેશને 'સીધા' કરવામાં દેશ દીઠ માત્ર ત્રણ મિનિટ જ લાગે છે. મારા જેવું આ કામ અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખો છેલ્લાં ૩૦ વર્ષથી કરી નહોતા શક્યા. હું 'નાટો'નો આકરો ટીકાકાર છું. હું અમેરિકા પરના ગ્રીનલૅન્ડના સૂચિત કબજા અંગે ચર્ચા કરવા તૈયાર છું, પરંતુ અમેરિકાને જો ગ્રીનલૅન્ડ નહિ સોંપાય તો તે આ વાત જરૂર યાદ રાખશે. ટ્રમ્પ પોતાના દ્વારા જ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવાયો હોવાનો દાવો અનેક વાર કરી ચૂક્યા છે. (એજન્સી) ■

### તો ઈરાનને

નહીં, પરંતુ અમે તેમનું જગત ભડકે બાળી દઈશું. અગાઉ ટ્રમ્પે એક મુલાકાતમાં ખામેનીને 'બીમાર માણસ' ગણાવ્યા હતા અને શાસન પલટવાનો ખુલ્લેઆમ અનરોધ કર્યો હતો. ■

### મનસેનું

જેવી હાલત મુંબઈ મનપામાં ભાજપની છે એવી જ હાલત કલ્યાણ-ડોંબિવલીમાં શિવસેનાની છે. શિંદે-સેના પાસે ૫૩ નગરસેવક છે અને તેમને સત્તા હાંસલ કરવા માટે નવ નગરસેવકોની આવશ્યકતા છે અને ભાજપ પાસે પચાસ નગરસેવક છે, પરંતુ આને માટે ભાજપને પાલિકામાં મહત્ત્વના પદ આપવા પડે એવી શક્યતા છે. મનસે પાસે પાલિકામાં પાંચ નગરસેવકો છે. આમ તો મનસે દ્વારા ટેકો આપવાથી શિંદે-સેનાને બહુમત મળવાનો નથી, પરંતુ તેમના પરનું દબાણ ઓછું થઈ જશે અને ભાજપનો બાર્ગેનિંગ પાવર ઘટી જશે. બીજી તરફ, બે દિવસથી ઉદ્ધવ-સેનાના કેટલાક નગરસેવકો નોટ-રિચેબલ હોવાથી એવી શંકા વ્યક્ત થઈ રહી છે કે ઉદ્ધવ-સેનામાં ફાડ પાડીને શિંદે-સેના મેયરપદ કબજે કરવાની યોજના ઘડી રહી છે. આવી સ્થિતિમાં ભાજપ સત્તાબહાર રહી શકે છે. જો શિંદે સેના ૬૦ નગરસેવકોનું સમર્થન મેળવી લે તો તેમને કૉંગ્રેસ પોતાના બે નગરસેવકોનું સમર્થન બહારથી આપી શકે અને આમ ભાજપને વિપક્ષમાં બેસવાનો વારો આવી શકે છે. આ બધી હિલચાલથી ઉદ્ધવને પોતાની પાર્ટીમાં ભંગાણ પડવાનો ડર લાગી રહ્યો છે. આમ એક ઘામાં બે નિશાન પાડ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. ■

### ઇટરનલના સીઇઓ

હતું કે માનનીય શૅરહોલ્ડર્સ, આજે, હું આ ગ્રૂપની સીઇઓનો હોદ્દો છોડી રહ્યો છું. હું તેના માટે તમારી મંજૂરી માગી રહ્યો છું. સીઇઓ તરીકે રાજીનામું આપ્યા બાદ પણ ડિરેક્ટર્સના બોર્ડમાં ઉપપ્રમુખ તરીકે ચાલુ રહીશ. (એજન્સી) ■

### બાંગ્લાદેશે

આવશે. આઇસીસીએ આખરી નિર્ણય લેવા માટે બીસીબીને વધુ એક દિવસનો સમય આપ્યો છે. જો બીસીબી પોતાના ખેલાડીઓને ભારત ન મોકલવાના નિર્ણયને વળગી રહેશે તો ટીમ રૅન્કિંગ મુજબ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશના સ્થાને સ્કૉટલૅન્ડને રમવા બોલાવવામાં આવશે.

આઇસીસીએ ગઈ કાલે વીડિયો કૉન્ફરન્સ દ્વારા મીટિંગ યોજી હતી. આઇસીસીના ૧૫ મેમ્બર રાષ્ટ્રોના ડિરેક્ટર્સમાંથી એકમાત્ર પાકિસ્તાને બાંગ્લાદેશની તરફેણમાં મત આપ્યો હતો. એકંદરે બાંગ્લાદેશ સહિત ૧૬ રાષ્ટ્રએ વોટિંગ કર્યું હતું અને ૧૪-૨ના રેશિયો સાથે બાંગ્લાદેશની વિનંતી ફગાવી દેવામાં આવી હતી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે બાંગ્લાદેશના અભિગમને ટેકો આપ્યો એને પગલે આઇસીસીએ વોટિંગ યોજ્યું હતું.

આઇસીસીએ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને આદેશ આપી દીધો છે કે એ પોતાની સરકારને જણાવી દે કે જો બાંગ્લાદેશ પોતાના ક્રિકેટરોને ફેબ્રુઆરીના આગામી ટી-૨૦ વર્લ્ડ કપની લીગ મૅચો માટે ભારત નહીં મોકલે તો આ ટૂર્નામેન્ટમાં બાંગ્લાદેશના સ્થાને અન્ય કોઈ ટીમને (સ્કૉટલૅન્ડને) આ વર્લ્ડ કપમાં રમવાનો મોકો અપાશે અને બાંગ્લાદેશની ટીમ બહાર થઈ જશે. સ્કૉટલૅન્ડ આ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય નહોતું થઈ શક્યું, પરંતુ હવે બાંગ્લાદેશ ટસનું મસ નહીં થાય તો સ્કૉટલૅન્ડનો વર્લ્ડ કપની ટીમોમાં સમાવેશ કરી દેવામાં આવશે. ■

### ગેરકાયદે

હતી કે છૂટાછવાયા સ્થળોએ ગેરકાયદે ખાણકામ થઈ રહ્યું છે, અને બેન્ચે રાજસ્થાન સરકાર વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કે એમ નટરાજની રેકોર્ડ પર ખાતરી લીધી હતી કે આવી કોઈ પણ અનધિકૃત ખાણકામ થશે નહીં. અરવલ્લી પર્વતમાળાઓની વ્યાખ્યા અંગેના વિવાદ વચ્ચે, સર્વોચ્ચ અદાલતે અરવલ્લી પર્વતમાળાઓ, પર્વતમાળાઓ અને આનુષંગિક મુદ્દાઓની વ્યાખ્યામાં નોંધ લીધી હતી. ■

### અમદાવાદમાં

સૂચના આપવામાં આવી હતી. મનપાનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, સાબરમતી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે સ્પોર્ટ્સ સંકુલ ડેવલપમેન્ટના બીજા તબક્કાની કામગીરી કરવામાં આવશે. આ માટે ગેરકાયદે બાંધકામો તોડવા પશ્ચિમ ઝોન દ્વારા નોટિસો આપવામાં આવી હતી. ■

### ભડકેલા ઈયુએ

બનાવી છે, જે જુલાઈ ૨૦૨૫માં થયેલા કરારની શરતોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આ સિવાય ડોનાલ્ડ ટ્રમ્પ આર્કટિક ક્ષેત્રમાં આવેલા ગ્રીનલેન્ડને અમેરિકાનો ભાગ બનાવવા માટે સતત દબાણ કરી રહ્યા છે, જેનો યુરોપિયન નેતાઓ વિરોધ કરી રહ્યા છે. જેથી યુરોપિયન સંસદે અમેરિકા સાથે કરવામા આવેલી ટ્રેડ ડીલ સસ્પેન્ડ કરી દીધી છે. યુરોપિયન સંસદના સભ્ય અને ટ્રેડ સંબંધો પરની સમિતિના અધ્યક્ષ બર્ન્ડ લેંગેએ પોતાના એક નિવેદનમાં જણાવ્યું હતું કે, દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ દરમ્યાન ટ્રમ્પના સંબોધનથી સ્પષ્ટ થાય છે કે તેઓ હજુ પણ ગ્રીનલેન્ડ મુદ્દે મક્કમ છે. ■

### પાલખી સ્નાન

પોતે જ મર્યાદાનો ભંગ કર્યો છે. બીજી તરફ, પુરીના ગોવર્ધન મઠના શંકરાચાર્ય સ્વામી નિશ્ચલાનંદ સરસ્વતીએ આ મુદ્દે મિશ્ર પ્રતિસાદ આપ્યો હતો. તેમણે સ્વામી અવિમુક્તેશ્વરાનંદને પોતાના લાડલા ગણાવીને તેમના પ્રત્યે સ્નેહ વ્યક્ત કર્યો હતો, પરંતુ કાયદાકીય અને શાસ્ત્રીય પાસાઓ પર સીધી ટિપ્પણી કરવાનું ટાળ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમનો નિર્ણય સર્વોચ્ચ અદાલત સુધી માન્ય રહે છે, પરંતુ આ મામલો હજુ સુધી સત્તાવાર રીતે તેમની સમક્ષ આવ્યો ન હોવાથી તેઓ અત્યારે કોઈ અંતિમ અભિપ્રાય આપી શકે નહીં. આમ, માઘ મેળામાં શંકરાચાર્ય પદની ગરિમા અને પરંપરાઓને લઈને સંતો અને વહીવટી તંત્ર વચ્ચે ખેંચતાણ ચાલુ છે. ■

# આજે ગુજરાતમાં તમામ કતલખાના બંધ રહેશે

## શ્રી રામમંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવને બે વર્ષ પૂર્ણ થતા સરકારનો પરિપત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરમાં આવેલા તમામ કતલખાનાને આવતીકાલે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બંધ રાખવાનો મહત્ત્વનો વહીવટી નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગે ગુજરાત રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે ગાંધીનગર સચિવાલયમાંથી એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ઉલ્લેખ કરાયો છે કે, આવતીકાલે અયોધ્યા ધામ ખાતે શ્રી રામમંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવને બે વર્ષ પૂર્ણ થવાના છે, જે નિમિતે રાજ્યભરના તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં આવેલા કતલખાના બંધ રાખવા આવે તેવો સત્તાવાર અનુરોધ કર્યો હતો. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સંયુક્ત સચિવના પરિપત્રમાં રાજ્યની તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરો તેમ જ મ્યુનિસિપાલિટીઝ એડ્‌મિનિસ્ટ્રેશનના કમિશનરને આ બાબતને લગતી તમામ જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આવતીકાલે ૨૨ જાન્યુઆરીના રોજ શ્રી રામમંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવને બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે રાજ્યભરમાં ધાર્મિક અને સાંસ્કૃતિક સંવેદનશીલતા જળવાઈ રહે તે હેતુસર આ અનુરોધ કરવામાં આવ્યો છે. સરકારના પરિપત્ર અનુસાર, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓએ પોતાના વિસ્તારમાં આવેલા કતલખાના આ દિવસે બંધ રહે તે માટે પૂર્વ તૈયારી કરવી પડશે. કતલખાના સંચાલકોને અગાઉથી જાણ કરી દેવા તેમ જ કોઈ પણ પ્રકારની ગેરસમજ અથવા કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ઊભી ન થાય તે માટે જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. આ નિર્ણય અમલમાં મૂકવા માટે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને વહીવટી સ્તરે સંકલન સાધવા પણ કહેવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ અયોધ્યા ધામ ખાતે શ્રી રામમંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા વિધિ યોજાઈ હતી, જેને બે વર્ષ પૂર્ણ થવાના નિમિત્તે દેશના અનેક રાજ્યોમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાવાની સંભાવના છે, જેથી લોકોમાં ભાઈચારો વધે તેમ જ સહિષ્ણુતા વધે અને હિન્દુઓની લાગણી દુભાઈ નહીં તે હેતુ સાથે આ પ્રકારનો પરિપત્ર કરીને કતલખાના બંધ રાખવા માટેના નિર્દેશ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# પાટીદારોની સંસ્થા ખોડલધામના અધ્યક્ષા બન્યાં આનંદીબહેનના દીકરી અનાર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લેઉવા પાટીદારોની સર્વોચ્ચ સંસ્થા ખોડલધામ ખાતે એક મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે, જેની સમગ્ર રાજ્યના રાજકારણમાં ચર્ચા ચાલી રહી છે. ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલના પુત્રી અનાર પટેલને ખોડલધામ સંગઠનના 'અધ્યક્ષ' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. 'કન્વીનર મીટ ૨૦૨૬' માં નરેશ પટેલે ''આજે ખોડલધામમાં દિવાળી છે'' તેમ કહીને અનાર પટેલના નામની ઘોષણા કરતા રાજકીય અને સામાજિક ગલિયારાઓમાં ભારે ચર્ચા જાગી છે.

ઉત્તર પ્રદેશનાં વર્તમાન રાજ્યપાલ અને ગુજરાતનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલનાં દીકરી અનાર પટેલને એક મોટી જવાબદારી સોંપવામાં આવી છે.

લેઉવા પાટીદારોની મોટી સંસ્થા ખોડલધામ સંગઠનના અધ્યક્ષ તરીકે ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલના દીકરી અનાર પટેલનું નામ જાહેર કરવામાં આવ્યું છે. બુધવારે યોજાયેલા કન્વીનર મીટ ૨૦૨૬માં ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

આ અવસરે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલે સંબોધન કરતા જણાવ્યું હતું કે, ''આજે ખોડલધામમાં દિવાળી જેવો માહોલ છે. મારે આજે પ્રોટોકોલ તોડીને એક અત્યંત મહત્ત્વની જાહેરાત કરવી પડે તેમ છે, અને આ જાહેરાત બાદ જ બીજી જાહેરાત થઈ શકે તેમ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, હું જે નામ તમારી સમક્ષ રજૂ કરી રહ્યો છું, તે નામ માત્ર પાટીદાર સમાજને જ નહીં પણ સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવશે, તેમાં મને જરાય શંકા નથી.

નોંધનીય છે કે, અનાર પટેલને આ પૂર્વે લેઉવા પાટીદારોની સર્વોચ્ચ ધાર્મિક સંસ્થા ખોડલધામના ટ્રસ્ટી તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી, પરંતુ હવે તેમના કદમાં વધારો કરીને તેમને ખોડલધામ સંગઠનના 'અધ્યક્ષ' તરીકેનું મહત્ત્વનું પદ સોંપાયું છે. આ જાહેરાત સમયે મંચ પર સામાજિક એકતાના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા, જેમાં અનાર પટેલની સાથે અમરેલીના કોંગ્રેસ નેતા જેની ઠુમ્મર અને જેતપુરના પૂર્વ ધારાસભ્ય જશુમતિબેન કોરાટ એક જ હરોળમાં બેઠેલા નજરે પડ્યા હતા. ■

# સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-ટૂમાં ₹૮000 કરોડનું કૌભાંડ, મફત મળેલી જમીન ટ્રસ્ટે કરોડોમાં વેચી મારી?

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરમતી રિવરફ્રન્ટ શહેરની ઓળખ સમાન છે. જો કે હવે આ પ્રોજેક્ટ વિવાદમાં આવ્યો છે. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટના બીજા તબક્કામાં કરોડો રૂપિયાની સરકારી જમીનની હેરાફેરીનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. આ કૌભાંડમાં ધાર્મિક ટ્રસ્ટ, ઉચ્ચ અધિકારીઓ અને ખાનગી બિલ્ડરોની મિલીભગત હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. ભાજપના જ કેટલાક નેતાઓએ આ મામલે વિરોધ નોંધાવતા રાજકીય વર્તુળોમાં પણ ખળભળાટ મચી ગયો છે.

મળતી માહિતી મુજબ, સાબરમતી નદીના પટમાં આવેલી અંદાજે ₹૮,૦૦૦ કરોડની કિંમતની જમીન કોટેશ્વર મંદિર ટ્રસ્ટને સામાજિક કે ધાર્મિક હેતુ માટે મફતમાં ફાળવવામાં આવી હતી. જોકે, આશ્ચર્યજનક રીતે આ ટ્રસ્ટે નિયમોનું ઉલ્લંઘન કરીને આ કિંમતી જમીન માત્ર ₹૪ કરોડમાં 'મનોરમ્ય રિસોર્ટ પ્રાઈવેટ લિમિટેડ'ને વેચી મારી હોવાનો આરોપ છે.

આ સમગ્ર ખેલમાં ત્રણ મુખ્ય કડીઓ બહાર આવી રહી છે. જે મુજબ કોટેશ્વર ટ્રસ્ટઃ જેને મફતમાં જમીન મળી હતી. બીજા નંબરે સિનિયર અધિકારીઓઃ જેમણે નદીના પટમાં નિયમ વિરુદ્ધ જઈને નવો 'સરવે નંબર' પાડી આપ્યો હતો. ત્રીજા ક્રમે મનોરમ્ય રિસોર્ટ પ્રાઈવેટ લિમિટેડઃ જેણે નજીવી કિંમતે આ પ્રીમિયમ જમીન ખરીદી લીધી હતી.

સામાન્ય રીતે નદીના પટમાં બાંધકામ કે જમીનના નવા સરવે નંબર પાડવા પર કડક પ્રતિબંધ હોય છે. તેમ છતાં, ઉચ્ચ સ્તરેથી વગ વાપરીને રિવરફ્રન્ટની આ જમીનનો સરવે નંબર પાડી દેવામાં આવ્યો. આ પ્રક્રિયામાં વિકાસના નામે ખાનગી હિતોને ફાયદો પહોંચાડવામાં આવ્યો હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

આ મામલે ખુદ સત્તાધારી પક્ષ ભાજપના જ કેટલાક સંનિષ્ઠ નેતાઓએ વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અમદાવાદની શાન છે, પરંતુ તેમાં આ પ્રકારની 'ગોલમાલ' પ્રોજેક્ટની વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ ચિન્હ મૂકે છે. આ વિવાદ અને કાયદાકીય ગૂંચવણોને કારણે વર્ષ ૨૦૨૧થી રિવરફ્રન્ટનું કામ બંધ હાલતમાં છે. કરોડોના ખર્ચે બનનારા આ પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારની ઉધઈ લાગતા હવે આ મામલો ઉચ્ચ સ્તરીય તપાસ સુધી પહોંચે તેવી શક્યતા છે.

સૂત્રોએ વધમાં જણાવ્યું હતું કે, અમે અગાઉ કલેકટર સહિત અનેક ઓફિસોમાં રજૂઆત કરી છે. આજે પણ કેસ પ્રાંત અધિકારી સમક્ષ પડ્યો છે. વિજિલન્સ કચેરી અને તકેદારી આયોગમાં પણ રજૂઆત કરી છે. આ સરકારી જગ્યા છે, જ્યાં પાણીનું વહેણ છે એટલે ત્યાં સરવે નંબર પડે જ નહીં. પણ અધિકારીઓ દ્વારા ખોટા રેકોર્ડ ઊભા કરીને સરવે નંબર પાડવામાં આવ્યો છે. ■

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનું કામ વડોદરા-ગોધરા પટ્ટા પર ફરી અટક્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વેનું બાંધકામ એક યા બીજા કારણે અવરોધાતું રહે છે. એક્સપ્રેસ-વેના વડોદરા-ગોધરા પટ્ટાનું કામ તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયું હતું. આ પટ્ટો આખો કાર્યરત થવા માટે તૈયાર છે, પરંતુ હાઇ-ટેન્શન વીજળી ટ્રાન્સમિશન લાઇનોને લીધે એક ભાગનું કામ અટક્યું છે.

મળતી માહિતી અનુસાર વડોદરા નેશનલ એક્લપ્રેસ-વે-૧ ઇન્ટરચેન્જથી ગોધરા ઇન્ટરચેન્જ સુધીના પેકેજ નંબર ૨૯ થી ૩૧, સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયા છે, પેકેજ ૩૧માં આશરે ૨૦૦ મીટરના નાના ભાગ રહી ગયો છે, કારણ કે અહીં હાઇ-ટેન્શન પાવર લાઇનોનું કામ હજુ સુધી થયું નથી.

એકવાર આ સમસ્યાનો ઉકેલ આવી જાય, પછી સમગ્ર વડોદરા-ગોધરા વિભાગને સત્તાવાર રીતે ટ્રાફિક માટે ખુલ્લો મૂકી શકાય છે. જોકે, ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટ્રેકિંગ બ્લોગ્સના અહેવાલો સૂચવે છે કે બાકી રહેલા ભાગ પર કામ ઘણા મહિનાઓથી આગળ વધ્યું નથી, જેના કારણે ચોક્કસ પૂર્ણતા સમયમર્યાદા સૂચવવી મુશ્કેલ બની ગઈ છે.

એકવાર આ સમસ્યાનો ઉકેલ આવી જાય, ત્યારબાદ વડોદરા-ગોધરા પટ્ટાને સત્તાવાર રીતે ટ્રાફિક માટે ખુલ્લો મૂકી શકાય તેમ છે, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર આ નાનકડું કામ ઘણા વખતથી થયું નથી અને આ અવરોધ દૂર ક્યારે થશે તે અંગે કોઈ માહિતી નથી.

મુખ્ય અવરોધ પેકેજ ૩૧માં છે. દિલ્હી-વડોદરા પટ્ટાનો આ અંતિમ ભાગ છે. આ પટ્ટ પ્રતાપનગરથી અમદાવાદ-વડોદરા નેશનલ એક્સપ્રેસ-વે ઈન્ટરચેન્જ સુધીનો છે, જે સો ટકા પૂરો થઈ ગયો છે.

જ્યારે બિટ્યુમેન સરફેસિંગ, લેન માર્કિંગ, ક્રેશ બેરિયર્સ, સાઇનેજ, પ્લાન્ટેશન અને ઇન્ટરચેન્જ રેમ્પ સહિતના મોટાભાગના સિવિલ કામ પૂરા થઈ ગયા છે, ત્યારે એક જ સ્થળે હાઇ-ટેન્શન વીજળી લાઇનોનું સ્થળાંતર ન થતાં વિલંબ થઈ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# રાજ્યની જિલ્લા-તાલુકા પંચાયતોની પડતર જમીનો પર બનશે શોપિંગ સેન્ટર, પાર્કિંગ સુવિધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યની જિલ્લા તથા તાલુકા પંચાયતોને આર્થિક રીતે વધુ સશક્ત અને આત્મનિર્ભર બનાવવા માટે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. સરકારના પંચાયત વિભાગ દ્વારા પંચાયત હસ્તકની પડતર જમીન, બિનવપરાશી મકાનો અને લાંબા સમયથી ઉપયોગ વિના પડેલી મિલકતોના સદુપયોગથી આવક ઊભી કરવાની દિશામાં સરકાર દ્વારા વિશેષ અભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે. આ સંદર્ભે રાજ્યભરના તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ (ડીડીઓ) અને તાલુકા વિકાસ અધિકારીઓ (ટીડીઓ) પાસે આવી મિલકતોની સંપૂર્ણ વિગતો તાત્કાલિક ધોરણે મંગાવવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ અનેક તાલુકા અને જિલ્લા પંચાયતો પાસે એવી કિંમતી જમીનો છે, જે વર્ષોથી નિષ્ક્રિય હાલતમાં પડી છે. ક્યાંક જૂનાં મકાનો જર્જરિત બન્યાં છે તો ક્યાંક મોકાની જગ્યાઓ દબાણનો ભોગ બની રહી છે. આવી મિલકતોમાંથી પંચાયતોને કોઈ આવક મળતી નથી, ઉપરથી તેની જાળવણી પાછળ ખર્ચ થતો રહે છે. આ સ્થિતિ બદલવા માટે સરકાર હવે લોકભાગીદારી અને જાહેરખાનગી ભાગીદારી (PPP) મોડલ અપનાવવા તરફ આગળ વધી રહી છે.

યોજનાના ભાગરૂપે પડતર જગ્યાઓ પર શોપિંગ સેન્ટર, કોમર્શિયલ કોમ્પલેક્સ, પાર્કિંગ સુવિધા કે અન્ય આવકદાયક પ્રોજેક્ટ વિકસાવવાની સંભાવનાઓ ચકાસવામાં આવશે. જો આ પ્રોજેક્ટો અમલમાં આવે તો પંચાયતોને ભાડા સ્વરૂપે સ્થિર આવક મળશે અને સ્થાનિક રોજગારી તથા જાહેર સુવિધાઓમાં પણ વધારો થશે. આ સાથે જ ચૂંટાયેલી પાંખ એટલે કે જિલ્લાતાલુકા પંચાયતના પદાધિકારીઓ સાથે સંવાદ સાધીને તેઓ PPP મોડલ માટે તૈયાર છે કે નહીં તેનો અભિપ્રાય પણ માંગવામાં આવ્યો છે. સરકારનું માનવું છે કે પંચાયતોની પોતાની આવક વધશે તો વિકાસકામો માટે રાજ્ય પર નિર્ભરતા ઘટશે અને ગ્રામ્ય વિસ્તારમાં ગુણવત્તાયુક્ત સેવાઓ ઝડપથી મળી શકશે.

ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદે પણ આ બાબતે સરકારનું ધ્યાન દોર્યું હતું કે સ્વભંડોળની ઓછી ઉપલબ્ધિના કારણે ઘણી પંચાયતોને રોજિંદા વહીવટમાં મુશ્કેલી પડે છે. નવી આવકના સ્રોત ઊભા થાય તો પાણી, સફાઈ, રસ્તા અને સ્ટ્રીટલાઈટ જેવી મૂળભૂત સેવાઓ વધુ અસરકારક રીતે પૂરી પાડી શકાય.

આ અંગે અધિકારીઓએ જણાવ્યું હતું કે, પ્રાથમિક સર્વે બાદ દરેક જિલ્લાના સંભવિત પ્રોજેક્ટોની અલગ યાદી તૈયાર કરવામાં આવશે. જ્યાં દબાણની સમસ્યા છે ત્યાં કાયદેસર કાર્યવાહી કરીને જમીન મુક્ત કરાવાશે. ત્યારબાદ પારદર્શક ટેન્ડર પ્રક્રિયા મારફતે ખાનગી રોકાણકારોને જોડવાની યોજના છે. ■

# બગદાણામાં નવનીત બાલધિયા પર હુમલાના કેસમાં માયાભાઈના પુત્ર જયરાજ આહિરને સિટનું સમન્સ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બગદાણાના સરપંચ એવા કોળી યુવાન નવનીત બાલધિયા પર થયેલા હુમલાના કેસમાં નવો વળાંક આવ્યો હતો. આ કેસમાં પીડિતના આક્ષેપ વચ્ચે હુમલાની તપાસ માટે બનેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે માયાભાઈ આહિરના પુત્ર જયરાજ આહિરને સમન્સ પાઠવ્યું હતું. સમન્સ પ્રમાણે જયરાજ આહિરે આજ એટલે કે ૨૧મી જાન્યુઆરીના સાંજના પાંચ વાગ્યા સુધીમાં સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (સિટ) સમક્ષ હાજર થવું પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પહેલા સિટએ ફરિયાદી નવનીત બાલધિયાને પણ પૂછપરછ માટે બોલાવ્યા હતા. આ કેસની પ્રાથમિક તપાસ કરનારા બે પીઆઈને પણ સિટએ પૂછપરછ માટે બોલાવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, બગદાણા પંથકમાં નવનીત બાલધિયા પર મારામારીનો બનાવ બન્યો હતો, જે બાબતે બગદાણા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, એક કાર લઈને સાત-આઠ જેટલા શખ્સો આવ્યા અને રોડ પર નવનીત બાલધિયાને ચારેય બાજુથી ઘેરી ગંભીર રીતે માર માર્યો હતો. બાદમાં નવનીત બાલધિયાને ગંભીર ઇજાગ્રસ્ત હાલતમાં હૉસ્પિટલ ખસેડાયા અને આ તરફ હુમલાની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતા સમગ્ર મામલે ભારે ચર્ચા શરૂ થઈ ગઈ હતી. જોકે, આ સમગ્ર મામલે મહુવાના ડી.વાય.એસ.પી રીમાબા ઝાલાએ વિગતવાર ખુલાસો કર્યો હતો અને પોલીસે તપાસ બાદ આ હુમલા કેસમાં માયાભાઈ આહિર કે તેમના દીકરાની સંડોવણીના કોઈ પુરાવા નહીં હોવાનો દાવો કર્યો હતો.

જો કે આ મામલે પીડિતને ન્યાય અપાવવા ધારાસભ્ય સહિત આખો કોળી સમાજ આગળ આવ્યો હતો અને આ મામલે અખિલ ભારતીય કોળી સમાજ દ્વારા મહુવા મામલતદારને આવેદનપત્ર અપાયું હતું. તેની સાથોસાથ જો આ બાબતે યોગ્ય તપાસ કરી આરોપીઓને ઝડપવામાં નહીં આવે, તો આવનાર બગદાણામાં ઉગ્રમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારાઈ હતી.

બાદમાં સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ સાથે નવનીત બાલધિયાને ન્યાય મળે તે માટે માયાભાઈ આહિરના દીકરા જયરાજ આહીરને ક્લીનચિટ આપનાર મહુવાના ઇન્ચાર્જ ડીવાયએસપી રિમાબા ઝાલા પાસેથી ચાર્જ પરત લઈ લેવામાં આવ્યો હતો અને તળાજાના ડીવાયએસપી એન.બી. નકુમને હવે મહુવા ડિવિઝનનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આ સાથે જ આ કેસની નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ થાય તે માટે ખાસ સિટની રચના કરવામાં આવી હતી.

ગત ૧૭મી જાન્યુઆરીએ સિટએ આ કેસમાં સૌથી પહેલા તપાસ કરનાર મહિલા પોલીસ અધિકારી પીઆઈ ડી.વી.ડાંગર અને પીઆઈ કે.એસ.પટેલને પુછપરછ માટે ભાવનગર ખાતે આઈ.જી. ઓફિસ બોલાવ્યા હતા અને તેમની ૯ કલાકની પૂછપરછ ચાલી હતી. બાદમાં ૧૯મી જાન્યુઆરીએ નવનીત બાલધિયા દ્વારા સિટને ૧૫ પુરાવાઓ રજૂ કર્યા હતા. ત્યારે પીડિતના આક્ષેપ વચ્ચે આ હુમલાની તપાસ માટે બનેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે ૨૧મી જાન્યુઆરીએ માયાભાઈ આહિરના પુત્ર જયરાજ આહીરને સમન્સ પાઠવી ૨૧મી જાન્યુઆરીના સાંજના પાંચ વાગ્યા સુધીમાં સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (સિટ) સમક્ષ હાજર થવા જણાવ્યું હતું. જયરાજ આહિર સીટ સમક્ષ હાજર રહી તેનો જવાબ નોંધાવ્યો હતો. હવે આગામી સમયમાં આ મામલે શું સમાચાર સામે આવે છે, તેના પર સૌની નજર રહેશે. ■

# ભાજપના જૂનાગઢના કોર્પોરેટર અબ્બાસ કુરેશી સહિત પાંચ શખસ સામે 'ગુજસીટોક' હેઠળ કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ શહેરમાં કુરેશી ગેંગ વિરુદ્ધ પોલીસે આકરી કાર્યવાહી કરી છે. જૂનાગઢના સુખનાથ ચોક વિસ્તારમાં રહેતા અને રાજકીય વગ ધરાવતા કુરેશી ભાઈઓ સામે પોલીસે ગાળિયો કસ્યો છે.

વોર્ડ નંબર ૩ના ભાજપના કોર્પોરેટર અબ્બાસ કુરેશી અને તેમના ભાઈ તથા પૂર્વ કોર્પોરેટર અસલમ ઉર્ફે લાલો ઈબ્રાહિમ કુરેશી સહિત કુલ ૪ શખસ સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ હેઠળ ગુનો નોંધાયો હતો. જેમાં કરીમ સીડા અને સેબાઝ કુરેશીનો પણ સમાવેશ થાય છે. ગુજરાતના રાજકીય ઇતિહાસમાં કદાચ આ પ્રથમ કિસ્સો છે. જેમાં ભાજપના ચાલુ કોર્પોરેટર વિરુદ્ધ સંગઠિત અપરાધ નિવારણના આ કડક કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હોય. આ ગેંગ વિરુદ્ધ અગાઉ અનેક ગંભીર ફરિયાદો નોંધાઈ ચૂકી છે.

આ સંગઠિત ગુનાહિત ટોળકી દ્વારા ૨૮થી વધુ ગંભીર ગુનાઓ આચરવામાં આવ્યા હતા. આ ગુનાઓમાં હત્યા, હત્યાના પ્રયાસો, ખંડણી ઉઘરાવવી, બળજબરીપૂર્વક મિલકતો પચાવી પાડવી, અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવી, સાયબર ફ્રોડ, પોલીસ પર હુમલો અને આર્મ્સ એક્ટ જેવા અનેક સંગીન આરોપોનો સમાવેશ થાય છે. તેમાં પણ ખાસ કરીને રૂ. ૩૦૫ કરોડના આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડમાં મ્યુલ એકાઉન્ટ્સ દ્વારા નાણાં દુબઈ મોકલવાના રેકેટમાં પૂર્વ કોર્પોરેટર અસ્લમ કુરેશી સહિત બેની ભૂમિકા ખુલતા પોલીસે આ કડક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની આ કાર્યવાહી બાદ રાજકીય અને ગુનાહિત વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

પોલીસે અબ્બાસ કુરેશી અને તેની ગેંગ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ તેજ કરી છે. કોર્ટે આરોપીઓના રિમાન્ડ મંજૂર કરતા હવે વધુ પૂછપરછમાં અનેક નવાં નામો અને વધુ મિલકતોના ખુલાસા થવાની શક્યતા છે. આ કાર્યવાહીથી જૂનાગઢના રાજકીય અને ગુનાહિત આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે સંગઠિત અપરાધ આચરનાર કોઈપણ શખસને છોડવામાં આવશે નહીં. ■

# માવઠાથી અસરગ્રસ્ત જિલ્લાઓના કુલ ૩૨ લાખથી વધુ ખેડૂતોને ₹ ૯,૪૬૬ કરોડથી વધુ સહાય ચૂકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટનગર ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. બેઠકમાં મુખ્ય પ્રધાને કૃષિ રાહત પેકેજની પ્રગતિની સમીક્ષા કરી હતી. જે અંગે વિગતો આપતા પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, કૃષિ રાહત પેકેજ હેઠળ ખેડૂતોને સહાય આપવા માટે અત્યાર સુધીમાં ૩૨ લાખથી વધુ ખેડૂતોના કુલ રૂ. ૯,૫૧૬ કરોડના ઓનલાઇન બિલો તૈયાર કરવામાં આવ્યાં છે. જે પૈકી આજની સ્થિતિએ કુલ ૩૨.૪૯ લાખ ખેડૂતોને કુલ રૂ. ૯,૪૬૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવી છે.

આ બાબતે વિગતે માહિતી આપતાં તેમણે કહ્યું હતું કે, ઓક્ટોબર ૨૦૨૫માં થયેલા કમોસમી વરસાદ સંદર્ભે ૩૩ જિલ્લાઓમાંથી ૩૦,૦૬,૮૬૫ લાભાર્થીના રૂ. ૮,૬૧૦ કરોડનાં ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યાં છે. જેમાં આજની સ્થિતિએ ૨૯,૯૩,૬૮૯ ખેડૂતોને કુલ રૂ. ૮,૫૭૧ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

જ્યારે સપ્ટેમ્બર ૨૦૨૫માં થયેલા ભારે વરસાદથી અસરગ્રસ્ત પાંચ જિલ્લાઓમાંથી ૨,૩૪,૩૮૬ લાભાર્થીના કુલ રૂ. ૭૯૨ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યાં છે. જેમાં આજની સ્થિતિએ ૨,૩૩,૭૭૭ ખેડૂતોને કુલ રૂ. ૭૯૧.૧૯ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

જમીન સુધારણા અંગે માહિતી આપતાં જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ અંગે કુલ ૪૧,૭૭૭ ખેડૂતોની અરજી મળી હતી. જેમાંથી ૩૪,૬૧૫ લાભાર્થીઓના રૂ. ૧૧૩.૦૧ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરાયા છે. મંજૂર કરેલા કુલ ૩૧,૯૫૮ ખેડૂતોને કુલ રૂ. ૧૦૪.૩૭ કરોડની સહાયની ચુકવણી કરવામાં આવી હતી. ■

# ગુજરાતમાં મતદારયાદીમાંથી નામ કાઢી નાખવાની વધુ નવ લાખ અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીને મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવા માટે વધુ ૯.૩ લાખ અરજીઓ મળી હોવાનો અહેવાલ બહાર આવ્યો હતો. પ્રારંભિક એસઆઈઆર ગણતરી પછી રાજ્યનો મતદાર આધાર ૧૪% ઘટી ગયો, જે ડિસેમ્બરમાં જાહેર કરાયેલ ડ્રાફ્ટ મતદાર યાદીમાં દર્શાવ્યા મુજબ પાંચ કરોડથી ઘટીને ૪.૩ કરોડ થયો હોવાનું અહેવાલ જણાવે છે.

ફોર્મ ૭ દ્વારા સબમિટ કરાયેલી ૯.૩ લાખ કાઢી નાખવાની અરજીઓએ ચર્ચા જગાવી છે. રાજ્યભરના સીઈઓ કાર્યાલયો દરેક ફોર્મની તપાસ કરી રહ્યા છે. એકલા અમદાવાદ જિલ્લામાં ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવા માટે ૨.૩ લાખ ફોર્મ મળ્યા હતા. વધુમાં, ૬.૨ લાખ મતદારોએ મતદાર યાદીમાં નવા નામ નોંધાવવા માટે અરજી કરી છે, કારણ કે તેમના નામ કાઢી નાખવામાં આવ્યા હતા. કેટલાક કિસ્સાઓમાં, ડ્રાફ્ટને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું હતું ત્યારે અરજદારો ૧૮ વર્ષના થઈ ગયા હતા. ઉપરાંત, ૪.૭ લાખ લોકોએ હાલની મતદાર યાદીમાં ફેરફાર માટે ફોર્મ ૮ સબમિટ કર્યું હતું, જેમાં સરનામામાં ફેરફાર, નામમાં સુધારો અથવા ફોટોગ્રાફ્સનો સમાવેશ થાય છે.

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી હરીત શુક્લાએ જણાવ્યું હતું કે ફોર્મ મળવાનો અર્થ એ નથી કે નામો કાઢી નાખવામાં આવશે. તેમણે કહ્યું હતું કે અંતિમ નિર્ણય લેતા પહેલા, જે વ્યક્તિએ ફોર્મ કાઢી નાખવા માટે ભર્યા છે તેને બોલાવવામા આવશે અને કાઢી નાખવાની જરૂરિયાત સાબિત કરવાની જવાબદારી તે વ્યક્તિની રહેશે. ■

# બંટી-બબલીએ ૧૫ રાજ્યના ૫૬ શહેરના અનેક વેપારીઓને નકલી સોનું પધરાવ્યું, વડોદરામાંથી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોનાના ભાવ દિવસેને દિવસે આસમાને પહોંચી રહ્યા છે તો બીજી તરફ ગઠિયાઓ સોની બજારમાં સક્રિય થયા છે. છેલ્લા કેટલાક સમયથી ઓછા વજનનું સોનું આપીને સોની વેપારીઓ સાથે લાખોની ઠગાઈ કરતી બિહારની બંટી-બબલી ગેંગ આખરે વડોદરાથી ઝડપાઈ હતી. જૂનાગઢ પોલીસે આ સમગ્ર ઓપરેશન પાર પાડ્યું હતું. આ બંટી-બબલી વેપારી પાસેથી અસલી સોનાના દાગીના માંડીને તેમને સોનાનું વરખ ચડાવેલા પંચધાતુના દાગીના પધરાવી દેતું હતું. બંને આરોપી સામે ૧૫ રાજ્યના ૫૬ શહેરમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. બંને બિહારના રહેવાસી ધર્મેન્દ્ર શાહુ ઉં. ૪૮ અને કિરણદેવી સંજયભાઈ યાદવ ઉં. ૪૧ હોવાનું તપાસમાં ખુલાસો થયો હતો અને આ આખું કૌભાંડ બિહારના પટનામાં બેઠેલા રવિ સોની અને બનારસની એક વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતું હતું.

ચાર દિવસ પહેલા જૂનાગઢ અને કેશોદના વેપારીઓએ આ અંગે એસપીને રજૂઆત કરી હતી. આ રજૂઆત બાદ જૂનાગઢ શહેર અને જિલ્લામાં સોની વેપારીને ટાર્ગેટ કરતી આ ગેંગની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ભોગ બનનારાઓની પૂછપરછ અને નિવેદનો લઈને આગળની કાર્યવાહી શરૂ કરી હતી, જેમાંથી આરોપીઓના નંબર મળ્યા હતા અને પ્રથમ દુકાનમાં પ્રવેશ કર્યો હોય તે સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા હતા. ટેક્નિકલ અને સર્વેલન્સ સોર્સના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમને માહિતી મળી હતી કે, આ બંને મહિલા અને પુરુષ વડોદરા તરફ જઈ રહ્યા છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમને વડોદરા તરફ રવાના કરી અને ત્યાંથી આ બંટી-બબલી મળી આવ્યા હતા. આરોપી ધર્મેન્દ્ર શાહુ અને કિરણદેવી સંજયભાઈ યાદવની ધરપકડ કરીને કેશોદ પોલીસને સોંપવામાં આવ્યા છે. આ બંને શખસે જૂનાગઢ, કેશોદ, જેતપુર સહિતના અનેક શહેરોમાં આવી રીતે ઠગાઈ કરી હોવાનું બહાર આવ્યું છે.

એલસીબી પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી હતી. ■

## સંસ્થા સમાચાર

### પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાંનિધ્યે શ્રી હરિ મંદિરનો ૨૦મો પાટોત્સવ



પોરબંદરના સાંદીપનિ વિદ્યાનિકેતનના આંગણે પરમ પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાંનિધ્યમાં શ્રી હરિ મંદિરના ૨૦મા પાટોત્સવ અંતર્ગત મહામહોત્સવ'નો ખુબ જ મંગલમય અને ભક્તિસભર વાતાવરણમાં ધાર્મિક યજ્ઞ-અનુષ્ઠાન, જ્ઞાનયજ્ઞ તથા સેવાકીય યજ્ઞ સાથે પ્રારંભ થયો.

પાંચ દિવસ સુધી ચાલનારા આ મહોત્સવના પ્રથમ દિવસે વિવિધ ધાર્મિક વિધિઓ અને સંકીર્તન સાથે સમગ્ર વાતાવરણને હરિભક્તિમાં તરબોળ કરી દીધું હતું.

શ્રી હરિ મંદિરના ૨૦મા પાટોત્સવ અંતર્ગત મહામહોત્સમાં શ્રીહરિ મંદિર પરિસરમાં સ્થિત શ્રીહરિની બગીચામાં વહેલી સવારે પૂજ્ય ભાઈશ્રી શ્રીરમેશભાઈ ઓઝા તથા અન્ય સંતોની પાવન ઉપસ્થિતિમાં અખંડ હરિનામ સંકીર્તનનો પ્રારંભ કરવામાં આવ્યો. સંકીર્તનના પ્રારંભે રાજ્ય સભાના સાંસદ રામમાઈ મોકરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. વિરાટ યજ્ઞશાળામાં ૧૦૮ કુંડી અતિ મહાવિષ્ણુયાગનો પણ પ્રારંભ થયો હતો. ભગવાન હનુમાનજીની વિશેષ આરાધનાના ભાગરૂપે હનુમંત યજ્ઞનો સાંદીપનિ યજ્ઞશાળામાં મંગલ પ્રારંભ થયો છે. બપોર પછીના સત્રમાં ભવ્ય 'નગર જલ યાત્રા' (કળશ યાત્રા) સંપન્ન કરવામાં આવી હતી. આ દંત ચિકિત્સા કેમ્પમાં ગવરીદળ, રાજકોટના જાલંધરબંધ યોગ પદ્ધતિના સુવિખ્યાત દંતવૈદ્ય ડો.હર્ષદભાઈ જોશી, ડો. સરોજબેન જોશી અને ટીમ દ્વારા સારવાર આપવામાં આવશે. આ આ દંતચિકિત્સા કેમ્પ તા.૨૧-૦૧-૨૬ થી તા.૨૫-૦૧-૨૬ સુધી પ્રતિદિન સવારે ૯:૦૦થી ૧:૦૦ સુધી ચાલુ રહેશે. આજે તા.૨૨-૦૧-૨૦૨૬થી સાંદીપનિના સભાગૃહમાં વૃંદાવનથી આવેલા વિશેષ રાસ-મંડળી દ્વારા રાસલીલા પ્રસ્તુત થશે.

## રાષ્ટ્રપતિની મંજૂરી વિના મોફા સુધારો કાયદો અમલમાં!

### મુંબઈ ગ્રાહક પંચાયત કોર્ટમાં પડકારશે

મુંબઈ: ઘર ખરીદનારાઓ સાથે બિલ્ડરોની છેતરપિંડી રોકવા માટે ગ્રાહકોને સુરક્ષા આપતો 'મહારાષ્ટ્ર ઓનરશિપ ઓફ ફ્લેટ એક્ટ'(મોફા)માં સુધારા માટે રાષ્ટ્રપતિની મંજૂરી લેવામાં નથી આવી. તેથી આ કાયદો ગેરકાનૂની છે. અનેક બિલ્ડરો સામે મોફા કાયદા અંતર્ગત ચાલતા કેસ પાછા ખેંચાય તે માટે ઉતાવળમાં આ કાયદો મંજુર કરવામાં આવ્યા હોવાનો આરોપ મુંબઈ ગ્રાહક પંચાયતે લગાવ્યો છે. હવે ગ્રાહક પંચાયત આના વિરોધમાં કોર્ટમાં જશે.

આ મહત્વના કાયદા માટે સલાહ લેવાની જરૂર હતી. પરંતુ તેમ ન કરતા ઉતાવળમાં નાગપુર અધિવેશનમાં આ કાયદો મંજુર કરવામાં આવ્યો હતો. રાજ્યપાલે ૩૧ ડિસેમ્બરના આ ખરડાને મંજૂરી આપી તેને તાત્કાલિક અમલમાં મુકવામાં આવ્યો હતો. રેરા હેઠળ નોંધણી કરેલા પ્રોજેક્ટોને માન્યતા આપવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે. બિલ્ડરોને મોફા કાયદાની કલમ ૧૩(અ ) અંતર્ગત છૂટ આપવામાં આવી છે. તેથી બિલ્ડરોને ફોંજદારી કાર્યવાહીથી કાયમી છુટકારો મળશે. આ સિવાય ગ્રાહકો સાથે છેતરપિંડી કરનાર બિલ્ડરોને છૂટો દોર મળે તે માટે આ કાયદો લાગુ કરવામાં આવ્યો છે.

આ સુધારો બિલ્ડરોને ફાયદો કરતો હોવાથી સર્વ સામાન્ય ખરીદદારો સાથે છેતરપિંડી થઈ શકે છે, એમ ગ્રાહક પંચાયતના અધ્યક્ષ શિરીષ દેશપાંડેએ એક નિવેદનમાં જણાવ્યું હતું. ૧૩(અ ) કલમમાં બિલ્ડરોને સજાનું પ્રાવધાન હોવાથી તે માટે સુધારો કરવામાં આવી રહ્યો હોવાની શંકા ગ્રાહક પંચાયતે રાજ્યપાલને પત્ર લખીને વ્યક્ત કરી હતી અને મળવા માટે સમય માગ્યો હતો, પરંતુ સમય મળ્યો નહીં અને રાજ્યપાલે મંજૂરી આપી એમ દેશપાંડેએ જણાવ્યું હતું. આ કાયદા અંતર્ગત માલમત્તા હસ્તાંતરણ કાયદો, ફોજદારી પ્રક્રિયા સંહિતા અને રેરા એમ ત્રણ કેન્દ્રીય કાયદા પર અસર થતી હોવાથી અનુચ્છેદ ૨૫૪ પ્રમાણે રાષ્ટ્રપતિની મંજૂરી જરૂરી છે. મૂળ મોફા કાયદા માટે પણ રાષ્ટ્રપતિની મજૂરી લેવામાં આવી હતી. તેથી રાજ્યપાલે આ કાયદો રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવાની જરૂર હતી. તેમ થયું ન હોવાથી તેની કાયદેસરતા પર પણ પ્રશ્ન ઉભો થયો છે,એમ ગ્રાહક પંચાયતે સ્પષ્ટ કર્યું છે.

## ટ્રેનમાં પ્રવાસીઓની કીમતી વસ્તુઓ ચોરનારો પકડાયો: ૨૧ લાખ રૂપિયાનાં ઘરેણાં હસ્તગત

થાણે: લાંબા અંતરની ટ્રેનમાં રાતે પ્રવાસીઓની બેગ, પર્સમાંથી કીમતી વસ્તુ ચોરનારા ૩૮ વર્ષના શખસને રેલવે પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી ૨૧ લાખ રૂપિયાનાં ઘરેણાં જપ્ત કરાયાં હતાં, એમ અધિકારીએ જણાવ્યું હતું. ગવર્નમેન્ટ રેલવે પોલીસના જણાવ્યા અનુસાર આરોપીની ઓળખ વિનય રમેશચંદ્ર સોની તરીકે થઇ હોઇ તે ઉત્તર પ્રદેશના કાનપુર દેહાતનો રહેવાસી છે. વિનય સોનીને રેલવે પોલીસે ૧૪ જાન્યુઆરીએ પકડી પાડ્યો હતો. આરોપી રાત્રી પ્રવાસ દરમિયાન ટ્રેનમાં પ્રવાસીઓની બેગ, ટ્રોલી બેગ અને પર્સ ચોરવાના અનેક કિસ્સામાં સંડોવાયેલો હતો, એમ જીઆરપીના સ્પેશિયલ ટાસ્ક ફોર્સના સિનિયર ઇન્સ્પેક્ટર વિજય ખેડકરે જણાવ્યું હતું. થાણે જિલ્લાના કલ્યાણ રેલવે પોલીસ સ્ટેશનમાં જૂન, ૨૦૨૫માં ફરિયાદ નોંધાયા બાદ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. ફરિયાદીએ પોલીસને જણાવ્યું હતું કે પટણા એક્સપ્રેસમાં પ્રવાસી દરમિયાન ૬૩ હજાર રૂપિયાના ઘરેણાં સાથેની તેની બેગ ચોરાઇ હતી. (પીટીઆઇ)

## રશિયામાં મેડિકલના અભ્યાસ માટે એડ્મિશનને બહાને ૧૫ લાખ રૂપિયા પડાવ્યા: ચાર સામે ગુનો

થાણે: પુત્રને રશિયાની યુનિવર્સિટીમાં મેડિકલના અભ્યાસ માટે એડ્મિશનની ખાતરી આપીને પિતા પાસેથી ૧૫.૩૯ લાખ રૂપિયા પડાવી કથિત છેતરપિંડી આચરવા બદલ પોલીસે એજ્યુકેશનલ કન્સલ્ટન્સીના ડિરેક્ટર અને તેના ત્રણ સાથી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે ડોમ્બિવલીના રહેવાસીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર છ વર્ષના મેડિકલ ડિગ્રી કોસ માટે રશિયાની યુનિવર્સિટીમાં પુત્રને પ્રવેશ અપાવવા ફરિયાદીએ કન્સલ્ટન્સીની સલાહ માગી હતી. આરોપીએ મોબાઈલ ફોન મારફત ફરિયાદીનો સંપર્ક સાધી તેનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. ડોમ્બિવલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આરોપી પર ભરોસો કરી ફરિયાદી રૂપિયા ચૂકવવા તૈયાર થઈ ગયો હતો. ભણતરની ફી સહિતની સુવિધા પેટે ફરિયાદીએ આરોપીએ આપેલા બૅન્ક ખાતાઓમાં ૨૭ યુએસ ડૉલર (૨૩.૦૮ લાખ રૂપિયા) જમા કરાવ્યા હતા. જોકે બાદમાં ફરિયાદીને જાણવા મળ્યું હતું કે કન્સલ્ટન્સી દ્વારા રશિયન ઈન્સ્ટિટ્યૂટમાં પૂરી રકમ જમા કરાવાઈ નહોતી. તપાસમાં એવું જણાયું હતું કે આરોપીએ રશિયન યુનિવર્સિટીમાં માત્ર ૯,૦૦૦ ડૉલર (૭.૬૯ લાખ રૂપિયા) ભર્યા હતા, જે માત્ર દોઢ વર્ષની ફી જેટલા હતા. બાકીના ૧૮,૦૦૦ ડૉલરની આરોપીએ ઉચાપત કરી હતી. આ કથિત છેતરપિંડી સપ્ટેમ્બર, ૨૦૨૩થી જાન્યુઆરી, ૨૦૨૪ દરમિયાન થઈ હતી, એવું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

## માતાએ બહાર રમવા જવાની ના પાડતાં પુત્રએ ઘરમાં ગળાફાંસો ખાધો

બીડ: માતાએ મિત્ર સાથે બહાર રમવા જવાની ના પાડતાં પંદર વર્ષના પુત્રએ કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના બીડ જિલ્લામાં બની હતી. જિલ્લાના કૈઝ વિસ્તારમાં રહેતો મૃત સગીર નવા ધોરણમાં ભણતો હતો અને તેનો મિત્ર રવિવારે સવારે ૧૦ વાગ્યે ઘરે આવ્યો હતો અને તેને બહાર રમવા જવા માટે આગ્રહ કર્યો હતો. જોકે સગીરની માતાએ વધતા તાપમાનને કારણે તેને ઘરમાં જ રહેવાની સલાહ આપી હતી અને સાંજે ચાર વાગ્યા બાદ રમવા જવા માટે કહ્યું હતું. મિત્રની સામે જ માતાએ બહાર રમવા જવાની પરવાનગી ન આપતાં સગીર નિરાશ થયો હતો અને બેડરૂમમાં જઇને તેણે અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો. બાદમાં તેણે પંખા સાથે રસ્સી બાંધીને ગળાફાંસો ખાધો હતો.દરમિયાન રસોડામાં કામકાજમાં વ્યસ્ત માતાને શરૂઆતમાં કંઇ અસામાન્ય લાગ્યું નહોતું. જોકે બપોરે દોઢ વાગ્યાની આસપાસ બેડરૂમનો દરવાજો અંદરથી બંધ હોવાનું જાણવા મળ્યા બાદ તેણે તાત્કાલિક પડોશીઓને જાણ કરી હતી.

## પતિ ઘરે મોડો આવતાં ગુસ્સે ભરાયેલી પત્નીએ એક વર્ષની પુત્રીને મારી નાખી

લાતુર: પતિ ઘરે મોડી આવવાને કારણે થયેલા ઝઘડા બાદ રોષે ભરાયેલી પત્નીએ તેની એક વર્ષની પુત્રીની હત્યા કરી હોવાની ઘટના લાતુર જિલ્લામાં બની હતી. જિલ્લાના શ્યામનગર વિસ્તારમાં સોમવારે આ ઘટના બની હતી અને પોલીસે ૩૦ વર્ષની મહિલાની ધરપકડ કરી હતી.મહિલાનો ૩૪ વર્ષનો પતિ મજૂરીકામ કરતો હોઇ તે સોમવારે વહેલી સવારના ઘરે પાછો ફર્યો હતો. આને કારણે મહિલાનો તેના પતિ સાથે ઝઘડો થયો હતો. આથી ગુસ્સે ભરાયેલી મહિલાએ ઘરના રસોડામાં પડેલી છરી ઉપાડી હતી અને તેની પુત્રીના ચહેરા, પેટ, છાતી, કમર, માથા અને ગુપ્તા ભાગ પર ઘા ઝીંક્યા હતા. ગંભીર રીતે ઘવાયેલી પુત્રીનું ઘટનાસ્થળે મોત થયું હતું. દરમિયાન આ ઘટના બાદ પતિએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે મહિલા વિરુદ્ધ સોમવારે હત્યાનો ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)

નવમા પાનાનું ચાલુ

### ભાજપે શું કહ્યું?

જનાદેશ મળ્યો છે. જો વિકાસ માટે મનસે શિવસેના સાથે આવી હોય, તો તેમણે શિવસેનાને ટેકો આપ્યો હોઈ શકે છે. ભાજપને દૂર રાખીને કોઈ રાજકારણ કરી શકતું નથી. અમારી કામગીરી અને 'સ્ટ્રાઈક રેટ' જોતા એવું નથી લાગતું કે કોઈ અમને બાકાત રાખીને રાજકારણ કરશે. દીપેશ મ્હાત્રેએ કહ્યું હતું કે તેમને નથી લાગતું કે અંબરનાથ કે અન્ય કોઈ મહાનગરપાલિકામાં બદલો લેવા માટે આવું કંઈ થયું હોય તેવું લાગતું નથી.

### ઓબીસી, મહિલા,

ચર્ચા ચાલી રહી છે, પરંતુ પહેલા એ નક્કી કરવું જરૂરી છે કે કઈ અનામત શ્રેણીમાંથી વ્યક્તિ મેયર બની શકે છે. તે મુજબ આ અનામત માટે ૨૨ જાન્યુઆરી, ગુરુવારના રોજ ડ્રો કરવામાં આવશે. આ અનામત શરૂઆતથી નહીં, પરંતુ અગાઉના અનામતને ધ્યાનમાં રાખીને રોટેશનલ પધ્ધતિ દ્વારા નક્કી કરવામાં આવશે.રોટેશનલ પધ્ધતિ એટલે જો અગાઉના મેયર જનરલ કેટેગરીના હોય, તો આગામી ડ્રોમાં આ કેટેગરીને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. તે સિવાયની અન્ય શ્રેણીઓ માટે ડ્રો કાઢવામાં આવે છે. તેના કારણે અનામત રોટેશનલ પદ્ધતિથી ફરતું રહે છે અને વિવિધ વર્ગોને તક મળે છે. આ ડ્રો રાજ્યના ૨૯ મહાનગરપાલિકા માટે સંયુક્ત રીતે સવારે ૧૧ વાગે મંત્રાલય ખાતે યોજાશે, ત્યારબાદ મેયરની પસંદગીની પ્રક્રિયા આગળ વધશે.

### મેયર પદ માટે ૧૧૪ નો જાદુઈ આંકડો

કોર્પોરેટરો ચૂંટાઈને આવ્યા છે, તેથી ૧૧૪ એ મેજિક આંકડો છે, એવું કહેવામાં આવી રહ્યું છે. પરંતુ મહાનગરપાલિકાના અધિનિયમોનો અભ્યાસ કરીએ તો હાલમાં આવી કોઈ નિયમની જોગવાઈ નથી. મેયર પદ માટે જેને સૌથી વધુ મત મળશે તે મેયર તરીકે ચૂંટાશે. અરજી દાખલ કર્યા પછી પ્રત્યક્ષ મતદાન અથવા ગુપ્ત મતદાન થશે, જેમાં જે પક્ષને સૌથી વધુ મત મળશે તે જીતશે,'' તેમણે કહ્યું હતું.

### ૨૦૧૯માં ઉદ્ધવ ઠાકરેએ

જાણવા મળ્યા છે, કારણ કે કલ્યાણ-ડોંબિવલી મહાનગરપાલિકામાં રાજ ઠાકરેની પાર્ટી મનસેએ શિવસેના એકનાથ શિંદે જૂથને સમર્થન આપ્યું છે. એ પણ જાણી લો કે કેડીએમસી (કલ્યાણ ડોંબિવલી નગરપાલિકા)ની ચૂંટણીમાં ઠાકરે બંધુ સાથે રહીને ઈલેક્શન લડ્યા હતા, પરંતુ પરિણામો પછી મનસેએ શિંદે સેનાને સમર્થન આપવાની જાહેરાત કરી છે. આ સમર્થનને કારણે ફરી રાજકીય નિષ્ણાતોને ચોંકાવ્યા છે.

**૩૧ વોર્ડની કેડીએમસીમાં છે કુલ ૧૨૨ નગરસેવક**

કલ્યાણ ડોંબિવલીમાં કુલ ૩૧ વોર્ડ છે, જ્યારે કુલ ૧૨૨ નગરસેવક છે. અહીંની પાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના પચ્ચાસ, શિવસેના શિંદે જૂથના ૫૩, શિવસેના યુબીટીના અગિયાર અને રાજ ઠાકરેની પાર્ટીના પાંચ, કોંગ્રેસના બે, એનસીપી શરદ પવાર જૂથના એક નગરસેવક જીત્યા હતા.

બહુમતી માટે ૬૨ સીટ જરૂરી છે. ભાજપ-શિવસેના શિંદે જૂથ મળીને સીટ તો વધુ થાય છે, પરંતુ કલ્યાણ ડોંબિવલીમાં મનસેએ શિંદે સેનાને સમર્થન આપવાની જાહેરાત કરી છે.

**વિપક્ષના બદલે શિંદે સેનાને સાથ આપવાનું યોગ્ય માન્યું**

મુંબઈ સહિત મહારાષ્ટ્રની તમામ મહાનગર પાલિકાની ચૂંટણીમાં ઠાકરેબંધુ સાથે રહીને ચૂંટણી લડ્યા હતા, પરંતુ એ પ્રયોગ પણ નિષ્ફળ રહ્યો હતો. મુંબઈ પાલિકાની ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરે જૂથ અને મનસેને અપેક્ષા પ્રમાણે સફળતા મળી નહોતી. એના સિવાય કલ્યાણ-ડોંબિવલીમાં જાદુ ચાલ્યો નહોતો અને અંતે રાજ ઠાકરેની પાર્ટીએ મનસેએ ઉદ્ધવ ઠાકરે એટલે વિપક્ષના બદલે શિંદે સેનાને સાથ આપવાનું યોગ્ય માન્યું છે. કલ્યાણ-ડોંબિવલી મહાનગર પાલિકામાં શિવસેના-ભાજપ સાથે મળીને બહુમતી મેળવી લીધી છે. અહીં સૌથી મોટી પાર્ટી શિવસેના પાસે ૫૩ છે, જ્યારે ભાજપના ૫૦ છે. કુલ ૧૨૨માંથી ૧૦૩ નગરસેવક ફક્ત મહાયુતિના છે.

### ગદ્દારો સાથે હાથ

વિરુદ્ધ આકરા પ્રહારો કર્યા હતા. 'જેમણે શિવસેના અને ઠાકરે પરિવાર સાથે બેઈમાની કરી છે, તેમની સાથે કોઈ પણ પ્રકારના રાજકીય કે અન્ય સંબંધો રાખવા નહીં, એ બાબતે અમારું વલણ સ્પષ્ટ છે. મહારાષ્ટ્રના ગદ્દારોને અમે મદદ કરીશું નહીં, બલ્કે તેમને મદદ મળે તેવી કોઈ ભૂમિકા પણ લઈશું નહીં. શિંદેની શિવસેના અમારા માટે 'એમઆઇએમ' જેવી છે. તેઓ બેઈમાન અને મહારાષ્ટ્રદ્રોહી છે. સત્તા તો આવતી-જતી રહે છે, અમે સત્તાના ભૂખ્યા નથી. રાજ ઠાકરે પણ સત્તા માટે લોભી નથી. રાજ ઠાકરેએ આ વિષયને માત્ર એક 'સ્થાનિક નિર્ણય' તરીકે જોવો જોઈએ નહીં,'' એમ સંજય રાઉતે જણાવ્યું હતું. શિંદેની શિવસેના અમારા માટે એમઆઇએમ જેવી છે. તેઓ બેઈમાન અને મહારાષ્ટ્રદ્રોહી છે. કેટલાક લોકોની પાછળ તપાસ એજન્સીઓ લાગી હશે, પણ તેના કારણે પક્ષને બંધક બનાવીને ગદ્દારો સાથે હાથ મિલાવવા એ સંપૂર્ણપણે ખોટું છે. કલ્યાણ-ડોંબિવલીમાં શિવસેના-મનસેના ગઠબંધનને રાજ ઠાકરેનો ટેકો નથી, એમ રાઉતે જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

**અનાવિલ બ્રાહ્મણ**

ગામ મોતા (બારડોલી, સુરત) હાલ સાંતાક્રુઝ વેસ્ટ, જયંતભાઈ વસનજી દેસાઈ (ઉં.વ. ૯૦ વર્ષ) તે તા. ૨૧-૧-૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તે બિલ્વેશ તથા નીલના પિતા. તે સ્વાતીબેનના સસરા. તે શાશ્વતના દાદા. લૌકિક રિવાજ બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માળીયા હાટીના નિવાસી, હાલ મલાડ વેસ્ટ, સ્વ. ગોપાલજી મુલજી જૂઠાણી તથા નરભેકુવારના સુપુત્ર ઈશ્વરલાલ ગોપાલજી જૂઠાણી (ઉં.વ. ૮૭) તા. ૨૦.૧.૨૬ના મંગળવારે શ્રીજીશરણ પામ્યા છે. તે સ્વ. લતાબેનના પતિ. તે સ્વ. હરિલાલ રામજી વાઘરના જમાઈ. તે હિતેશ અને ભાવિનીના પિતાશ્રી. તે ઉર્મિ અને સ્નેહલકુમારના સસરા. વિવેક અને વિનયના દાદા. સ્વ. મંજુલા વાથેર, સ્વ. ધનલક્ષ્મી મહેતા, સ્વ. હંસા કામદાર, ઉષા દોશીના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

મૂળ સિદ્ધપુર હાલે મુલુંડ, સ્વ. માલા ઉપાધ્યાય (ઉં.વ. ૬૨) તે કનૈયાલાલ વાસુદેવ ઉપાધ્યાયના પત્ની, ગુણવંતીબેન- સ્વ. દિલીપકુમાર શુકલ, આશાબેન- ગુણવંતકુમાર આચાર્ય, અલકાબેન- બ્લેઝકુમાર અમીકટ, બાલમુકુંદ-જયશ્રી, બીપીન- મનીષા, પંકજ-કૃપાલી, હિતેન્દ્ર-જલ્પાના ભાભી. સિદ્ધપુરવાળા સ્વ. જયપ્રકાશભાઈ-માલતીબેન ઠાકર, જયેશભાઈ-આશાબેન ઠાકર, સુનિલભાઈ-ભાવનાબેન ઠાકર, નિખિલભાઈ, નલીનીબેન કનુપ્રસાદ દવે, મીનાક્ષીબેનના બેન. કિન્નરી દુબે, કૃતિ પંડ્યા, ઉદિતના માતા, સુશીલકુમાર દુબે, તેજસકુમાર પંડ્યાના સાસુ. તા. ૨૧.૧.૨૬ બુધવારના શિવચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા/બેસણું તા. ૨૨.૧.૨૬ ગુરુવારના ૫થી ૭. ઠે. બ્રહ્માંડેશ્વર મહાદેવ મંદિર, ગાલાનગરની બાજુમાં, નાહુર રોડ, મુલુંડ પશ્ચિમ.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

અ.સૌ. ઉષાબેન જયંતભાઈ જોશી (કિવરીયા) (ઉં.વ. ૬૮) ગામ નલિયા હાલ મુંબઈ, તે સ્વ. કૃષ્ણાબેન અમૃતલાલ જોશીના પુત્રવધૂ. તે જયંતભાઈ અમૃતલાલ જોશીના ધર્મપત્ની. તે જુગલ અને ખુશ્બુના માતા. તે પ્રણય કિરણભાઈ શાહના સાસુ. તે દિવીજાના નાની તા. ૨૦.૧.૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. જયંતભાઈ અમૃતલાલ જોશી, ૪૮/૫૦, ત્રીજા માળે, ૪ મરીન સ્ટ્રીટ, ધોબી તળાવ, ગોલ મસ્જિદની નજીક, મુંબઈ-૪૦૦ ૦૦૨.

**કચ્છી લોહાણા**

સ્વ. ભરતભાઈ લાલજીભાઈ સોમૈયા (ઉં.વ. ૬૦) મૂળ ગામ: દુધઈ, કચ્છ, હાલ નાશિક રોડ તે પ્રતિમાબેનના પતિ. રોનકભાઈ તથા રોશનભાઈના પિતા. તે સ્વ. મઠામા ટોપણદાસ શામજી સોમૈયાના પૌત્ર. સ્વ. હંસાબેન લાલજીભાઈ ટોપણદાસ સોમૈયાના પુત્ર. તે જયશ્રીબેન શામજીભાઈ વિસનજી કોટકના જમાઈ. (ગામ: દેવરીયા, કચ્છ), સંજયભાઈ, ગં. સ્વ. વીનાબેન અજિતભાઈ માણેક તથા અ.સૌ. પલ્લવીબેન અરવિંદભાઈ ભિંડેના ભાઈ તા. ૧૯.૧.૨૬ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, ૨૨.૧.૨૬ ૫થી ૬.૩૦. ઠે. શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, સભાગૃહ હોલ, બીજે માળે, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ ભાટીયા**

જામનગર, હાલ ભાયંદર, પ્રતાપસીંહ લક્ષ્મીદાસ નેગાંધી (ઉં.વ. ૮૭) તે પ્રજ્ઞાબેન (શાંતુબેન)ના પતિ. અમરસી આસુ આશર (ગોંડલવાલા)ના જમાઈ. સ્વ. કુમારભાઈ, સ્વ. હંસરાજભાઇ, સ્વ. અશોકભાઈ, સ્વ. દમયંતીબેન, સ્વ. ભાનુમતીબેન, ગં.સ્વ. હસુમતીબેનના ભાઈ. ફાલગુની મનોજ ગોકુલગાંધી, અલ્પા દિપક આસર અને વિશાલના પિતાશ્રી. પુનમના સસરાજી. ચી. રંશના દાદાજી, તા. ૨૦/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

કચ્છ અંજાર નિવાસી હાલ મલાડ ગં. સ્વ. લક્ષ્મીબેન ગૌરીશંકર રત્નેશ્વર (જોષી) (ઉં. વ. ૯૩) તા. ૧૯-૧-૨૬ના કૈલાશવાસી થયેલ છે. તે સ્વ. ગૌરીશંકર માયાશંકર રત્નેશ્વર (જોષી)ના ધર્મપત્ની. સ્વ. સીતાબેન છોટાલાલ ખટાઉ (જોષી)ના કાકી. તે સ્વ. ભગીરથી નારાયણદાસ જોષીના સુપુત્રી. તે બકુલભાઈ, બિપીનભાઈ, કેતનભાઈના માતુશ્રી. તે દિવ્યાબેન, દિપ્તીબેન, કંચનબેનના સાસુ. પ્રાર્થનાસભા તા. ૨૨-૧-૨૬ને ગુરુવારના સાંજના ૫ થી ૭. ઠે: સારસ્વત વાડી, મુલુંડ વેસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

સરધાર નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. હરીલાલ ગીરધરલાલ શેઠના સુપુત્ર પ્રફુલ્લભાઈ હરીલાલ શેઠ (ઉં.વ. ૭૭), તે સ્વ. ઉષા પ્રફુલ્લ શેઠના પતિ. જીનેશ તથા જાસ્મીના સાંગાણીના પિતા. સ્વ. હેમલ સાંગાણી તથા કેજલ શેઠના સસરા. ટીશા અને નાયેશાના દાદા. સ્વ. જેઠાભાઈ, સ્વ. પ્રવિણભાઈ, સુભાષભાઈ, સ્વ. નીરૂ સુધીર શાહના ભાઈ. તા. ૨૦-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## જૈન મરણ

**રાધનપુરી જૈન**

રાધનપુર તીર્થ નિવાસી, સ્વ. ચંદનબેન મોતીલાલ દોશીના સુપુત્ર પ્રબોધભાઈ (ઉં.વ. ૮૨) તે લોપાબેનના પતિ. તે વિપુલ, ગોપીના પિતાશ્રી. તે સેજલબેન તથા વિપુલભાઈના સસરા. તે અનીશ, પાર્થના દાદા. તે સુરભી અનીશ દોશીના વડસસરા. તે વિધિ રવિકુમાર મોદીના નાના. તેમનું તા. ૧૯.૧.૨૬ સોમવારના રોજ ગોરેગામ નિવાસસ્થાને નિધન થયું છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

વંથલી નિવાસી, હાલ ઘાટકોપર, સ્વ. હસુમતીબેન ભોગીલાલ સંઘવીના સુપુત્ર હેમંતભાઈ (ઉં.વ. ૬૭) તા. ૨૦.૧.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે દીનાબેનના પતિ. તે સુજય-વિકતીના પિતાશ્રી. તે પનાયશાના દાદા. તે ડૉ. રજનીભાઈ-હેમાબેન, રોહીતભાઈ- સ્વ. માધવીબેનના ભાઈ. તે પરબવાવડીવાળા સ્વ. ભાનુમતીબેન રમણીકભાઈ રૈયાણીના જમાઈ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મૂ. જૈન**

મૂળી નિવાસી હાલ મુંબઈ સ્વ. શાંતાબેન મનસુખલાલ કોઠારીના સુપુત્રી નલિનીબેન (ઉં. વ. ૮૦), મંગળવાર, તા. ૨૦-૧-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. સ્વ. વિનોદચંદ્ર, સ્વ. બિપીનચંદ્ર તથા ભરતભાઈના બેન. સ્વ. વસંતબેન, જ્યોતિબેન તથા સુધાબેનના નણંદ. મનીષા-મયંક, નિશા-વિમલ, હેમલ-વિપુલ, મેઘના-રાજેનના ફૈબા. ગોપી-જીમીત, દૃષ્ટિ-યશ, મિહિર તથા દિવ્યમના મોટા ફૈબા. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

વંથલી નિવાસી, હાલ મુંબઈ (દાદર), પ્રવીણચંદ્ર અમીલાલ વસા (ઉં.વ. ૮૧) તા. ૨૦-૧-૨૬ મંગળવારના રોજ શ્રી અરિહંત શરણ પામેલ છે. તે મુકેશ-નેહા વસાના પિતાશ્રી. સ્વ. ચંદ્રાબેનના પતિ. સ્વ. મહાશુખલાલ, સ્વ. સુમનલાલ, સ્વ. હંસાબેન દિનુભાઈ પારેખના ભાઈ. અભય, રાજેશ, નીતા, રૂપા, મીનાના કાકા. સ્વ. કાંતીલાલ પ્રેમચંદ મહેતા (ઘેટીવાળા)ના જમાઈ.

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

ગોંડલ નિવાસી હાલ સાયન, ગં.સ્વ. મંજુલાબેન (ઉં.વ. ૮૪) તે સ્વ. લલિતચંદ્ર જટાશંકર પીપળીયાનાં ધર્મપત્ની. ચિ. મીનેષ, ચિ. હિતેશના માતુશ્રી. ગોવિંદપુર-નિવાસી સ્વ. ફુલચંદ પાનાચંદ ઘાટલીયાની પુત્રી. સ્વ. બાવચંદભાઈ, સ્વ. વૃજલાલભાઈ, બળવંતભાઈ, છોટુભાઈ, લીલાવંતીબેન, સ્વ. ઈન્દુબહેન, શારદાબહેનના બહેન. અ.સૌ. સોનલ, અ.સૌ. નમિતા - અ.સૌ. દૃષ્ટિનાં સાસુ-દાદીસાસુ. મંગળવાર, તા. ૨૦-૧-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે. ઠે.: રાજ વૈભવ ટાવર કો.ઓ.સો., ૪૦૧, મહાવીરનગર, અપો:

**શિહોર સમ્પ્રદાય ઔદિચ્ય અગ્યારસે બ્રાહ્મણ**

ગં. સ્વ. રેણુકાબેન દવે (ઉં. વ. ૮૫) તે વિનોદ દવેના ધર્મપત્ની. તે મિહિરના માતુશ્રી. તે સ્વ. નિરમળાબેન ભાનુશંકર દવેના પુત્રવધૂ. તે સ્વ. નિરમળાબેન ભાનુશંકર પંચોલીના સુપુત્રી. તે સ્વ. ચારુબેન અને સૌ. કિરણબેનના બેન તા. ૧૫-૧-૨૦૨૬ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર સાઠા બ્રાહ્મણ**

ટીંટોઇ નિવાસી હાલ મલાડ સુભાષચંદ્ર ચત્રભુજ ભટ્ટ (ઉં. વ. ૯૭) તે સ્વ. ચત્રભુજ દલસુખરામ ભટ્ટ તથા સ્વ. દિવાળીબહેન ભટ્ટના પુત્ર. તે કિરીટ, કંદર્પ, ભાવનાના પિતા. તે સ્વ. મનુભાઈ ચત્રભુજ ભટ્ટના ભાઈ. તે પારૂલ, ભાવિકા, કૃષ્ણકુમાર તથા સ્વ. રશ્મી કંદર્પ ભટ્ટના સસરા. તે સ્વ. ભવાનીશંકર નર્મદાશંકર વ્યાસ, જશોદાબહેન વ્યાસના જમાઈ તા. ૨૦-૧-૨૬, મંગળવારના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૧-૨૬, બુધવારના સાંજે ૫ થી ૭ વાગે. લૌકિક વહેવાર બંધ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. ઠે.- ફ્લેગ સી, લીબર્ટી ગાર્ડન, ૨૨૦/૩ લીબર્ટી ગાર્ડન રોડ નં. ૪, મહેતા ઈન્ડસ્ટ્રીઝની બાજુમાં, મલાડ (વે.)

**લુહાર-સુતાર જ્ઞાતિ**

ગામ પાલિતાણા નિવાસી, હાલ મીરા રોડ, સ્વ. રતિલાલભાઈ ગોપાલજીભાઈ રાઠોડના ધર્મપત્ની ગં.સ્વ. મંજુલાબેન રતિલાલ રાઠોડ (ઉં.વ. ૮૩) તા. ૧૯/૧/૨૬ને સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શારદાબેન શાંતિલાલ ગોહિલના ભાભી. રાજુ, ભારતી, વર્ષા, મીરા અને સ્વ. મનોજના માતુશ્રી. હરિભાઈ ગોવિંદભાઈ મકવાણાના દિકરી. મેઘાબેનના સાસુ. બિનાલી ધવલ હરસોરા, આયુષના દાદીમા. લૌકિક પ્રથા બંધ છે.

**સોની કચ્છી પરજીયા પટણી જ્ઞાતિ (સુસણીયા)**

સોની મંજુલાબેન વીરજીભાઈ સુસણીયા (ઉં.વ. ૭૬) તા. ૧૯-૧-૨૬ના રામશરણ પામ્યા છે. તે સ્વ. સોની નેણબાઈ મુળજીભાઈ થલેશ્વરના સુપુત્રી. સ્વ. સાકરબાઈ જેઠાલાલ સુસણીયાના વહુ. મયુર વીરજી સુસણીયા, આનંદ વીરજી સુસણીયા, અ.સૌ. આનંદી લલિતકુમાર વાઘેલાના માતાશ્રી. ફાલ્ગુની મયુર સુસણીયા, સોની દીપાલી આનંદ સુસણીયા, લલિતકુમાર પોપટલાલ વાઘેલાના સાસુમા. કૃષિકા, નિષીકા અને શ્રેયાંસ, યશના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ગઢડા નિવાસી હાલ મુંબઈ, શીલાબેન કાંતીલાલ અજમેરા (ઉં.વ. ૮૭) તે સ્વ. કાંતીલાલ દુર્લભદાસ અજમેરાના ધર્મપત્ની. નવનીતના માતુશ્રી. ફોરમના સાસુમા. સૌમ્યાના દાદીમા. સ્વ. શારદાબેન, સ્વ. જયંતીભાઈ શાહના સુપુત્રી. અરૂણભાઈ, નિરેનભાઈ, રાજુભાઈના કાકી. રવિવારના તા. ૮/૧/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની બંને તરફની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૨/૧/૨૬ના સાંજના ૫ થી ૭. સ્થળ: વાય.બી. ચવ્હાણ ઓડિટોરીયમ, જગન્નાથ ભોંસલે માર્ગ, સચીવાલય નજીક, મુંબઈ.

**કપોળ વૈષ્ણવ**

કાગળવાલા જગમોહનદાસ મહેતાના સુપુત્ર પ્રિયવદન મહેતા (ઉં.વ. ૮૯) ૨૦-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. મહેતા પરિવાર - જયશ્રી, જતીન, રેશમા, નિવેદિતા, જોર્જ, અમાનત, અનમોલ, ઇન્ડિયા, પ્રફુલ મહેતા અને સ્વ. ઈન્દુબેન રસિકલાલ સંઘવી અને સ્વ. નટવરલાલ છગનલાલ ગોરાડીયા પરિવાર.

**ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ**

મૂળ લાઠ(તા. ઉપલેટા) હાલ રાજકોટ, હિંમતલાલ કાનજીભાઈ રાવલ (ઉં.વ. ૭૮) તે રંજનબેનના પતિશ્રી. હરસુખભાઈ રાવલ, શોભનાબેન પંડ્યા તથા હંસાબેન પંડ્યાના ભાઈ. ડો. મલ્લિકાબેન રાવલના પિતાશ્રી તા. ૨૦/૧/૨૬ના અવસાન થયેલ છે. બેસણું તા. ૨૨/૧/૨૬ને ગુરુવાર સાંજે ૪ થી ૬. સત્યેશ્વર મહાદેવ મંદિર - સત્યમ શિવમ સુંદરમ સોસાયટી, એમઆરએફ શો રૂમની બાજુમાં, જામનગર રોડ, માધાપર ચોકડી નજીક, રાજકોટ.

## પારસી મરણ

થ્રીતી પેસ્તનજી કરાની તે મરહુમ પેસ્તનજીના ધન્યાની. તે મરહુમો હીલ્લા જાલેજર વાનીયાના દીકરી. તે ઝરીન, નીના ને બેપસીના માતાજી. તે દારાયસ ને હોમીયાના સાસુજી. તે ફીરોઝ તથા મરહુમો રુસી, રૂસ્તમજી, દારા ને જીમીના બહેન. તે ઝીબલદા, કૈઝાદ બામજી, રોકસેન ભગતના ગ્રેન ચીલ્ડ્રન. (ઉં. વ. ૯૦) ઠે. શાનતી, વલભ અરબુદા દરશન, ફ્લેટ નં. ૪૦૩. ચોથે માળે, સુંદર નગર, કાલીના, સાન્તાક્રુઝ (ઈ), મુંબઈ-૪૦૦૦૯૮. ઉઠમણાઃ તા. ૨૨-૧-૨૦૨૬ ને દીને બપોરે ૩-૪૦ વાગે સોનાવાલા અગ્યારીમાં છેજી.

સોલી બાહાદુરજી ઉદવાડીયા તે મરહુમો ધનમાય બાહાદુરજી ઉદવાડીયાનાં દીકરા. તે મરહુમ મોનુના ભાઈ. તે શેરનાઝના મામા. તે આલુના જેઠ. (ઉં. વ. ૯૦). ઠે. આવાબઈ પીતીત પેથ, બ્લોક-સી-૧, બાલારામ સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાની ક્રિયા: તા. ૨૨-૦૧-૨૦૨૬ ને દીને બપોરે ૩.૪૦ વાગે પુને અગ્યારીમાં છેજી.

બ્લોસમ બિલ્ડીંગ, કાંદીવલી (વે.).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના પુષ્પાબેન ઝવેરીલાલ ગોગરી (ઉં.વ. ૮૨) ૨૦-૧ના અવસાન પામેલ છે. ઝવેરીલાલના પત્ની. નાનબાઇ દેવજીના પુત્રવધૂ. મનીષ, વિપુલ, ભારતી, અલ્કાના માતા. ના. ભાડીયા સુંદરબેન મોનજીના પુત્રી. રમેશ, રતનબેન, કાંતાબેન લીલાવતી, કલાવતી, સાકર, જયવંતીના બેન. પ્રાર્થના : ૨૨-૧-૨૬, ગુરૂવાર, શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૪ થી ૫.૩૦. નિ. મનીષ ગોગરી, ૧૦૦૧/૧૮ડી, ભોજ ભવન, શિવપુરી કોલોની, ચેંબુર-૭૧.

બાડાના મિલન છાડુઆ (છાડવા ) (ઉં.વ. ૭૪) તા. ૧૩/૧/૨૬ના અમેરિકામાં અવસાન પામેલ છે. હાંસબાઇ ધારશીના પૌત્ર. રતનબેન રામજીના પુત્ર. દીવાળીબેનના પતિ. રાજ, મનિષના પિતા. વસંત, લલીત, અરૂણ અને સંસાર પક્ષે કલ્પવંદિતા શ્રી જી મ.સા. અને ક્ષાયિકપૂર્ણાજી મ.સા.ના ભાઈ. કોડાયના ખેતબાઈ ચુનિલાલ લાલનના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વસંતભાઇ શાહ, ૬૦૨/એ, રવિ એપાર્ટમેન્ટ, એસ.એલ. રોડ, મુલુંડ (વે.).

હાલાપુરના મયુર (મોન્ટુ) ગડા (ઉં.વ. ૪૦) ૨૦-૧-૨૬ના અવસાન પામેલ છે. કુંવરબાઇ નાગજી ડુંગરશીના પૌત્ર. મધુબેન પ્રવિણ નાગજી ગડાના પુત્ર. પાયલના ભાઇ. મુલબાઇ શીવજી કાનજી કારાણીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. મયુર પ્રવિણ ગડા, ૩/૩૪, અંબિકા ભુવન, ડી.એન.સી. સ્કુલની પાછળ, ડોંબીવલી (ઇસ્ટ).

ગુંદાલાના જયંતીલાલ રામજી દેઢીયા (ઉં.વ. ૭૬) તા. ૧૯-૧-૨૬નાં અવસાન પામ્યા છે. મણીબેન રામજીના પુત્ર. વિમળાબેનના પતિ. એક્તા, દર્શના, ફેનીસના પિતા. જ્યોતિ (જયવંતી), કુસુમ, મહેશ, દિપકના ભાઇ. સ્વ. હીરબાઇ વિસનજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ફેનીસ જયંતીલાલ, ૬-સી વિંગ, મનોહર ભગત બિલ્ડીંગ, તુકારામ નગર, ડોંબીવલી (ઇ.).

નાના ભાડીયાના પ્રેમીલાબેન કમલકાંત રાંભીયા (ઉં.વ. ૭૪) જલગાંવ મધ્યે તા. ૧૯-૧-૨૬ના અવસાન પામેલ છે. ગાંગબાઈ વસનજી શામજીના પુત્રવધૂ. કમલકાંતના પત્ની. રીંકુ, કિરણના માતૃશ્રી. કુંવરબાઈ આણંદજીના પુત્રી. મનહર, અરવિંદ, રસીક, હસમુખ, સુશીલાબેન હરીલાલ, સમાઘોઘા તરલાબેન ભીમશી, ભોજાય વાસંતીબેન ડુંગરશી (શંભુભાઈ), રામાણીયા કોકિલાબેન જવેરચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કિરણ રાંભીયા, ૩૦, પારેખ નગર, જલગાંવ.

લુણીના રેખાબેન કલ્યાણજી ગલિયા (ઉં.વ. ૮૦) ૨૦-૧-૨૬ અવસાન પામેલ છે. તે મમીબાઈ ગેલા આણંદ ગલિયાના પુત્રવધૂ. કલ્યાણજીના પત્ની. સોલાપુરના પુષ્પા મુગટલાલ શાહના સુપુત્રી. હેમંતના માતુશ્રી. સોલાપુરના અતુલ, અનિલ, શીતલ, મંદાના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. હેમંત ગલિયા, ૬/૧૦, રૂમ નં.૧૮, દેવનાર મ્યુનિસિપલ કોલોની, સાઈબાબા મંદિરની સામે, દેવનાર, મું.૪૩.

ભુજપુરના રાજેન્દ્ર તેજશી દેઢિયા (શાહ) (ઉં.વ. ૬૭) તા. ૨૦-૧-૨૬ના અવસાન પામેલ છે. દમયંતી તેજસીના સુપુત્ર. છાયાના પતિ. ચિંતનના પપ્પા. રવિન્દ્ર, અલકેશ, મોટા આસંબિયા ચંદ્રિકાબેન હેમચંદ વસનજી ગાલાના ભાઈ. ભુજપુર કસ્તુરબેન ખીમજી ગોગરીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. છાયા રાજેન્દ્ર દેઢિયા. બી/૭૦૨, ગોહિલ મેન્શન, ક્રોસ રોડ ન. ૨, ઈરાની વાડી, કાંદિવલી (વે).

ગુંદાલાના દિપક કુંવરજી બોયડ (ઉં.વ. ૬૧) તા. ૨૦-૧-૨૬નાં અવસાન પામેલ છે. નેણબાઇ ઉકેડા વીરજીના પૌત્ર. અમૃતબેન કુંવરજી ઉકેડાના સુપુત્ર. પરેશ, સ્વ. લહેરચંદ, પ્રીતેશ, મેહુલના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : કુંવરજી ઉકેડા બોયડ, ગાંવદેવી રોડ, મૌલાના ચાલ, દિપક સ્ટોર. ઘાટકોપર (વેસ્ટ).

ભોજાયના કસ્તુર નાગડા (ઉં.વ. ૬૮) તા. ૩૧/૧૨/૨૫ના અરીહંત શરણ પામ્યા હતા. સ્વ. લીલબાઈ શામજી નાગડાની સુપુત્રી. ચુનીલાલના બહેન. ગામ હમલા મંજલના હાંસબાઈ ચનાભાઈ વસાઈઆ હરીયાના દોહિત્રી. રહેઠાણ - ચુનીલાલ નાગડા, બ્લોસમ બિલ્ડીંગ, વૈશાલી નગર, વસઈ (વેસ્ટ). પ્રાર્થનાસભા રાખેલ નથી.

ભોજાયના લીલબાઈ શામજી કુંવરજી નાગડા (ઉં.વ. ૯૦) તા. ૩૧/૧૨/૨૫ના અરીહંતશરણ પામ્યા હતા. સ્વ. શામજીના પત્ની. ચુનીલાલ, કસ્તુરના માતાજી. ગામ હમલા મંજલના હાંસબાઈ ચનાભાઈ વસાઈઆ હરીયાના પુત્રી. તલકશીના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. રહેઠાણ - ચુનીલાલ નાગડા, બ્લોસમ બિલ્ડીંગ, વૈશાલી નગર, વસઈ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી, હાલ મલાડ, સ્વ. વિનયચંદ વર્ધમાન શાહના પુત્ર કિશોરભાઈ (ઉં.વ. ૮૬) ૨૦-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રવિણાબેનનાં પતિ. અ.સૌ. મેઘના અક્ષય શાહના પિતા. જિયાના નાના. સ્વ. મહેન્દ્રભાઈ, સુભાષભાઈ, હરેશભાઈ, વિજયભાઈ, સ્વ. લતાબેન, વર્ષાબેનના ભાઈ. સ્વ. અમૃતલાલ ગીરધરલાલ શાહ ભાવનગરવાળાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. નિવાસસ્થાન: બી-૩૦૩ ઓમઆશીષ કો.ઓ.હા.સો. લિબર્ટી ગાર્ડન રોડ નં. ૪, નૂતન આયોજનનગર સામે, મલાડ વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જોબાલા નિવાસી હાલ મલાડ, સંજય નાનાલાલ શેઠના પત્ની હિના (ઉં.વ. ૬૩) રન્નાના માતા. સ્વ. જ્યોત્સના નાનાલાલ શેઠના પુત્રવધૂ. સ્વ. ચંદ્રિકા જગદીશચંદ્ર દોશીના પુત્રી. ૧૯ જાન્યુઆરીના રોજ અવસાન થયું છે. મીરાબેન અશોકભાઈ શાહ, સુરુપાબેન જયેશભાઈ સંઘવી, દિમ્પી અભિલાષભાઈ શેઠના ભાભી. નયનાબેન, વિજયભાઈના બહેન. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સરનામું: એ૪૧, રુસ્તમજી રિવેરા, ઓર્લેમ. મલાડ પશ્ચિમ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

પુરુષ

# વર્ક - લાઈફ ને બેલેન્સ કર્યા પછી જશ ન મળે તો શું કરવું?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com




આજના સમયમાં પુરુષના ખભા પર જવાબદારીઓનો ભાર અગાઉ કરતાં અનેકગણો વધી ગયો છે. એક તરફ કરિયરમાં ટોચ પર પહોંચવાની હોડ છે અને બીજી તરફ પરિવારને પૂરતો સમય આપીને એક આદર્શ પિતા, પતિ કે પુત્ર બનવાની મથામણ છે. જ્યારે કોઈ પુરુષ ખૂબ જ સંઘર્ષ કરીને પોતાની ઓફિસ અને ઘર વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેની પાછળ તેની વર્ષોની મહેનત અને માનસિક શક્તિ ખર્ચાતી હોય છે. અહીં આશ્ચર્યની વાત એ છે કે આટલું સંતુલન જાળવ્યા પછી પણ જ્યારે તેને યોગ્ય પ્રશંસા કે 'જશ' નથી મળતો ત્યારે તે અંદરથી ભાંગી પડે છે. ઓફિસમાં કદાચ એવું સાંભળવા મળે કે તમે કામમાં પૂરતું ધ્યાન નથી આપતા અને ઘરે એવું સાંભળવા મળે કે તમે પરિવાર માટે સમય જ નથી કાઢતા.... આ બેવડી તલવાર પર ચાલવા જેવી સ્થિતિમાં જ્યારે જશને બદલે ટીકા મળે છે ત્યારે મનમાં એક મોટો પ્રશ્ન ઊભો થાય છે કે આ બધું કોના માટે?




આવી પરિસ્થિતિમાં સૌથી પહેલા એ સમજવું જરૂરી છે કે 'જશ' કે 'પ્રશંસા' એ બાહ્ય પરિબળ છે, જે આપણા નિયંત્રણમાં નથી. પુરુષોમાં નાનપણથી જ એવી માનસિકતા કેળવવામાં આવે છે કે તેમણે કુટુંબના 'પ્રોવાઈડર' બનવું અને બદલામાં માન-સન્માન મેળવવું. જ્યારે આ સન્માન મળતું બંધ થાય છે, ત્યારે આત્મવિશ્વાસ ડગમગવા લાગે છે.

જોકે અહીં દ્રષ્ટિકોણ બદલવાની જરૂર છે. જો તમે વર્ક-લાઈફ બેલેન્સ જાળવી રહ્યા છો તો તે તમે કોઈના પર અહેસાન કરવા માટે નહીં, પણ તમારા પોતાના માનસિક સ્વાસ્થ્ય અને સ્થિરતા માટે કરી રહ્યા છો. જો તમે ઓફિસના ટેન્શનને ઘરના ઉંબરા પર છોડીને પરિવાર સાથે બેસો છો તો તેનાથી મળતી શાંતિ એ તમારો અસલી પુરસ્કાર છે, પછી ભલે સામેવાળી વ્યક્તિ તેને સ્વીકારે કે ન સ્વીકારે. ઘણીવાર લોકો તમારી મહેનતને એટલા માટે નથી બિરદાવતા, કારણ કે તેમને તેની આદત પડી ગઈ હોય છે. તમારી હાજરી અને તમારું સમર્પણ તેમના માટે 'ગ્રાન્ટેડ' બની જાય છે.

આવે વખતે જશ ન મળે ત્યારે નિરાશ થઈને બેસી રહેવાને બદલે તમારી પ્રાથમિકતાઓનું પુનઃમૂલ્યાંકન કરવું જોઈએ. શું તમે ખરેખર બેલેન્સ કરી રહ્યા છો કે માત્ર દેખાવ? ક્યારેક આપણે કામ અને ઘર વચ્ચે ફિઝિકલી હાજર હોઈએ છીએ પણ મેન્ટલી ગેરહાજર. જો તમારી મહેનત સાચી છે અને છતાં પ્રતિસાદ નકારાત્મક છે તો સંવાદ સાધવો અનિવાર્ય છે. પુરુષ અવારનવાર પોતાની લાગણીઓ વ્યક્ત કરતા અચકાય છે, પણ સાથીદાર કે બોસ સાથે સ્પષ્ટ વાતચીત કરવાથી ગેરસમજ દૂર થઈ શકે છે. તમારે એ સ્વીકારવું પડશે કે તમે સુપરમેન નથી. તમે દરેકને દરેક સમયે ખુશ રાખી શકતા નથી. જે દિવસે તમે આ સત્યનો સ્વીકાર કરી લેશો તે દિવસે બીજાના અભિપ્રાયો તમારી શાંતિ હણી શકશે નહીં. જશની અપેક્ષા રાખવી એ માનવ સહજ સ્વભાવ છે, પણ તેના પર નિર્ભર રહેવું એ માનસિક ગુલામી છે.

વર્ક-લાઈફ બેલેન્સનો અર્થ માત્ર સમયની ફાળવણી નથી, પણ ક્વોલિટીની ફાળવણી છે. જો ઓફિસમાં તમે સો ટકા આપ્યા પછી પણ પ્રમોશન કે વાહવાહી નથી મળતી, તો કદાચ સમય છે તમારી સ્કિલ્સ વધારવાનો અથવા નવી તકો શોધવાનો. તેવી જ રીતે, જો ઘરે પૂરતો સમય આપવા છતાં કચકચ થતી હોય તો જોવું જોઈએ કે એ સમયમાં તમે કેટલા આત્મીય છો. જશ ન મળવા પાછળ ક્યારેક સામા પક્ષની ઊંચી અપેક્ષાઓ પણ જવાબદાર હોય છે. લોકોની અપેક્ષાઓનો કોઈ અંત નથી હોતો અને જો તમે તેમને સંતોષવા જશો તો તમારું પોતાનું અસ્તિત્વ ભૂંસાઈ જશે તેથી તમારી જાતને પૂછો કે શું તમે તમારી નજરમાં સાચા છો? જો તમારો અંતરાત્મા કહેતો હોય કે તમે શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે તો પછી દુનિયાના સર્ટિફિકેટની કોઈ કિંમત નથી.

આખરે, પુરુષ તરીકે તમારે તમારી સફળતાની વ્યાખ્યા જાતે લખવી પડશે. સફળતા એટલે માત્ર મોટું બેંક બેલેન્સ કે ઓફિસમાં મોટી કેબિન નથી, પણ રાત્રે ઊંઘતી વખતે મળતો સંતોષ છે. જશ ન મળે ત્યારે હારી જવાની જરૂર નથી, પણ તમારી કાર્યપદ્ધતિમાં થોડો ફેરફાર કરવાની જરૂર છે. પોતાની જાત માટે થોડો સમય કાઢો, પોતાના શોખ પૂરા કરો અને પોતાની પ્રશંસા પોતે કરતા શીખો. જ્યારે તમે અંદરથી મજબૂત હશો ત્યારે બહારનો અવાજ તમને વિચલિત કરી શકશે નહીં. જીવન એક સફર છે, જેમાં ઉતાર-ચઢાવ આવવાના જ છે, પણ જો તમે બેલેન્સ જાળવવાની કળા શીખી ગયા છો, તો જશ મળે કે ન મળે, તમે વિજેતા જ છો. તમારી મહેનત એ બીજ જેવી છે, જે કદાચ અત્યારે દેખાતી નથી, પણ યોગ્ય સમયે તેના ફળ ચોક્કસ મળશે. ત્યાં સુધી ધીરજ અને મક્કમતા સાથે આગળ વધતા રહેવું એ જ સાચું પુરુષત્વ છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# મહાન માણસોની કર્કશા પત્ની... કારણ શું?

*ડિયર હની,*

પત્ની વિષે ઘણું બધું લખાયું છે અને એમાં એક મુદ્દો સદીઓથી ચર્ચાતો રહ્યો છે અને એ છે, મહાન માણસોની કર્કશા પત્નીઓ.

આવા કિસ્સાઓ મશહૂર છે અને એમાં વાંક પત્નીનો છે કે ખુદ પતિનો એ નક્કી કરવામાં એક નહિ અનેક મત છે. હા, પણ એ વાત સાચી છે કે, મહાન લેખકો અને ચિંતકોના અંગત જીવનમાં તેમની પત્ની સાથેના સંબંધો ખૂબ જ ચર્ચાસ્પદ રહ્યા છે.

લોકવાયકા અને જીવનચરિત્રો મુજબ કેટલીક પત્ની તેમના કર્કશા એટલે કે, ઝઘડાળુ કે કઠોર સ્વભાવ માટે કુ -ખ્યાત બની હતી. કેટલાક દાખલા જોઈ જવા જેવા છે, જેમકે.... ઇતિહાસમાં સૌથી જાણીતો કિસ્સો સોક્રેટિસ અને જેન્થિપીનો છે. કહેવાય છે કે એકવાર સોક્રેટિસ પર ગુસ્સે થઈને જેન્થિપીએ તેમના માથા પર ગંદા પાણીનું ટબ ઊંધું વાળી દીધું હતું. સોક્રેટિસે શાંતિથી એટલું જ કહ્યું :

'હા, મેં ધાર્યું જ હતું કે આટલી ગર્જના પછી વરસાદ તો પડશે જ!'

બીજો દાખલો પણ જાણીતો છે, લિયો ટોલ્સટોય અને સોફિયાનો. વિશ્વપ્રસિદ્ધ રશિયન લેખક ટોલ્સટોયનું દામ્પત્ય જીવન ખૂબ જ સંઘર્ષમય હતું. શરૂઆતનાં વર્ષો સારાં રહ્યાં પણ પાછળથી આદર્શો અને મિલકતના વિવાદોને કારણે સોફિયા સાથે તેમનો ઘર્ષણ વધ્યો. આખરે ટોલ્સટોય પોતાના ઘરની અશાંતિથી કંટાળીને ૮૨ વર્ષની ઉંમરે ઘર છોડીને ભાગી ગયા હતા અને રેલવે સ્ટેશન પર તેમનું મૃત્યુ થયું હતું. અબ્રાહમ લિંકન અને મેરી ટોડનું લગ્ન જીવન પણ સારું રહ્યું નહોતું. આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને મિલેવા મેરિક વચ્ચે પણ મતભેદો તીવ્ર હતા. આઈન્સ્ટાઈને તેમની પત્ની માટે જે.' 'નિયમોની યાદી' બનાવી હતી, તે દર્શાવે છે કે તેમના સંબંધોમાં કેટલી કડવાશ હતી. ભારતીય સંદર્ભમાં વાત કરીએ તો ગુજરાતી સાહિત્યના યુગપુરુષ નર્મદના અંગત જીવનમાં પણ સ્ત્રીઓ સાથેના સંબંધો અને લગ્નજીવનના અનેક વળાંકો હતા, જે તેમનાં લેખનમાં પણ દેખાય છે.

આ મુદે ચર્ચાઓ ઘણી થઇ છે. મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ આ કિસ્સાઓને તપાસવાની જરૂર છે. મહાન માણસો મોટાભાગે તેમના લક્ષ્ય, સંશોધન, રાજકારણ કે કળામાં એટલા ડૂબેલા હોય છે કે તે પોતાના પરિવારને પૂરતો સમય આપી શકતા નથી. પત્ની જ્યારે એકલા હાથે ઘરની તમામ જવાબદારીઓ નિભાવતી હોય અને પતિ માનસિક રીતે ગેરહાજર હોય ત્યારે સ્વાભાવિક રીતે તેનામાં ચીડિયાપણું અને ગુસ્સો આવી શકે છે.

ઉપરાંત, ઘણીવાર મહાન વિચારો કરનારા લોકો વ્યવહારિક રીતે કાચા હોય છે. તે પૈસા કમાવવા કરતાં પોતાના આદર્શો પાછળ વધુ દોડતા હોય છે. જ્યારે ઘરમાં પાયાની જરૂરિયાતો પૂરી ન થતી હોય ત્યારે પત્નીનું ઝગડાખોર થવું એ વાસ્તવમાં ઘર બચાવવા માટેનો સંઘર્ષ હોઈ શકે છે. એટલું જ નહિ, સમાજ મહાન માણસની પત્ની પાસે પણ 'મહાન' બનવાની અપેક્ષા રાખે છે. તેણે હંમેશાં ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ બની રહેવું પડે છે. પોતાની ઈચ્છાઓ અને વ્યક્તિત્વને દબાવવાને કારણે જે માનસિક તણાવ પેદા થાય છે, જે ક્યારેક ગુસ્સા સ્વરૂપે બહાર આવે છે. મહાન માણસોના વિચારો સામાન્ય દુનિયા કરતાં અલગ હોય છે. પત્ની ઘણીવાર વ્યવહારિક હોય છે, જ્યારે પતિ કાલ્પનિક અથવા વૈચારિક દુનિયામાં હોય છે. આ બે અલગ-અલગ દુનિયા જ્યારે એક છત નીચે ભેગી થાય ત્યારે વૈચારિક મતભેદ અને ઝઘડા થવાની શક્યતા વધી જાય છે.

આમાં સૌથી મહત્ત્વની વાત કે જે બહુ ઓછી ચર્ચાઈ છે કે ઇતિહાસ મોટાભાગે પુરુષોએ લખ્યો છે. ઘણીવાર પત્નીના પક્ષની વાત રજૂ કરવામાં આવતી નથી. જે સ્ત્રી પોતાના હક માટે અવાજ ઉઠાવે તેને ઇતિહાસે 'કર્કશા' તરીકે ચિતરી દીધી હોય એવું પણ બની શકે.

પત્નીની ભૂમિકા આવા સંજોગો જરા મુશ્કેલ બની જાય છે, કારણ કે આવા પતિઓ પોતાના કામમાં એટલા જોતરાયેલા રહે છે કે, પત્ની અને એની ઇચ્છાઓ પર ધ્યાન આપી શકતા નથી કે આપતા નથી. એમાંથી સમસ્યા ઊભી થાય છે. ઘણા બધા કલાકારોની જિંદગીમાં પણ આવું બન્યું છે. એમાં ક્યારેક અન્ય સબંધો પણ કારણભૂત બનતા હોય છે. અને એ વાત સાવ સાચી છે કે, પત્ની માની લો કે ઝગડાખોર બની પણ એવું શા માટે બન્યું એ વિષે એને કદી પુછાયું નથી. એમનો પક્ષ જાણવા મળ્યો નથી.

આપણી વચ્ચે પણ ઝગડા થયા છે. ઘણીવાર હું કે તું ગુસ્સે થયા હોય એવુય બન્યું છે અને થોડા કલાકો વચ્ચે બંને વચ્ચે સંવાદ અટકી પડ્યો હોય એવું ય બન્યું છે. , પણ એવું લાંબો સમય રહ્યું નથી. કાં તો તું કાં તો હું એકબીજાને મનાવવા પ્રયત્ન કરીએ પછી ઝગડા પર પૂર્ણવિરામ મુકાઈ જાય છે. દરેક પત્ની ચાહે છે કે, એ માત્ર રસોડાની રાણી ના બની રહે. એના અસ્તિત્વની નોંધ લેવાય, એની ઇચ્છાઓ પ્રત્યે ધ્યાન અપાય. એના મૂડનો પણ ખ્યાલ કરવામાં આવે. બસ આટલું થાય તો ઇતિહાસમાં કર્કશા પત્નીઓ એવા શબ્દો વપરાય છે એ વાપરવા ના પડે.

- અને હા, કર્કશ પતિઓના એવા કિસ્સા ઇતિહાસમાં કેટલા? આ વિશે વાત થવી જોઈએ. આપણે કરીશું ફરી ક્યારેક.....

**તારો બન્ની.**

સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી


# વ્યસ્ત રહો... સ્વસ્થ રહેશો

આપણે ત્યાં ઉંમર થાય એટલે નિવૃત્ત થઈ જવાનો ટ્રેન્ડ છે. જોકે સ્ત્રીઓને એ સૌભાગ્ય મોટેભાગે પ્રાપ્ત થતું નથી. આમ છતાં કેટલીક વૃદ્ધ મહિલાઓ દીકરાની વહુ આવે એટલે બધી જ જવાબદારીઓનો ટોપલો વહુને ઓઢાડીને પોતે આરામ પર ઊતરી જાય છે. બેઠાં બેઠાં ઓર્ડર છોડે છે. તૈયાર જમવાનું - ચા - પાણી - નાસ્તો કરે છે. પુરુષો તો મોટેભાગે આમ જ કરતા હોય છે, પણ જો લાંબુ સ્વસ્થ જીવન જીવવું હોય તો આવું ના કરતા. હંમેશ પ્રવૃત્તિમય રહેજો. નાનાં - મોટા કામ કરતા રહેજો. શરીરને મગજને કામે લગાડજો. આમ કરવાથી તન-મન બંને સ્વસ્થ રહેશે. તન-મન સ્વસ્થ હશે તો જીવન જીવવાની મજા આવશે. તમે મજામાં હશો, ખુશ હતો તો ઘરનું વાતાવરણ પણ ખુશહાલ રહેશે. સંતાનોને પણ ગમશે અને ઘરનાં નાના બાળકોને પણ મજા આવશે. આમ ઘરના વડીલ જો વ્યસ્ત - સ્વસ્થ અને ખુશ હશે તો આખો પરિવાર ખુશ રહેશે. નિયમિત જીવન અને ગમતું કામ માનવીને ખોટા વિચારોથી દૂર રાખે છે.

જ્યારે પણ નિવૃત્તિ આયોજનની વાત આવે છે ત્યારે મોટાભાગના લોકો માત્ર નાણાકીય બાબતોનો વિચાર કરે છે. તેમને લાગે છે કે રૂપિયા હશે તો નિવૃત્તિ પરમસુખ બની જશે. જોકે આ વાત સાચી નથી. માત્ર સંપત્તિ હોવાથી નિવૃત્તિ આનંદમય બનતી નથી. હું એવી કેટલીયે વ્યક્તિઓને, દંપતીને ઓળખું છું જેમની પાસે સંપત્તિની કમી નથી, છતાંય સુખી નથી. તેમનું સ્વાસ્થ્ય પણ સારું છે, કોઈ સમસ્યા નથી, પણ તેમની પાસે કોઈ કામ નથી, કોઈ પ્રવૃત્તિ નથી. કોઈ એવી પ્રવૃત્તિ કે શોખ નથી જે તેને વ્યસ્ત રાખે, જાગૃત રાખે, ખુશ રાખે. તેમનું દિમાગ ખાલી હોય છે અને આપણે કહીએ છીએ 'નવરો બેઠો નખ્ખોદ વાળે' તેથી નવરા બેઠાં એવાં એવાં વિચારો કરે કે ક્યારેક પરિવારમાં ઝઘડાનું કારણ બની જાય. તંદુરસ્તી પર અસર થાય અને માંદગી નોતરે. એટલે એમનો કકળાટ શરૂ થઈ જાયઃ

'વહુ-દીકરો ધ્યાન રાખતા નથી', 'તબિયત બહુ ખરાબ છે - બ્લડ પ્રેશરની તકલીફ છે'. આવા બધાં રોદણાં રડવાનું ચાલુ થઈ જાય છે. તેથી જ નિવૃત્તિમાં મનગમતી પ્રવૃત્તિમાં મન પરોવવાથી જીવનમાં આનંદનો અનુભવ થાય છે.

આ રંજનાબહેનની જ વાત કરું. રંજનાબહેનની ઉંમર હશે ૮૬-૮૭ વર્ષ. ભગવાનની દયાથી સ્વાસ્થ્ય સારું છે અને રંજનાબહેન ક્યારેય પગ વાળીને બેઠાં નથી. તેમને ખાલી બેઠા રહેવું કે ગપ્પા મારવામાં જરાય રસ નથી. ઘરમાં પુત્રવધૂને તો મદદ કરાવે જ છે. પોતાનથી ૨-૩ વર્ષ મોટા પતિની તબિયત નરમગરમ રહે છે તો તેમની સંભાળ રાખે. સાથે-સાથે પોતાની જ્ઞાતિના મહિલા મંડળમાં પ્રમુખ તરીકેની ફરજ પણ બજાવે. મજાની વાત એ છે કે પોતે પરામાં રહે છે અને મહિલા મંડળની ઑફિસ ટાઉનમાં છે તો મીટિંગ માટે રંજનાબહેનને ટાઉનમાં જવું પડે. રંજનાબહેન ક્રિએટીવ સેન્સ ધરાવે છે. તેથી મહિલા મંડળમાં નીતનવા કાર્યક્રમોનું આયોજન કરે. એક કાર્યક્રમનું આયોજન કરવું અને તેને સફળતાથી પાર પાડવો એ કાંઈ જેવું-તેવું કે નાનું-સુનું કામ નથી. બહુ જ શ્રમ, જહેમત, સમય, પૈસા માગી લે છે. પણ રંજનાબહેન વર્ષ દરમિયાન નીત-નવા કાર્યક્રમ કરતા જ રહે છે, થાકતા નથી.




ફક્ત મહિલા મંડળમાં જ રંજનાબહેન કાર્યરત છે એવું નથી. પોતે જ પરાંમાં રહે છે તે પરામાં ચાલતી સંસ્થાના કાર્યક્રમોમાં પણ જાય અને ભાગ પણ લે. આ ઉંમરે પણ નવું નવું શીખવાની તેમની ધગશ કાબિલે તારીફ છે. તેમના સમાજની સાહિત્યમાં પણ તે ઊલટભેર ભાગ લે. લખવામાં તેમની હથોટી નથી. પણ વાંચી વાંચીને, શીખીને લખવાની કોશિશ કર્યા જ કરે અને હવે ધીરે ધીરે થોડું ઘણું લખતા શીખી ગયાં છે. લખીને જ્ઞાતિ મેગેઝિનમાં પ્રકાશિત અર્થે મોકલવાનું રંજનાબહેન ચૂકે નહીં. બહેનોને સાહિત્યમાં રસ લઈને લખવાની પ્રેરણા આપતી સંસ્થામાં પણ સભ્ય બની ગયા છે, જેથી બહેનોની સાહિત્ય સભામાં જઈને કંઈક નવું શીખી શકે. આટલી વૃદ્ધાવસ્થામાં રંજનાબહેનનું જોશ જોઈને આપણે નવાઈ જ લાગે.

આવું પ્રવૃત્તિમય જીવન જીવવાથી રંજનાબહેન હંમેશાં ખુશખુશાલ હોય છે. તે ક્યારેય રોદણાં રડતા નથી. હા, ક્યારેક પોતાનું કામ વ્યવસ્થિત ન થાય તો અપસેટ થઈ જાય છે. તે માને છે કે, નિવૃત્તિ એટલે સ્વતંત્રતા, આ પ્રકારની નિવૃત્તિ પ્રાપ્ત કરવા માટે કર્મ એવી રીતે કરવું જોઈએ કે જેથી અંતે કર્મમાંથી મુક્ત બની જવાય. યમરાજનું તેડું આવે તો એની આંગળી પકડીને ચાલતા થવા તૈયાર રહેવાનું છે , પણ એ પહેલાં આપણાંથી જે બને - જેટલું બને તેટલું કરતા રહેવાનું. નવરા નહીં બેસવાનું. રંજનાબહેનની વાતો સાંભળીને મને કવિ શ્રી રિષભ મહેતાની ગઝલ યાદ આવી :

*'ફરી એકડો ઘૂંટીશ, કક્કો લખીશ પાછો,*
*જૂનું બધું યે નવી રીતથી ભણીશ પાછો.*
*ઘણું ય કાચું રહી ગયું છે હવે જણાયું,*
*બધું ફરીથી બહુ જ પાકું કરીશ પાછો.*
*ઘણીય વેળા ઊઠા ભણાવી ગયા છે લોકો*
*બધા જ ઘડિયા, બધાં દાખલા ગણીશ પાછો.*
*હવેથી નરસિંહ, હવેથી મીરાં, કબીર, તુલસી,*
*શબદ બધાનો ધીરે ધીરે હું પઢીશ પાછો.*
*હવે ભલેને કપાઈ જાઉં નથી જરા ડર*
*પતંગ સાથે ગગનમાં ઊંચે ઊડીશ પાછો.'*

આ 'સંધ્યા - છાયા'ના મિત્રોને સપ્રેમ અર્પણ... ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# મારી લડાઈ ફક્ત રાજનીતિક ન રહેતાં, અંગત યુદ્ધ બની ગઈ હતી...

(ભાગઃ ૩)

**નામઃ શેખ હસીના વાઝેદ**
સમયઃ ૨૦૨૫
સ્થળઃ અજ્ઞાત સ્થળ, દિલ્હી, ભારત
ઉંમરઃ ૭૮ વર્ષ

એક વ્યક્તિ ૭૮ વર્ષની ઉંમરે નિષ્કાસિત જીવન વિતાવી રહી હોય ત્યારે એ પોતાના ભવિષ્ય વિશે શું વિચારે, અથવા કઈ રીતે વિચારે... માણસ માત્રને વૃદ્ધાવસ્થામાં પોતાનું વતન યાદ આવે, એ જ વતનથી દૂર આજે, અહીં ભારતમાં બેઠી છું. પાછી જઈ શકીશ કે નહીં એ વિશે મારા મનમાં કોઈ સ્પષ્ટતા નથી ત્યારે વિતેલા દિવસોને સંભારવા સિવાય બીજું શું કરી શકું!

૧૯૭૧નો એ નરસંહાર પૂર્વ પાકિસ્તાન ક્યારેય ભૂલી નહીં શકે. સ્ત્રીઓ પર બળાત્કાર કરવામાં આવ્યા. નાના નાના બાળકોને પણ મારી નાખવામાં આવ્યા. સેનાએ રાજનીતિક સમાધાન કરવાને બદલે સૈન્યથી સમાધાન કરવાનું નક્કી કર્યું... ૧૯૭૦માં એમની પાર્ટી આવામી લીગને મળેલી બહુમતિના આધારે ભારતે ૧૯૭૨ના જાન્યુઆરી મહિનામાં મારા પિતાને પ્રધાનમંત્રી ઘોષિત કર્યા. એમણે પોતાની રીતે બદલાવ લાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ બહુ લાંબો સમય ટકી શક્યા નહીં કારણ કે, શરણાર્થીઓનો મોટો પ્રવાહ ભારત તરફ વહી રહ્યો હતો, એમને અટકાવવાના હતા. બાંગ્લાદેશને ફરી બેઠો કરવાનો હતો. બાંગ્લાદેશની સામે અનેક આર્થિક સંકટો હતા. દેશ યુદ્ધ પછીના આર્થિક પ્રશ્નો સાથે કામ પાડી રહ્યો હતો ત્યારે દુષ્કાળ પડ્યો. કાયદો અને વ્યવસ્થા જાળવી શકાયા નહીં. રાજનીતિક અસ્થિરતાને કારણે પાકિસ્તાન ફરી પાછું બાંગ્લાદેશને કાબૂમાં લઈ લે એવી પરિસ્થિતિ પેદા થઈ ત્યારે ચોથા સંવિધાનનું અમેન્ડમેન્ટ મૂકવામાં આવ્યું. સંસદીય પ્રણાલિને ધ્યાનમાં લઈને પ્રધાનમંત્રીનું પદ હટાવી દેવામાં આવ્યું એની જગ્યાએ ફક્ત રાષ્ટ્રપતિનું પદ રાખવામાં આવ્યું. આવામી લીગને બાંગ્લાદેશ ક્રિશક શ્રમિક આવામી લીગ નામ આપીને સામ્યવાદનું સમર્થન કરવામાં આવ્યું. પ્રેસ અને વિપક્ષ પર નિયંત્રણ મૂકવામાં આવ્યા. રાષ્ટ્રપતિને સમગ્ર સત્તા સમર્પિત કરવામાં આવી અને ૨૫ જાન્યુઆરી, ૧૯૭૫ના દિવસે મારા પિતા શેખ મુજીબુર રહેમાને રાષ્ટ્રપતિ પદના શપથ લીધા. એ વખતે એમનો કોઈ વિરોધ કરવામાં આવ્યો નહીં, કારણ કે કોઈ વિરોધ કરી શકે એમ નહોતું, પરંતુ અસંતોષની શરૂઆત ત્યારથી જ થઈ ગઈ.



લોકો માનતા હતા કે, સંવિધાનમાં ફેરબદલ કરીને શેખ મુજીબુર રહેમાન રાષ્ટ્રપતિ બન્યા અને એમણે તમામ સત્તા પોતાના હાથમાં લઈ લીધી. સંસદની સત્તાઓ સમાપ્ત કરવામાં આવી એટલે લોકશાહી ઉપર સીધો આઘાત થયો. રાજનીતિક અસ્થિરતા ઊભા થયા. પાકિસ્તાનનો હસ્તક્ષેપ તો ચાલુ જ હતો એટલે એમના તરફથી પણ અહીં વિરોધીઓ ઊભા કરવાની પ્રક્રિયા સતત ચાલી રહી હતી. એમાં સેનાએ બળવો કર્યો. ૧૫ ઓગસ્ટ, ૧૯૭૫ના દિવસે મારા પિતાની હત્યા થઈ. હું, રેહાના અને વાઝેદ-મારા પતિ જર્મનીમાં હતા ત્યાંથી સીધા ભારત આવ્યા. લગભગ ૬ વર્ષ હું ભારતમાં રહી.

૧૯૮૧ની એ ૧૭મી માર્ચે જ્યારે હું ઢાકાના એરપોર્ટ પર ઉતરી ત્યારે હું જ નહોતી જાણતી કે, મારું ભવિષ્ય શું હોઈ શકે... હું બસ મારા પિતાના હત્યારાઓને સજા અપાવવા માગતી હતી અને એ માટે સત્તા પર આવ્યા વગર મારી પાસે બીજો કોઈ રસ્તો નહોતો. ૧૯૮૧થી શરૂ કરીને ૧૯૯૬ સુધી મેં આ સત્તા પરિવર્તન માટે દિન-રાત કામ કર્યું. અંતે, આવામી લીગની જીત થઈ. બીએનપી (બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી) અને ખાલિદા ઝિયા ખરાબ રીતે હાર્યા. ફરી એક વાર અમારો પરિવાર સત્તારૂઢ થયો ત્યારે મેં મારા પિતાના કેસને ફરી ખોલાવ્યો. ૧૯૯૬માં મારા પિતાના હત્યારાઓને સજા કરવાની મારી મુરાદ પૂરી થઈ. એ વખતે સત્તામાં રહેલા ખાલિદા ઝિયાએ ઈન્ડેમ્નિટી ઓર્ડિનન્સ લાગુ કર્યો હતો. જેને મેં સત્તામાં આવતા રદ કર્યો અને પછી ન્યાયની લડાઈને પૂરી કરી. કેટલાક લોકોને ફાંસી થઈ, પરંતુ એમાંના ઘણા લોકો આવી રહેલી મુસીબતને ઓળખીને બાંગ્લાદેશ છોડીને એવા દેશોમાં ચાલી ગયા હતા જ્યાંથી એમને પાછા લાવવા સંભવ નહોતા.

સેના પર સખત નિયંત્રણ મૂક્યું. એક કડક શાસનની શરૂઆત કરી. બાંગ્લાદેશને એક નવી ઓળખ અને આર્થિક સ્થિરતા આપવાના મારા પ્રયાસ કેટલી હદે સફળ થયા એની મને ખબર નથી, પરંતુ મારી અને ખાલિદા ઝિયાની સત્તાના સંઘર્ષને વિદેશી પત્રકારોએ 'બેગમ્સ રાઈવલરી' નામ આપ્યું. ખાલિદા ઝિયાના પતિ ઝિયા ઉર રહેમાન પણ બાંગ્લાદેશના પૂર્વ રાષ્ટ્રપતિ હતા. ૨૭ માર્ચ, ૧૯૭૧ના દિવસે એમણે ચટગાંવથી રેડિયો પર ઘોષણા કરી હતી, 'બંગબંધુ શેખ મુજીબુર રહેમાન તરફથી હું મેજર ઝિયા બોલી રહ્યો છું. આજે એક સ્વતંત્ર બાંગ્લાદેશની ઘોષણા કરું છું.' આ ઘોષણાએ એમને રાષ્ટ્રીય ઓળખ આપી, પરંતુ ૧૯૭૫માં મુજીબુર રહેમાનની હત્યા પછી રાજનીતિક અસ્થિરતાને કારણે એ ચીફ માર્શલ લો એડમિનિસ્ટ્રેટરની પોસ્ટ પર ગોઠવાયા. એમણે મુજીબુર રહેમાનના હત્યારાઓને સંરક્ષણ આપ્યું અને મુકદ્દમા ન ચાલે એ માટે પ્રયાસ કર્યો. બદલામાં ૧૯૭૭માં એમને રાષ્ટ્રપતિ બનાવવામાં આવ્યા. એમણે બાંગ્લાદેશની રાજનીતિક સ્થિરતા માટે પ્રયાસ કર્યો. સૈન્યને કંટ્રોલ કરવાનો એમનો પ્રયાસ સરાહનીય રહ્યો. વિપક્ષને એટલે કે આવામી લીગને દબાવી દેવામાં એમણે મુખ્ય ભૂમિકા ભજવી. એમણે બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટીની સ્થાપના કરીને ૧૯૭૮માં એક ચૂંટણીમાં જનમત સંગ્રહ દ્વારા પોતાની બહુમતિ પ્રસ્થાપિત કરી. જોકે, આ વિશે ઘણા મતો પ્રવર્તે છે અને મોટાભાગના લોકો માને છે કે બીએનપી પહેલેથી ચૂંટણીમાં ગોટાળા કરતી આવી છે. ઝિયાના શાસન દરમિયાન ભારત સાથેના સંબંધો બગડ્યા. ઈસ્લામિક સમર્થક હોવાને કારણે પણ એમણે ભારતના મુસ્લિમોને સમર્થન આપ્યું અને આંતરિક વિગ્રહોને મદદ કરી એવું ઘણા લોકો માને છે. ૩૦ મે, ૧૯૮૧ના દિવસે ઝિયાની હત્યા થઈ. એ જ ચટગાંવમાં જ્યાંથી એમણે બાંગ્લાદેશના અસ્તિત્વની ઘોષણા કરી હતી. એ એક ગેસ્ટ હાઉસમાં રોકાયા હતા. લ્યુટેનન્ટ કર્નલ એમ.એ. મંઝુર આ બળવાના લીડર હતા એમ માનવામાં આવે છે. સવારે બેથી ત્રણની વચ્ચે ચટગાંવના સર્કિટ હાઉસને ઘેરી લેવામાં આવ્યું. સાવ નજીકથી અનેક ગોળીઓ મારીને એમની હત્યા કરવામાં આવી. જોકે, બાંગ્લાદેશના આંતરિક વિગ્રહોને કારણે લ્યુટેનન્ટ મંઝુરને પણ તરત જ પકડીને મારી નાખવામાં આવ્યા... આ ષડયંત્ર કોણે રચ્યું હતું એ વિશે અંતિમ સત્ય કદી કોઈ જાણી શક્યું નહીં. કેટલાય સૈનિકો પર કોર્ટ માર્શલ કરવામાં આવ્યું. અંતે, સૈન્યના અસંતોષ અને સત્તાના સંઘર્ષને કારણ માનીને ઝિયા ઉર રહેમાનની હત્યાનો કેસ બંધ કરી દેવામાં આવ્યો.

હું જ્યારે ભારતમાં સંરક્ષણ લઈ રહી હતી ત્યારે ઝિયાના માણસો તરફથી મને વારંવાર ધમકી આપવામાં આવતી. હું બાંગ્લાદેશ પાછી ન ફરું એ માટે મને સતત ડરાવવામાં આવતી. જોકે, હું ૧૭મી માર્ચે પાછી ફરી અને ૩૦મી મેએ ઝિયાની હત્યા થઈ એ માટે પણ મને જવાબદાર ઠેરવવામાં આવી. હું જો એટલી જ પાવરફૂલ હોત તો બાંગ્લાદેશની બહાર રહીને જ એમની હત્યા કરાવી શકી હોત. ૬-૬ વર્ષ સુધી હું કંઈ ન કરી શકી એ વાત જ સાબિત કરે છે કે, ઝિયાની હત્યામાં મારો કોઈ હાથ નહોતો. આમ પણ, મારા પિતા અને પરિવારનો જે રીતે સફાયો કરવામાં આવ્યો એ પછી મને વેર કે રક્તપાતમાં કોઈ રસ રહ્યો નહોતો.

ઝિયાની હત્યા પછી બીએનપીનું નેતૃત્વ બેગમ ખાલિદા ઝિયાએ સંભાળી લીધું. એ મારી સામે આવીને ઊભાં રહી ગયા. અમારા બંને પાસે લગભગ સરખાં કારણો હતાં. લોકોની સહાનુભૂતિ જીતવા માટે. મારા પિતા અને પરિવારની હત્યા થઈ હતી તો બીજી તરફ એમના પતિને પણ મારી નાખવામાં આવ્યા હતા. મારા પિતાએ બાંગ્લાદેશને સ્વતંત્રતા અપાવી હતી તો ઝિયા ઉર રહેમાને બાંગ્લાદેશને સ્થિરતા અને રાજનીતિક સ્પષ્ટતા અપાવવામાં મદદ કરી હતી. મારા પિતાએ આવામી લીગ સ્થાપીને બુદ્ધિજીવીઓને અને વિદ્યાર્થીઓને એક દિશા આપી હતી, તો ઝિયા ઉર રહેમાને બાંગ્લાદેશ નેશનલ પાર્ટી સ્થાપીને જનસામાન્યના અવાજને બુલંદ કર્યો હતો...

હવે, મારી લડાઈ ફક્ત રાજનીતિક લડાઈ ન રહેતાં, અંગત યુદ્ધ બની ગઈ હતી. ખાલિદા ઝિયા મારો વિનાશ ઈચ્છતા હતા. મારી પાર્ટી સંપૂર્ણપણે જમીનદોસ્ત થઈ જાય તો જ બીએનપી ટકી શકશે એવું એમને પહેલી ચૂંટણીમાં જ સમજાઈ ગયું હતું. મેં જ્યારે બાંગ્લાદેશના પહેલાં પ્રધાનમંત્રી પદના શપથ લીધા એ દિવસે જ અમારી વચ્ચે અંગત યુદ્ધની ઘોષણા પણ થઈ ચૂકી હતી.

(ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# માણસ છે ભૂલો તો થાય...

એ દિવસે અનુશ્રીની પરફેક્ટ છબીમાં તિરાડ પડી. અફવાઓનું બજાર ગરમ થઈ ગયું. ઓહો! એટીટ્યુડ તો જુઓ. ટીચર્સે માથે ચડાવી છે તો ભોગવે. સર્વાંગ-સંપૂર્ણ આદર્શોનાં પોટલાં સમાન છોકરીએ ભરચક્ક ક્લાસમાં આવું વર્તન કર્યું! ટીચર સામે રાડ પાડીને બોલી,ના પાડવા છતાં બહાર જતી રહી અને એ પણ દરવાજો જોરથી પછાડીને? કોઈના ગળે ઊતરે એવી આ વાત નહોતી, પરંતુ બનાવ બન્યો હતો એ નક્કી. સીસીટીવીનાં દ્રશ્યો સ્પષ્ટપણે અનુશ્રીના વર્તનની ચાડી ખાતા હતાં એટલે પ્રિન્સીપાલે નાછૂટકે એને સજા આપવી પડી. સજામાં મળ્યું ડિટેન્શન. ડિટેન્શન એટલે શનિવારે સ્કૂલમાં વહેલી છુટ્ટી પડે ત્યારે ઘેર જવાને બદલે આખો દિવસ એક રૂમમાં એવા વિદ્યાર્થીઓને ભેગા કરી બેસાડવામાં આવે જેમને કોઈના કોઈ રીતે સ્કૂલમાં ગેરવર્તન કર્યું હોય. ડિટેન્શન રૂમમાં જવાનો મતલબ એ કે તમે હવે સ્કૂલના અળવીતરાં સ્ટુડન્ટ્સના લિસ્ટમાં નામ નોંધાવી ચૂક્યાં છો.

જે ક્ષણે અનુશ્રીએ ડિટેન્શન રૂમમાં પગ મુક્યો એના માથે લાગેલું 'પરફેક્ટ ગર્લ 'નું લેબલ ઓગળી ગયું. સામે કદાચ નવું ટેગ એની રાહ જોતું ઊભું હતું. 'ગર્લ વીથ એટિટ્યુડ'. ...આ ઘટનાને કારણે અનુશ્રીના ટીચર્સ, ફ્રેન્ડ્સ, પેરેન્ટ્સ, ક્લાસમેટ્સ બધાં ડિસ્ટર્બ થઈ ગયેલાં.

જોકે અનુશ્રી રિલેક્સ હતી. કંઈક વિચિત્ર રીતે અંદરથી એ શાંતિ અનુભવવા લાગેલી. પરફેક્ટ ગર્લનો બોજ ઉતારી ફેંકવાથી પોતે હળવી થઈ ગઈ હોય એવો અહેસાસ થઈ રહેલો.

સજાના ભાગરૂપે એને માફીપત્ર લખવાનું કહેવાયું. ટૂંકમાં પોતે કરેલા વર્તનનો ખુલાસો આપવાનો હતો. અનુશ્રીએ પેન હાથમાં લીધી.



ઊંડો શ્વાસ લઈ લખવાનું શરૂ કર્યુંઃ

'બધાંને લાગે છે હું પિક્ચર પરફેક્ટ છું. હકીકત એ છે કે હું રોજ ડરું છું. સતત એ ભય રહે છે કે મારાથી કોઈ ચૂક ના થવી જોઈએ. કોઈ મને અસ્તવ્યસ્ત જુએ તો મારી ઈમેજનું શું? મારા નામના દાખલા દેવાતા બંધ થઈ જશે. હું કોઈ પર ધોંસ જમાવી નહીં શકું એ બધું તો ઠીક, પણ પરફેક્ટ હોવાની છબી મને જ વ્હાલી હતી, કારણ કે એ મને બીજાથી અલગ હોવાનો અહેસાસ કરાવી જતી. આજ સુધી મને લાગતું આવ્યું છે કે, હું મારા આ પરફેક્ટ ગર્લના લેબલ વગર કંઈ જ નથી. જો એ પડશે તો હું પણ પડી ભાંગીશ, પરંતુ આજે કેમેસ્ટ્રી લેબમાં જે બનાવ બન્યો ત્યારે પહેલી વાર મને લાગ્યું કે પરફેક્શન મારું વ્યક્તિત્વ નથી. એ મારું શસ્ત્ર છે. મ્યાન વગરની તલવાર. આજે એના ઘા મને ખુદને વાગ્યા છે. જે રુઝાતાં વાર લાગશે. એમ અચાનક બદલાય નહીં શકે, પણ હવે હું બદલવાં માગું છું. પરાણે પરફેક્ટ નથી રહેવું મારે...'

આવું ઘણું બધું લખતી અનુશ્રીની આંખો વહેવા લાગેલી.

પૂરા બે ફુલસ્કેપ પાના લખી એણે માફીપત્ર આપ્યો, જેને શાળાના કોઈ કબાટમાં ધૂળ ખાવા મૂકી દેવામાં આવ્યો હશે. કદાચ એને ફરી ક્યારેય કોઈ વાંચશે પણ નહીં. જોકે એ દિવસે એણે જે લખ્યું એનો અર્ક એટલો જ હતો કે પરફેક્ટ રહેવાની કોશિશ ક્યારેક સૌથી મોટી સજા બની રહે છે અને જાતનો સ્વીકાર કરવો એ સૌથી મોટી આઝાદી....

સોમવારની સવારે સ્કૂલની પ્રાર્થનાસભામાં સૌથી પાછળ અનુશ્રી ઊભી હતી. મોટા પીપળાના પાન વચ્ચેથી ચળાઈને આવતો તડકો અનુશ્રીના રૂપાળા ચહેરાને વધુ ઉજાળી રહેલો. આમ તો બધું દરરોજ જેવું જ હતું- એજ શિસ્ત, કતારબદ્ધ ચહેરાઓ અને છેલ્લે ગવાતું રાષ્ટ્રગાન, પણ અનુશ્રી આજે ડિસિપ્લિન કેપ્ટન નહોતી. એનોય એને હાશકારો થયો.ભલે જાત જવાબદારીમાંથી થોડો પોરો ખાય. આજે એને ડર નહોતો કે લોકો એના વિશે શું વિચારશે. એવામાં સ્કૂલબેલ વાગી. કલબલાટ કરતાં વિદ્યાર્થીઓની ભીડ આગળ વધી. સહુની નજર અનુશ્રીને વીંધી રહી. અનુશ્રીના પગ થંભ્યા નહીં. એ આત્મવિશ્વાસ સાથે આગળ વધી. કોરિડોરમાં સામે મળેલાં કેમેસ્ટ્રી ટીચરે હળવું સ્મિત આપ્યું. અનુશ્રી એમને કહેવા માગતી હતી કે, એ દિવસે એનો આશય ખરાબ વર્તન કરવાનો નહોતો, પણ એ ચૂપ રહી. એ પોતાનાં પુસ્તકોને સંભાળતી આગળ ચાલી. એની આંખોમાં સમજણની શાંતિ હતી. પોતાની ઈમેજનો બોજ નહોતો. એક અલગ ઓળખ હતી. અચાનક સાઈડમાં કતારબંધ ગોઠવેલાં કુંડાઓ વચ્ચે એક સહેજ નમી ગયેલી જાસૂદની ડાળ પર એનું ધ્યાન પડ્યું. એને સરખી કરવાની પ્રબળ ઈચ્છાને નકારી એ ક્લાસરૂમ તરફ દોડી ગઈ.

હજુ પણ અનુશ્રી ઘણી વખત વારંવાર એક ને એક વાક્ય લખે છે. ક્યારેક પેનિક પણ થઈ જાય છે. જોકે હવે એ પોઝ લેતાં, શ્વાસ લેતાં, પોતાની જાતને પૂછતાં, શોખ માટે સમય કાઢતાં, મિત્રો સાથે વાતો કરતાં, બહાર ફરવા જતાં શીખી છે. કદાચ એક કામ પરફેક્ટ ના થાય તો એને જતું કરવાનું પણ એ શીખી રહી છે. એને સમજાયું છે કે કોઈ વસ્તુ આઘી-પાછી મુકાય તો દુનિયા પડી ભાંગતી નથી. લોકો તમને જજ કરવા નવરાં નથી હોતાં. અને આમ પણ, તમે ગમે તેટલું પરફેક્ટ કામ કરીને આપો, લોકોની અપેક્ષાઓને પહોંચી નહીં શકો.

અનુશ્રીએ હવે જાત સાથે લડવાનું બંધ કર્યું છે. એ હવે ડ્રામેટિક નથી. એને ઓસિડીની બીમારી નથી. એ કોઈ ક્વોલિટી મેનેજર કે પ્રિસિઝન ક્વીન નથી. એની ટીનએજ સેલ્ફ માંડ સમજી શકી કે પોતે પરફેક્ટ થવા નહીં હ્યુમન એટલે કે, માણસ બનવા સર્જાયેલી છે.

અને માણસ માત્ર ભૂલને પાત્ર. ભૂલો તો થાય, એન્ડ ધેટ્સ પરફેક્ટલી ફાઈન! ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# હીંચકે ઝૂલવું છે?



'કાલથી હું શાક લેવા જવાનો નથી.'

'તો કોણ જશે?'

'એ તું જાણે.'

'રિટાયર્ડ થયા પછી તમે દસ કામનું મને લિસ્ટ આપેલું. જેમાં તમે લખેલું કે મને કયા કયા કામ કરી આપશો કે જેથી તમારો સમય પણ પસાર થાય.'

'હા, પણ તારી જોહુકમી જોયા બાદ મેં નક્કી કર્યું છે કે હવે પછી હું શાકભાજી લેવા નહીં જ જાઉં.'

રસિકભાઈએ ઘણા દિવસનો ડૂમો પત્ની રમા ઉપર કાઢ્યો.

'હવે એ તો કહો કે મેં કયા પ્રકારની જોહુકમી કરી છે.'

'એક તો હું જે શાક લાવું એ શાક તને વાસી લાગે છે. કોઈ પાકટ, કોઈ પીળું તો કોઈ વાસી... રોજ નવાં નવાં બહાનાં અને કોઈ દિવસ મોંઘું લાગે છે.'

'તે તમે શાક જોયા વગર લઈ આવો તો શાકવાળી વાસી જ આપે ને? ગાડીમાંથી લિસ્ટ આપીને ફોન મચડવા બેસી જાવ એટલે શાકવાળી ટોપલા નીચેનું વાસી શાક કાઢીને ભાઈને ભેરવી આપે. કદી તમે શાકવાળીના માથે ઊભા રહીને તોલાવ્યું છે? ભાવતાલ કર્યા છે? ત્રાજવાં કેવાં છે, કેવું તોલ આપે છે, એ જોયું છે?' (ક્યારેય મેં તને ધારીને જોઈ નથી કે પરણીને લાવતાં પહેલાં જોઈ, તપાસી, માપીને જોયું નથી, તો બિચારાં શાકભાજી અને શાકવાળીને તો શું જોવાનો હતો!)

'હવે કેમ મોંમાં મગ ભરી દીધા છે? એક જોહુકમી હોય તો કહું ને?'

'તો કહો કહો, બધો ઊભરો કાઢી જ નાખો.'

'મને પણ ખબર પડે ને કે કેટલા મહિનાથી ઘરમાં આંટાફેરા કેમ માર્યા કરો છો?' 'જોયું? આ મારું આંટાફેરા મારવાનું પણ તને હવે ખૂંચે છે. ખરું ને? શાકભાજીનું લિસ્ટ આપે તે પણ અધૂરું આપે. હજી શાક લઈને રિટર્ન થાઉં ત્યાં અધવચ્ચે તારો ફોન રણકે કે કોથમીર લીધી કે? અને હા, ટામેટાં લખવાનાં રહી ગયાં છે. જરાક સ્કૂટર ફેરવીને પાછા બજારમાં જઈ આવો. વીણીને અને કડક જોઈને લાલ લાલ લાવજો. બને તો દેશી લાવજો. બીયાંવાળા નહીં લાવતા. હજી માંડ ટામેટાં લઈને પાછો વળતો હતો, ત્યાં તને ઊંધિયાનો સામાન યાદ આવ્યો અને તેં રતાળુ, શક્કરિયાં ને કેળા લેવા મોટી બજારે રવાના કર્યો. એક આખી જાન જમાડવાની હોય એટલું શાકભાજી શોધીને લાવતાં મને હાંફ ચડી ગયો.'

'તે એમાં શું થઈ ગયું? ઘરમાં બેસી રહીને તો હાડકાં પણ જામ થઈ જાય. સમજ્યા? ને તમે આટલું શાક લાવ્યા એમાં થાકી શેના ગયા? મારા બાપુજી તો નેવું વરસે પણ જાતે. શાકભાજી પકવતાં, તોડતાં અને લાવતા.'

'તે તારા બાપાની તારી બા ઇન્કવાયરી કરતાં નહોતાં. જ્યારે તારી ફોજદારી તો હું શાક લઈને હજી પ્રવેશું ત્યાં જ શરૂ થઈ જાય... આ સાવ મરેલી કોથમીર અને મરેલાં મરચાં... હે રામ! અને હા, લીલો મસાલો લાવ્યા?'

'લીલો મસાલો કેવો હોય?'

'કેમ? મેં તમને ગોખાવેલું કે શાકભાજી લીધાં પછી શાકવાળીને કહેવાનું કે આટલું બધું શાક લીધું માટે લીલો મસાલો મફત આપજો. મરચાં, આદુ, લીમડી, કોથમીર અને લીલું લસણ મફત લાવવાનું.'

'અને તેં મને લીલો મસાલો લેવા પાછો બજાર મોકલેલો. તે યાદ છે ને?'

'તે એમાં શું થઈ ગયું? ઘરના કામમાં બાદશાહ ગુલામ એ કહેવત યાદ છે ને?'

'બહુ હોશિયારી નહીં માર. લીલો મસાલો લેવા ગયો તો બધી શાકવાળીઓ મારા ઉપર હસી અને એક બોલી, સાહેબ, લીલો મસાલો બે રૂપિયાનો ને તમે પાછા આવવામાં પચાસ રૂપિયાનું પેટ્રોલ ફૂંકી નાખ્યું! લીલો મસાલો તો કાલે પાછા આવતે ત્યારે અમે આપી દેતે.' બહુ મોટી લીલા મસાલા મફત લેવા મોકલે છે! પણ એટલી ખબર નથી કે પેટ્રોલ કેટલાનું થશે. તારા કરતાં અભણ શાકવાળી હોશિયાર. ને બીજી વાત સાંભળ. હું ભાવતાલ કરવાનો નથી ને શાકભાજી કે કરિયાણું પણ લેવા નહીં જ જાઉં. સમજી?'

'જુઓ મહાશય, ખાવાનો ચટકો કોને વધારે છે તે કહો. સ્વાદિષ્ટ તેમજ જાતજાતનું, નવું નવું ખાવાનું કોને જોઈએ છે? ખાવાનું રિપીટ થાય કે તરત જ લેક્ચર પણ મારે જ સાંભળવું પડે છે. ગઈકાલે દાળ ઊકળતી હતી અને બહાર હીંચકે ઝૂલતાં ઝૂલતાં તમે કહેલું કે દાળમાં હિંગ બરાબર નાખી લાગતી નથી. જરા પણ હિંગનો પમરાટ નથી. દાળમાં ગોળ વધારે પડી ગયો લાગે છે. જરા ચાખજો... અને મેં ચાખી. દાળ ખરેખર ગળી અને હિંગ ઓછી! મને વિચાર આવ્યો કે નક્કી ગયા જન્મે તમે દેસાઈ જાતિના રસોઈયા મહારાજ હશો અને અનાવિલોને ત્યાં જાત જાતની રસોઈ બનાવી હશે.'

'જો તું શાકભાજી કેવાં લાવવાનું મને શીખવે, તો હું તને રસોઈ કેવી બનાવવી તે શીખવી શકું એમ છું.'

'તો આપણે એક કામ કરીએ. શાકભાજી, કરિયાણું અને બેંકનાં કામ હું કરીશ. કાલથી જ રસોઈ અને નાસ્તા તમે બનાવો. કારણ કે તમને મારી રસોઈ ભાવતી નથી અને મને તમારું કરિયાણું ને શાકભાજી ગમતાં નથી.'

'જરા પણ નહીં. રિટાયર્ડ હું થયો છું. માટે હીંચકે તો હું જ ઝૂલવાનો. એમ પણ સ્ત્રીઓ કદી રિટાયર્ડ થતી જ નથી. છેલ્લે સુધી કામ કરવાનું ગૌરવ સ્ત્રીઓ જાતે જ જાતની પીઠ થપથપાવીને લઈ લે છે. માટે રમા, તું કામ કરવા જ સર્જાયેલી છે એ સ્વીકારી લે અને હું તો હીંચકે બેઠો બેઠો ચાર વખત નવું નવું ખાવાનો ઑર્ડર છોડતો રહીશ.'

'તો પછી સાંભળો. કાલે જ તમારી દીકરીનો ફોન આવ્યો હતો. એ કહેતી હતી કે મમ્મી તેં બહુ કર્યું. હવે રસોઈવાળી અને બે કામવાળી એમ ત્રણ બહેનો રાખી લે. અને જે મેં હજી સુધી નથી કહ્યું તે તમે ધ્યાનથી સાંભળી લો. તમારી બહારની નોકરી, પણ તમારા કરતાં વધારે કલાકના - રાત દિવસનાં કામો મેં કર્યાં છે. હમણાં દીકરીની દીકરીને એક કલાક પણ રમાડવાની આવી, તો મને આપીને બહાર ચાલવા નીકળી ગયા. મેં બે બાળકોને મોટા કર્યાં. તો હવે હું મારી જાતે જ આજથી જ રિટાયર્ડ થાઉં છું. ગઈકાલે જ એક રસોઈવાળી અને બે કામવાળી રાખી લીધી છે. જેથી એક ન આવે તો બીજી કામવાળી એનું અને બીજી બંનેનું કામ પતાવે. અને હા, હવે તમારે જે ખાવું હોય તે હમણાં જ રસોઈવાળા બહેન આવે છે, તેમને કાગળમાં લિસ્ટ લખીને આપી દેવાનું. એમાં બે ટાઇમના ગરમ નાસ્તા અને બે ટાઇમનું ભોજન.

આ ત્રણેયના - કુલ બે કામવાળીના મળીને આઠ હજાર અને રસોઈવાળા બેનના બે ટાઇમના નવ હજાર તમારે દર મહિને તૈયાર રાખવાના. સમજ્યા? અને હા, તમારે આગલે હીંચકે અને મારે પાછલે હીંચકે ઝૂલવાનું. મને તો હીંચકો પણ કામવાળી બેન જ નાખવાની છે. હવે તમારે શું કરવું તે વિચારી લેજો....' ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@
bombaysamachar.com





# બોડી ટાઈપ પ્રમાણે પ્રિન્ટ પસંદ કરો

માર્કેટમાં આજકાલ વિવિધ પ્રકારના પ્રિન્ટવાળા કપડાં ખૂબ જ લોકપ્રિય છે. સ્ટ્રાઈપ, પોલ્કા ડોટ્સ, ફ્લોરલ, કલમકારી, ગઢવાલી, અજરખ, ઈક્કત, સાંગાનેરી,બુટ્ટીસ, ઓલ ઓવર બુટ્ટા વગેરે જેવી અનેક પ્રિન્ટ મળે છે. પરંતુ દરેક પ્રિન્ટ દરેકને સમાન રીતે શોભતી નથી. તમારા બોડી ટાઈપ પ્રમાણે પ્રિન્ટ પસંદ કરવાથી તમારો લુક વધુ આકર્ષક અને સંતુલિત બને છે. કેટલીક પ્રિન્ટ વેસ્ટર્ન આઉટફિટમાં સુંદર લાગે છે, તો કેટલીક ઇન્ડિયન એથનિક વેરમાં સારી લાગે છે, કેટલીક પ્રિન્ટ માત્ર બ્લાઉઝમાં અને કેટલીક પ્રિન્ટ માત્ર સાડીમાં વધુ ફ્લેટરિંગ લાગે છે. આ લેખમાં આપણે આ વિશે વિગતવાર જાણીશું.

પહેલા સમજીએ કે મુખ્ય બોડી ટાઈપ કયા છે. સામાન્ય રીતે સ્ત્રીઓના બોડી શેપને પાંચ મુખ્ય કેટેગરીમાં વહેંચવામાં આવે છે:

- એપલ શેપ (ઉપરનો ભાગ મોટો, પેટ આસપાસ ફેટ, કમર પહોળી)
- પિયર શેપ (નીચેનો ભાગ મોટો, હિપ્સ વાઈડ, ઉપરનો ભાગ પાતળો)
- એવરેજ/રેક્ટેન્ગલ શેપ (સીધી બોડી, કમર અને હિપ્સ લગભગ સમાન)
- એવરેજ/હોર ગ્લાસ શેપ (કમર પાતળી, બસ્ટ અને હિપ્સ સમાન)
- ઇન્વર્ટેડ ટ્રાયેન્ગલ (ખભા વાઈડ, હિપ્સ પાતળા)

**હવે જોઈએ કે કઈ પ્રિન્ટ કયા બોડી ટાઈપ માટે યોગ્ય છે.**

**સ્ટ્રાઈપ પ્રિન્ટઃ-** વર્ટિકલ સ્ટ્રાઈપ્સ બોડીને લાંબી અને સ્લિમ દેખાડે છે. જો તમારી પાસે એપલ અથવા રેક્ટેન્ગલ શેપ છે તો વર્ટિકલ સ્ટ્રાઈપ્સવાળા કૂર્તા, ટોપ અથવા સાડીમાં પહેરો. આ પ્રિન્ટ વેસ્ટર્ન ડ્રેસ અને શર્ટમાં પણ ખૂબ સારી લાગે છે. હોરિઝોન્ટલ સ્ટ્રાઈપ્સ માત્ર પાતળી બોડીવાળી મહિલાઓ માટે સારી છે, કારણ કે તે બોડીને બ્રોડ દેખાડે છે. જો તમારી હાઈટ ઓછી હોય તો તમે વર્ટિકલ સ્ટ્રાઈપ પહેરી શકો. જો ખૂબ જ પાતળા હોવ તો ડ્રેસ કે ટોપમાં હોરિઝોન્ટલ સ્ટ્રાઈપ પહેરી શકો જેથી તમે થોડા બ્રોડ લાગી શકો.

**પોલ્કા ડોટ્સઃ** આ પ્રિન્ટ પ્લેફુલ છે. નાના પોલ્કા ડોટ્સ પાતળી અને એવરેજ બોડીવાળી મહિલાઓ માટે આદર્શ છે. મોટા ડોટ્સ હોર ગ્લાસ અથવા પિયર શેપ વાળી બોડી ટાઈપમાં સારા લાગે છે, પરંતુ એપલ શેપ બોડી ટાઈપમાં પોલ્કા પ્રિન્ટ નથી સારી લાગતી. આ પ્રિન્ટ વેસ્ટર્ન ટોપ્સ, સ્કર્ટ અને બ્લાઉઝમાં વધુ શોભે છે.

**ફ્લોરલ પ્રિન્ટઃ** ફ્લોરલ પ્રિન્ટ રોમેન્ટિક અને ફેમિનાઈન છે. નાના ફ્લોરલ પેટર્ન પિયર શેપ બોડી અને એપલ શેપ બોડી ટાઈપ માટે સારા છે, કારણ કે તે ધ્યાનને વિભાજિત કરે છે. મોટી ફ્લોરલ પ્રિન્ટ એવરેજ બોડી ટાઈપ અને રેક્ટેન્ગલ બોડી ટાઈપમાં સુંદર લાગે છે. ફ્લોરલ પ્રિન્ટ ઇન્ડિયન આઉટફિટ જેમ કે કૂર્તી, અનારકલી અને સાડીમાં ખાસ કરીને સારા લાગે છે. ફ્લોરલ પ્રિન્ટ એક કેઝ્યુઅલ લુક આપે છે. હોલિડેઝ, કોફી ડેટ અને કેઝ્યુઅલ આઉટિંગ માટે ફ્લોરલ પ્રિન્ટ ખૂબ જ સારી લાગે છે. ફ્લોરલ પ્રિન્ટના કલર કોમ્બિનેશ સીઝન પ્રમાણે હોય છે. જેથી શિયાળામાં તમે વાઇબ્રન્ટ કલર પહેરી શકો કે જે ફ્રેશ લુક આપે અને ઉનાળામાં પેસ્ટલ શેડની ફ્લોરલ પ્રિન્ટ પહેરી શકો.

**બુટ્ટી અને ઓલ ઓવર બુટ્ટાઃ** આ ટ્રેડિશનલ પ્રિન્ટ ગુજરાતી અને રાજસ્થાની સ્ટાઈલમાં વધુ જોવા મળે છે. નાની બુટ્ટી, પાતળી બોડી અને રેક્ટેન્ગલ શેપ માટે આદર્શ છે, જ્યારે મોટા બુટ્ટા એવરેજ બોડી ટાઈપમાં સુંદર લાગે છે. ઓલ ઓવર બુટ્ટા સાડી અને લહેંગામાં ખૂબ જ રોયલ લુક આપે છે. પિયર બોડી ટાઈપમાં ટોપ માટે નાની બુટ્ટી પહેરવી અને બોટમ પ્લેન રાખો. બુટ્ટીમાં સેલ્ફ બુટ્ટી પણ આવે અને કોન્ટ્રાસ્ટ કલર કોમ્બિનેશનમાં પણ આવે. સેલ્ફ કોમ્બિનેશન એટલે, જો બેજ કલરનું ફેબ્રિક હોય તો તેની પર બેજ કલરના જ બુટ્ટા આવે અને કોન્ટ્રાસ્ટ એટલે, જો બેજ કલરનું ફેબ્રિક હોય તો તેની સાથે મરૂન કલરનું પ્રિન્ટિંગ આવે. બુટ્ટી કે બુટ્ટાની સાઈઝની પસંદગી તમારી પર્સનલ ચોઇઝ અને તમારા બોડી ટાઇપને અનુરૂપ કરી શકાય.

**કલમકારી અને ગઢવાલી પ્રિન્ટઃ** આ બ્લોક પ્રિન્ટ ટ્રેડિશનલ અને આર્ટિસ્ટિક છે. કલમકારીમાં ગોડ્સ-ગોડેસીસના મોટિવ્સ હોય છે, જે એવરેજ બોડી ટાઈપમાં સારા લાગે છે. ગઢવાલી પ્રિન્ટ નાના મોટિવ્સવાળા હોય છે, જે પિયર શેપ બોડી ટાઈપ અને એપલ શેપ માટે ફ્લેટરિંગ છે. આ બંને પ્રિન્ટ ઇન્ડિયન આઉટફિટમાં જેમ કે સાડી, કૂર્તા-પ્લાઝો અને અનારકલીમાં શ્રેષ્ઠ લાગે છે. આ બન્ને પ્રિન્ટ દેખાવમાં જ એટલી સુંદર હોય છે કે એમાં કોઈ પેટર્ન ન હોય તો પણ સારી લાગે. કોઈ મહિલા જ્યારે કલમકારી અને ગઢવાળી પ્રિન્ટના ડ્રેસ પહેરે ત્યારે અલગ જ તરી આવે છે.

બ્લાઉઝમાં પ્રિન્ટ પસંદ કરતી વખતે ધ્યાન રાખો કે મોટી પ્રિન્ટ બસ્ટને હાઈલાઈટ કરે છે, જ્યારે નાના પ્રિન્ટ સ્લિમ લુક આપે છે. બ્લાઉઝ માટેની જે પ્રિન્ટ સિલેક્ટ કરીએ ત્યારે સાડીને અનુરૂપ બ્લાઉઝની પ્રિન્ટ સિલેક્ટ કરવાની હોય છે. જેમકે, જો તમારું શરીર સુડોળ હોય પણ એ તમે જો પ્લેન સાડી પહેરી હોય તો તેની સાથે મોટા બુટ્ટા વળી પ્રિન્ટવાળું બ્લાઉઝ પણ પહેરી શકાય. જો તમારું શરીર ભરેલું હોય તો પ્લેન સાડી સાથે જીણી બુટ્ટીવાળું બ્લાઉઝ પહેરી શકાય. એ રીતે સાડીમાં પણ તમારી બોડીને અનુરૂપ સાડીની પ્રિન્ટની ડિઝાઇન પસંદ કરવી.

કોઈ પણ પ્રિન્ટ પસંદ કરતી વખતે તમારી પર્સનલ પસંદ ખૂબ જ જરૂરી છે. જે પ્રિન્ટમાં તમે કોન્ફિડન્ટ ફીલ કરી શકો તે જ પ્રિન્ટના કપડાં પહેરવા. ફેશનનું આંધળું અનુકરણ કરવું નહિ. ■

# જિંદગીને ન્યૂ ટર્ન આપતો લગ્નનો અવસરઃ લાગણી સાથે સમજદારી પણ જરૂરી

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@
bombaysamachar.com



વ્હાલી 'લાડકી' પૂર્તિની વાચક બહેનો!

તમે એ વાસ્તવિકતાથી બેખબર નહીં હશો કે લગ્નવાંછુક યુવતીના મનમાં તેમના વિવાહને લઈને અનેક સપનાં હોય છે.

* ડ્રેસ
* મેકઅપ અને
* હેરસ્ટાઈલથી માંડીને સોળ શણગાર સજવાના ઉત્સાહ સાથે તે જ્વેલરી, વેડિંગ ડ્રેસ માટે તેની સ્પેશિયલ ચોઈસ હોય છે.

- લગ્ન જેવો અવસર જીવનમાં એક જ વાર આવે છે તેથી એક એવી માનસિકતા પણ હોય છે કે કોઈ પણ અરમાન, ઈચ્છા, ખ્વાહિશ અધૂરી રહી ન જાય.

- યુવતીની સાથેસાથે તેના મમ્મી-પપ્પા સહિત સમગ્ર પરિવારમાં પણ લગ્નપ્રસંગ માટે અતિ ઉત્સાહ હોય છે.

- ક્યારેક એવું બનતું હોય છે કે યુવતીઓ અરમાનને પૂરા કરવાની ધૂનમાં ઘરની પરિસ્થિતિ અને અમુક વાસ્તવિકતાને ભૂલી જાય છે, જેથી ક્યારેક બજેટ બહાર ખર્ચ થઈ જતો હોય છે તો ક્યારેક લાડલીને અથવા વડીલોને મનદુઃખ થાય છે.

- મોંઘેરા પ્રસંગમાં મનદુઃખનું ગ્રહણ ટાળવા માટે દીકરી અને પરિવાર વચ્ચે તથા વર અને વધૂના પરિવારો વચ્ચે સંકલન અને સમજદારી હોવા જરૂરી છે.

- જો વ્યવસ્થિત આયોજન કરવામાં આવે તો પ્રસંગ શાંતિપૂર્વક સંપન્ન થાય છે અને તેનો આનંદ સૌ કોઈ મનભરીને માણી શકે છે.

- આ લખનાર લેખિકા મોટે ભાગે અમેરિકાના એટલાન્ટા, જ્યોર્જિયામાં રહેતા હોઈ 'લાડકી પૂર્તિ'માં આવતા લેખોને ત્યાંના ગુજરાતી વાંચકો વાંચવાનું ચૂકતા હોતા નથી.

- ચાલો, એવા મુદ્દાઓની ચર્ચા કરી લઈએ, જે દીકરી તથા બંને પરિવારોને ધ્યાનમાં રાખવા જરૂરી છે.

ફૂલોના ગુલદસ્તા સમાન આપણા દેશના સમાજની એક બહુ મોટી વિટંબણા એ છે કે રીત-રિવાજને નિભાવવામાં ગમે તેવો શિક્ષિત વર્ગ પણ વિવેકભાન ભૂલીને ખોટા ખર્ચ કરતો હોય છે.

- પછી ખોટા રિવાજોનો બોજ પેઢી દર પેઢી દરેક વ્યક્તિ ઉઠાવતી રહે છે.

- વહાલી લાડકી બહેનો!

- રીત-રિવાજમાં અને પરંપરાને નિભાવતા વિવેકબુદ્ધિને પણ જાગ્રત રાખો.

- સમય સાથે રીત-રિવાજ સુસંગત બેસતાં ન હોય અને ખોટો આર્થિક બોજ વધારતા હોય તેવા રીત-રિવાજને તિલાંજલિ આપી દેવી જોઈએ.

- ઘણી વાર એવું બનતું હોય છે કે ખોટો દેખાડો કરવા માટે ખોટા ખર્ચ વધી જતા હોય છે અને જે વસ્તુની લાઈફટાઈમ જરૂરત પડતી ન હોય તેવી વસ્તુનો પણ સંગ્રહ કરવામાં આવે છે. આ સમયે થોડો વિચાર કરીને સમજદારીથી ખર્ચ કરવામાં આવે તો વેડિંગનું બજેટ સારી રીતે મેનેજ કરી શકાય છે.

- વહાલી 'લાડકી'ની વાચક લાડીલી બહેનો...!

* તમારા લગ્નની તૈયારીમાં એવા ગુલતાન બની ન જાવ કે કુટુંબ, ફેમિલીના બીજા સભ્યો અને તેના ભવિષ્યને ભૂલી જાવ.

* તમારા પછી તમારા ભાઈ-બહેન પણ હોય છે અને તેમનું કેરિયર અને લગ્ન માટે પણ પેરેન્ટ્સ જે વ્યવસ્થા કરવાની હોય છે ત્યારે લગ્નનું શોપિંગ કરતી વખતે ઘરની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બજેટ બનાવો.

- ઘણીવાર એવું બનતું હોય છે કે પેરેન્ટ્સે દીકરીના અરમાનો પૂરા કરવા બજેટ બહાર ખર્ચ કરવા પણ તૈયાર થઈ જાય છે.

* વેડિંગનું બજેટ એવી રીતે બનાવો કે કુટુંબ, પરિવારના કોઈ પણ સભ્યોને વંચિત રહેવું ન પડે.

- જિંદગીને ન્યૂ ટર્ન આપતો લગ્નનો અવસર દરેક યુવતી માટે અત્યંત મહત્ત્વનો હોઈને આ મોંઘેરા પ્રસંગમાં મનદુઃખ ટાળવા બંને કુટુંબ વચ્ચે સંકલન અને સમજદારી હોવા જરૂરી બની રહેવા પામે છે. (ક્રમશ).■

# ૪૦ વર્ષની ઉંમર પછી સ્ત્રીઓમાં વાળ ખરવાનું પ્રમાણ કેમ વધે છે?



સ્ત્રીઓમાં વાળ ખરવાની સમસ્યા એક સામાન્ય સમસ્યા છે. ૪૦ વર્ષની ઉંમર પછી વાળ ખરવાનું પ્રમાણ વધે છે, જે ચિંતાનું કારણ બને છે. વાળ ખરવાના કારણો શું છે અને શું તેને કાયમી ધોરણે અટકાવી શકાય છે? શું તે કોઈ રોગને કારણે થાય છે? તેને કેવી રીતે નિયંત્રિત કરી શકાય? ચાલો આના વિશે વિગતવાર જાણીએ.

૪૦ વર્ષની ઉંમર પછી વાળ ખરવાના ઘણા કારણો છે. સૌથી સામાન્ય કારણ એ છે કે કેટલીક સ્ત્રીઓમાં આ ઉંમર પછી મેનોપોઝનો અનુભવ થાય છે. આના કારણે ઘણા હોર્મોન્સની ઊણપ થાય છે, જેના કારણે વાળ ખરવા થઈ શકે છે. આયર્ન, વિટામિન ડી અને બાયોટીનની ઊણપ પણ વાળ ખરવાનું કારણ બની શકે છે.

તાજેતરના વર્ષોમાં એવું જોવા મળ્યું છે કે ૪૦ વર્ષથી વધુ ઉંમરની સ્ત્રીઓમાં વાળ ખરવાના કિસ્સાઓ પહેલાના સમયની તુલનામાં નોંધપાત્ર રીતે વધ્યા છે. આના ઘણા કારણો છે.

### શું વાળ ખરતા અટકાવી શકાય છે?

જો કોઈ સ્ત્રીને સ્વયંપ્રતિરક્ષા રોગ અથવા આનુવંશિક પરિબળોને કારણે વાળ ખરતા હોય તો તેને સંપૂર્ણપણે નિયંત્રિત કરવું મુશ્કેલ છે. અન્ય કિસ્સાઓમાં વાળ ખરતા અટકાવી શકાય છે.

**આ ટિપ્સ અનુસરો.**

પ્રોટીન, આયર્ન અને વિટામિનથી ભરપૂર ખોરાકનો સમાવેશ કરો.

વાળના વિકાસ માટે મશરૂમ જેવા વિટામિન ડીથી ભરપૂર ખોરાક ખાઓ.

પુષ્કળ પાણી પીઓ.

માનસિક તાણ ટાળો અને તેનાથી બચવા માટે દરરોજ યોગનો અભ્યાસ કરો.

માથાના સ્કાલ્પની માલિશ કરાવો.

### માનસિક તણાવ પણ એક મોટી સમસ્યા છે

માનસિક તણાવ પણ સ્ત્રીઓમાં વાળ ખરવાનું એક મુખ્ય કારણ છે. તાજેતરના વર્ષોમાં માનસિક તણાવને કારણે થતી સ્વાસ્થ્ય સમસ્યાઓ વધી રહી છે. આનાથી વાળ પર પણ અસર થઈ રહી છે. માનસિક તણાવ વાળના વિકાસને અવરોધે છે, જેના કારણે વાળ ખરવા લાગે છે. કેટલાક કિસ્સાઓમાં સ્વયંપ્રતિરક્ષા રોગ પણ વાળ ખરવાનું કારણ બને છે. આ રોગનો કોઈ ઈલાજ નથી, અને તેથી સતત વાળ ખરવાનું કારણ બને છે.

કેટલીક સ્ત્રીઓમાં થાઇરોઇડ રોગ અને ડાયાબિટીસ પણ વાળ ખરવાનું કારણ બની શકે છે. આવા કિસ્સાઓમાં થાઇરોઇડ અને ડાયાબિટીસને નિયંત્રિત કરવાથી વાળ ખરવાનું નિયંત્રણ કરી શકાય છે. ■

# તમારી ત્વચાને વધુ સુંદર-મોહક બનાવવી છે?

## ઘેર બેઠા વિટામિન સી સીરમ બનાવીને એનું મેજિક તમે માણી શકો...!

નિખાર
નિધિ શુકલ
feedback.ladki@
bombaysamachar.com



### ત્વચા બને આવી મોહક...

વિટામિન સી ફક્ત સ્વાસ્થ્ય માટે જ નહીં પણ ત્વચા માટે પણ જરૂરી છે. તેથી, તમારા આહારમાં તેમાં ભરપૂર ખોરાકનો સમાવેશ કરવાની ભલામણ કરવામાં આવે છે. જો કે, ઘણા લોકો તેમના ચહેરા પર વિટામિન સી સીરમ પણ લગાવે છે. તમે તેને ઘરે પણ બનાવી શકો છો.

ચમકદાર અને સ્વસ્થ ત્વચા જાળવવા માટે સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની અને સ્વસ્થ આહાર લેવાની ભલામણ કરવામાં આવે છે. વિટામિન સીને ત્વચા માટે સૌથી મહત્વપૂર્ણ વિટામિન માનવામાં આવે છે કારણ કે તે કોલેજન ઉત્પાદનમાં મદદ કરે છે. તે ત્વચાની સ્થિતિસ્થાપકતા જાળવવા માટે જરૂરી છે. તે કરચલીઓ, ફાઇન લાઇન્સ અને ડાઘને અટકાવી શકે છે. તે હાઇપરપીગ્મેન્ટેશન અને ડાર્ક સ્પોટ્સને રોકવામાં પણ મદદ કરે છે. તેથી, તેને સ્વસ્થ ત્વચા જાળવવા માટે જરૂરી માનવામાં આવે છે. તેથી, તમારા આહારમાં વિટામિન સીથી ભરપૂર ખોરાકનો સમાવેશ કરવાની ભલામણ કરવામાં આવે છે.

આજે બજારમાં તમને વિટામિન સી ધરાવતા ઘણા ત્વચા સંભાળ ઉત્પાદનો ઉપલબ્ધ મળશે. આમાંથી સૌથી લોકપ્રિય સીરમ છે, જે ઘણીવાર મોંઘું હોય છે. પરંતુ તમે ઘરે વિટામિન સી સીરમ પણ બનાવી શકો છો. ચાલો તેના વિશે જાણીએ.

**ફેશિયલ વિટામિન સી સીરમ**

તે બનાવવા માટે, પહેલા એક કાચનો બાઉલ લો અને તેમાં એલોવેરા જેલ અને ગુલાબજળ મિક્સ કરો. નરમ, પાતળી પેસ્ટ બનાવો. બાઉલમાં વિટામિન સી પાવડર ઉમેરો અને સારી રીતે મિક્સ કરો. વિટામિન ઇ તેલ અને વનસ્પતિ ગ્લિસરીન ઉમેરો. નરમ, પાતળી પેસ્ટ બનાવવા માટે સારી રીતે મિક્સ કરો. આ સીરમને ડ્રોપર સાથે આવતી કાચની બોટલમાં સ્ટોર કરો. ખાતરી કરો કે બોટલ સ્વચ્છ છે. સીરમને ઠંડી જગ્યાએ સ્ટોર કરો અને ૪ થી ૫ દિવસથી વધુ સમય પછી તેનો ઉપયોગ ન કરો. તેને ફરીથી બનાવો.

**નારંગીની છાલમાંથી સીરમ બનાવો**

નારંગી અને તેની છાલમાં વિટામિન સી અને ઘણા એન્ટીઑકિસડન્ટ હોય છે. તેથી, તમે તેમાંથી ફેસ સીરમ પણ બનાવી શકો છો. પહેલા, બે નારંગીની છાલ લો, તેને તડકામાં સૂકવી લો, અને પછી તેને બારીક પેસ્ટમાં પીસી લો. હવે, આ પાવડરને એક બાઉલમાં લો અને તેમાં ૨ ચમચી એલોવેરા જેલ અને ૨ ચમચી ગુલાબજળ ઉમેરો, સારી રીતે મિક્સ કરો. થોડું પાણી ઉમેરો. તેને હવાચુસ્ત બોટલમાં સ્ટોર કરો અને તેને રેફ્રિજરેટરમાં રાખો. તમે ૪ થી ૫ દિવસ પછી તેનો ફરીથી ઉપયોગ કરી શકો છો.

**ગ્લિસરીન અને નારંગીનો રસ**

એક નાના બાઉલમાં ૧ ચમચી તાજા નારંગીનો રસ, ૧ ચમચી એલોવેરા જેલ અને ૧ ચમચી ગ્લિસરીન સારી રીતે મિક્સ કરો. આનાથી વિટામિન સી સીરમ બનશે. તમે તેને સ્પ્રે બોટલમાં સ્ટોર કરી શકો છો અને ૪ થી ૫ દિવસ સુધી તેનો ઉપયોગ કરી શકો છો. પરંતુ ઘરે બનાવેલા વિટામિન સી સીરમ અથવા અન્ય કોઈપણ ઉપાયનો ઉપયોગ કરતા પહેલા, ટ્રાયલ એન્ડ એરર ટેસ્ટ કરવાનું ભૂલશો નહીં. કેટલાક લોકોને ચોક્કસ ઘટકોથી એલર્જી હોઈ શકે છે, જે તેમની ત્વચાને નુકસાન પહોંચાડી શકે છે. તેથી નિષ્ણાતની સલાહ લીધા વિના આ ઉપાયોનો ઉપયોગ કરશો નહીં; આ ત્વચાની સમસ્યાઓ વધારી શકે છે. ■



# અમિત માલવિયા સામેનો એફઆઈઆર રદ કરતી કોર્ટ

ચેન્નઇઃ મદ્રાસ વડી અદાલતે ભાજપના નેતા અમિત માલવિયા સામેનો પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) રદ કર્યો હતો.

તમિળનાડુના નાયબ મુખ્ય પ્રધાન તેમ જ યુવાકલ્યાણ અને સ્પોર્ટ્સ ખાતાના પ્રધાન ઉદયનિધિ સ્ટાલિને 'સનાતન ધર્મ'ની વિરુદ્ધ કરેલા વિવાદાસ્પદ નિવેદનના પ્રતિસાદમાં અમિત માલવિયાએ સોશ્યલ મીડિયા પર પોસ્ટ્સ મૂકી હતી. તેના સંબંધમાં તેમની સામે એફઆઇઆર નોંધાયો હતો.

વડી અદાલતે જણાવ્યું હતું કે અમિત માલવિયાએ માત્ર ઉદયનિધિ સ્ટાલિનના જાહેર પ્રવચનની સામે માત્ર પોતાનો પ્રતિભાવ આપ્યો હતો.

ન્યાયાધીશ એસ. શ્રીમતીએ જણાવ્યું હતું કે વિવાદાસ્પદ નિવેદન કરનારા તમિળનાડુના પ્રધાન ઉદયનિધિ સ્ટાલિનની સામે કોઇ કાર્યવાહી નહોતી કરાઇ, પરંતુ તેની સામે પ્રતિભાવ આપનારા અમિત માલવિયા સામે ફોજદારી કેસ નોંધાયો હતો. આ બાબત તો ન્યાયતંત્રનો દુરુપયોગ કરવા સમાન ગણાય. (એજન્સી) ■

# ઍરફૉર્સનાં વિમાનનું 'ફૉર્સ લૅન્ડિંગ'

ભારતીય વાયુસેનાના બે સીટવાળા માઈક્રોલાઈટ વિમાનને ટેક્નિકલ ખામી સર્જાતા બુધવારે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના એક નિર્જન વિસ્તારમાં ફરજિયાત ઉતરાણ કરવાની ફરજ પડી હતી. આ જાણકારી આઈએએફએ આપી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર વિમાનમાં સવાર બંને પાઈલટ સુરક્ષિત છે. આઈએએફએ એક્સ પર જણાવ્યું કે ઘટનાનું કારણ જાણવા માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીનો આદેશ આપવામાં આવ્યો છે. માઈક્રોલાઈટ એરક્રાફ્ટ એક નાનું વિમાન છે. જેનો ઉપયોગ સામાન્ય રીતે તાલીમ, પક્ષીઓની રેકી અને સર્વેક્ષણ હેતુઓ માટે થાય છે. આ વિમાન નિયમિત ઉડાન દરમિયાન ક્રેશ થયું હતું. રિકવરી સિસ્ટમ સક્રિય કરવામાં આવી હતી અને બંને પાઈલટ્સ સુરક્ષિત છે.



# સંયુક્ત રાષ્ટ્રસંઘ વિના ટ્રમ્પના ગાઝા બોર્ડ ઑફ પીસમાં જોડાવવા ચીન તૈયાર નથી

બીજિંગઃ જો ગાઝામાં ટ્રમ્પનું 'બોર્ડ ઑફ પીસ' સંયુક્ત રાષ્ટ્રસંઘના નેજા હેઠળ ન હોય તો ચીને બુધવારે એમાં જોડાવા અંગે આનાકાની વ્યક્ત કરી હતી. ચીને વૈશ્વિક સંસ્થાને પાયા બનાવીને રચાયેલી આંતરરાષ્ટ્રીય સિસ્ટમમાં જ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતા ગુઓ જૈકુને પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ ગમે તેવી નિર્માણ થાય પરંતુ ચીન સંયુક્ત રાષ્ટ્રસંઘને પાયામાં રાખેલી આંતરરાષ્ટ્રીય સિસ્ટમનું મક્કમતાથી રક્ષણ કરશે. ટ્રમ્પે એવી ટિપ્પણી કરી હતી કે સંયુક્ત રાષ્ટ્રસંઘનું અસ્તિત્વ રહેશે, પરંતુ મેં સૂચવેલું 'બોર્ડ ઑફ પીસ' તેનું સ્થાન લઈ શકે. આના જવાબમાં ગુઓએ ઉક્ત ટિપ્પણી કરી હતી. ગુઓએ કહ્યું હતું કે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા સંયુક્ત રાષ્ટ્રસંઘના ચાર્ટરમાં રહેલા હેતુ અને સિદ્ધાંતના આધાર પર અવલંબન કરનારા આંતરરાષ્ટ્રીય કાયદા અને મૂળભૂત નિયમો પ્રમાણે ચાલવી જોઈએ. (એજન્સી) ■

## ઈઝરાયલ જોડાશે

જેરુસલેમઃ ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ આખરે ડોનલ્ડ ટ્રમ્પના કડક વલણ સામે ઝૂકી ગયા છે. નેતન્યાહૂએ ગાઝા બોર્ડ ઓફ પીસમાં જોડાવા માટે ટ્રમ્પના આમંત્રણનો સ્વીકાર કર્યો છે. ઇઝરાયલ હવે ગાઝા બોર્ડ ઓફ પીસનું સ્થાપક સભ્ય રહેશે.

બેન્જામિન નેતન્યાહૂએ બુધવારે જણાવ્યું હતું કે તેઓ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના શાંતિ બોર્ડમાં જોડાવા માટે સંમત થયા છે, કારણ કે તેમના કાર્યાલયે અગાઉ ગાઝાની દેખરેખ રાખવા માટે સોંપાયેલી બોર્ડની સમિતિની રચનાની ટીકા કરી હતી.

ટ્રમ્પની અધ્યક્ષતામાં બનાવવામાં આવેલું આ બોર્ડ દુનિયાના નેતાઓનું એક નાનું જૂથ છે જે ગાઝા યુદ્ધવિરામની દેખરેખ રાખવાની છે. ટ્રમ્પ વહીવટીતંત્રની મહત્વાકાંક્ષાઓ વધુ વ્યાપક ખ્યાલમાં વિસ્તરી છે. ■

# નીટ-પીજીના કટ-ઑફ્ફ ઘટાડવા સામેની અરજી અદાલતે ફગાવી

નવી દિલ્હીઃ દિલ્હી હાઈકોર્ટે બુધવારે નીટ-પીજી-૨૦૨૫માં અનુસ્નાતક તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ક્વોલિફાઇંગ કટ-ઓફ્ફ માર્ક્સ ઘટાડવા સામેની જાહેર હિતની અરજી ફગાવી દીધી હતી.

અરજદારે દાવો કર્યો હતો કે ઓછો કટ-ઓફ્ફ સ્પેશિયલાઇઝેશન અભ્યાસક્રમોમાં જોડાનારા તબીબી વ્યાવસાયિકોની ગુણવત્તા સાથે ચેડાં કરશે, જેનાથી માનવ જીવન જોખમમાં મુકાશે.

જોકે, મુખ્ય ન્યાયાધીશ ડી. કે. ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ કારિયાની ખંડપીઠે કહ્યું કે ઉચ્ચ શિક્ષણનો હેતુ વધુ કુશળતા વિકસાવવાનો છે, ડોકટરોની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવાનો નથી.

તેણે અરજદારને દેશમાં જરૂરી ડોકટરોની સંખ્યા અંગે પણ પ્રશ્ન કર્યો હતો કે, શું બેઠકો ખાલી રાખવી જાહેર હિતમાં રહેશે? ના, અમે મંજૂરી આપીશું નહીં. દેશભરમાં ૧૮૦૦૦થી વધુ અનુસ્નાતક તબીબી બેઠકો ખાલી હોવાથી, નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઇન મેડિકલ સાયન્સ (એનબીઈએમએસ) એ આ મહિને નીટ-પીજી ૨૦૨૫ પ્રવેશ માટે લાયકાત ધરાવતા પર્સન્ટાઇલમાં સુધારો કર્યો છે.

અનામત શ્રેણીઓ માટે કટ-ઓફ ૪૦ પર્સન્ટાઇલથી ઘટાડીને શૂન્ય કરવામાં આવ્યો હતો - જેના કારણે ૮૦૦માંથી માઇનસ ૪૦ જેટલા ઓછા સ્કોર કરનારાઓ પણ પીજી મેડિકલ બેઠકો માટે કાઉન્સેલિંગના ત્રીજા રાઉન્ડમાં ભાગ લઈ શક્યા હતા. ■

# પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને નકલી પિત્ઝા હટનું ઉદ્ઘાટન કર્યું

સિયાલકોટઃ પાકિસ્તાન ફરી એક વાર દુનિયાની નજરમાં હાંસીને પાત્ર બન્યું છે. મંગળવારે પાકિસ્તાનનાં સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે સિયાલકોટ શહેરમાં જાણીતી અમેરિકી પિત્ઝાની ફ્રેન્ચાઇઝી પિત્ઝા હટના નવા આઉટલેટનું રિબન કાપીને ઉદઘાટન કર્યું, ત્યાર બાદ જાણવા મળ્યું કે આ પિત્ઝા હટ આઉટલેટ નકલી છે.

પિત્ઝા હટ પાકિસ્તાને સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ કરીને જણાવ્યું કે ઉદઘાટન કરવામાં આવ્યું એ આઉટલેટ અનધિકૃત છે. કંપનીએ આરોપ લગાવ્યો કે બ્રેન્ડના નામ અને ઓળખનો ખોટી રીતે ઉપયોગ કરવામ આવ્યો છે.

પિત્ઝા હટ પાકિસ્તાને નિવેદનમાં જણાવ્યું છે કે, પિત્ઝા હટ પાકિસ્તાન તેના મૂલ્યવાન ગ્રાહકોને જાણ કરવા ઈચ્છે છે કે સિયાલકોટ કેન્ટોનમેન્ટમાં પિત્ઝા હટના નામ અને બ્રાન્ડિંગનો ખોટી રીતે ઉપયોગ કરીને એક અનધિકૃત આઉટલેટ ખોલવામાં આવ્યું છે.

આ આઉટલેટ સાથે પિત્ઝા હટ પાકિસ્તાન કે યમ બ્રાન્ડના કોઈ સંબંધ નથી. તેમાં પિત્ઝા હટની આંતરરાષ્ટ્રીય કક્ષાની રેસેપી, ક્વોલિટી પ્રોટોકોલ, ફૂડ એન્ડ સેફટી સ્ટાન્ડર્ડ જાળવવામાં આવતા નથી. ■

# મેટાએ ૧,૫૦૦ કર્મચારીઓની છટણી કરી

નવી દિલ્હીઃ તાજેતરના અહેવાલો અનુસાર મેટા તેના રિયાલિટી લેબ્સ વિભાગમાંથી લગભગ ૧૫૦૦ કર્મચારીઓની છટણી કરી રહ્યું છે. આ વર્ચ્યુઅલ રિયાલિટી અને મેટાવર્સ પ્રોડક્સમાંથી રિસોર્સને એઆઇ વેરેબલ અને ફોન ફિચર્સ તરફ વાળવાની યોજનાનો એક ભાગ છે.

આ અઠવાડિયાની શરૂઆતમાં બ્લૂમબર્ગે જણાવ્યું હતું કે આ છટણીથી રિયાલિટી લેબ્સ ગ્રુપના લગભગ ૧૦ ટકા કર્મચારીઓ પ્રભાવિત થશે. જેમાં લગભગ ૧૫,૦૦૦ કર્મચારીઓ છે. બોસવર્થના મેમો અનુસાર આ ઘટાડા અંતર્ગત મેટા તેના મેટાવર્સના પ્રયાસોને મોબાઇલ ઉપકરણો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે કરી રહ્યું છે. ચીફ ટેક્નોલોજી ઓફિસર એન્ડ્રુ બોસવર્થની એક ઇન્ટરનલ પોસ્ટ અનુસાર કંપની વ્યવસાયને વધુ સસ્ટેનેબલ બનાવવા માટે તેના વર્ચ્યુઅલ રિયાલિટી રોકાણોમાં પણ ઘટાડો કરવાની યોજના ધરાવે છે.

કંપનીના એક પ્રવક્તાએ જણાવ્યું કે અમે ગયા મહિને જણાવ્યું હતું કે અમે અમારા કેટલાક રોકાણોને મેટાવર્સમાંથી વેરેબલ્સ તરફ શિફ્ટ કરી રહ્યા છીએ. આ તે પ્રયાસનો એક ભાગ છે. અમે આ વર્ષે વેરેબલના ગ્રોથને ટેકો આપવા માટે બચતનું ફરીથી રોકાણ કરવાની યોજના ઘડી રહ્યા છીએ. ■

# ભાવનગર હેડ ક્વાર્ટરના હેડ કોન્સ્ટેબલ સાથે ૧.૧૦ લાખનું સાયબર ફ્રોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર હેડ ક્વાર્ટર ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલના બેંક એકાઉન્ટમાંથી રૂ.૧.૧૦ લાખનું સાયબર ફ્રોડ થયું હોવાની ફરિયાદ ભરતનગર પોલીસ મથકમાં નોંધાઈ હતી.

ભાવનગર શહેરના ભરતનગર વિસ્તારમાં આવેલા ૧૨ નંબરના બસ સ્ટેન્ડ નજીક રહેતા અને ભાવનગર હેડ ક્વાર્ટર ખાતે પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જયરાજસિંહ આપાભાઇ ખુમાણ ગઇ તા.૧૬ મે ૨૫ના રોજ બપોરના ઘરે હાજર હતા. અચાનક મોબાઇલનું સીમ કાર્ડ બંધ થઈ ગયેલ હોય જેથી જયરાજસિંહ તુરંત જ સીમ કાર્ડ ચાલુ કરવા માટે જીઓની ઑફિસે ગયા હતા. જયરાજસિંહને જીઓની ઑફિસમાંથી મોબાઇલ નંબરનું બીજું નવું કાર્ડ આપ્યું હતું, પરંતુ આ સીમ કાર્ડ મોબાઇલમાં ચાલુ થયેલ નહીં બાદ જયરાજભાઈએ બીજા દિવસે મોબાઇલ નંબર આધાર કાર્ડ સાથે લીંક કરેલ હોય જેના કારણે સીમ કાર્ડ ચાલું થતું ન હોય તેમ જાણવા મળ્યું હતું જે પછી જયરાજસિંહ ભાવનગર મહાનગરપાલિકાની ઝોનલ ઑફિસે ભરતનગર રીંગ રોડ પાસે આધારકાર્ડમાં મોબાઇલ નંબર લીંક કરતા મોબાઈલ શરૂ થયો હતો અને બેંક એકાઉન્ટ શરૂ થઈ ગયું હતું. દરમિયાનમાં જયરાજસિંહએ એક્સિસ બેંકની એપ્લિકેશનમાં બેલેન્સ ચેક કરતા બેંક ખાતામાંથી કોઇ યુપીઆઈ. આઈડી. લીંક થઇ ગયેલ હોય અને જયરાજસિંહની જાણ બહાર બેંક ખાતામાંથી રૂ. ૧,૧૦,૭૦૫ ઉપાડી ગયેલ હતા. આ બનાવ સંદર્ભે જયરાજસિંહએ શખસ વિરુદ્ધ ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| चोख | બારીકાઈ |
| चोखंदळ | ચકલી |
| चोप | ચપટી |
| चिमूट | સ્પષ્ટ |
| चिमणी | કાપવું |

## જાણવા જેવું

આધુનિક ઓલિમ્પિક રમતોત્સવનો પ્રારંભ ૧૮૯૬માં થયો હતો. ગ્રીસના એથેન્સ શહેરમાં થયેલા આયોજનમાં ૧૪ દેશના ૨૪૧ એથ્લિટ્સ સહભાગી થયા હતા. એથ્લેટિક્સ, સ્વિમિંગ. સાઈકલિંગ સહિત ૯ સ્પોર્ટ્સમાં ૪૩ ઇવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. એક પણ સ્ત્રી ખેલાડીનો સહભાગ નહોતો.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીના એકમાત્ર સગા જેઠના સસરાની એકમાત્ર દીકરીના સસરા સ્ત્રીને સગપણમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) દાદા  બ) ફુઆ
ક) કાકાજી  ડ) સસરા

## નોંધી રાખો

કોઈ વ્યક્તિ જો એમ કહે કે તેણે ક્યારેય ભૂલ નથી કરી તો માની લેજો કે તેણે જાતે ક્યારેય કોઈ પણ કામ નહીં કર્યું હોય.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | ■ | ૭ | | ■ | |
| ૮ | | | ■ | ૯ | ૧૦ | | ■ | ■ | |
| | ■ | ૧૧ | ૧૨ | ■ | | ■ | ૧૩ | ૧૪ | |
| ■ | ૧૫ | | | | ■ | ૧૬ | ■ | | ■ |
| ■ | | ■ | | ■ | ૧૭ | | ૧૮ | | ■ |
| ૧૯ | | | ■ | ૨૦ | ■ | ૨૧ | | ■ | ૨૨ |
| | ■ | ■ | ૨૩ | | ૨૪ | ■ | ૨૫ | | |
| | ■ | ૨૬ | | ■ | ૨૭ | | | ■ | |
| ૨૮ | | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | |

### આડી ચાવી

૧. ભીડ, ભરાવો (૩)
૩. સુંદર (૨)
૪. ઉજ્જડ (૩)
૬. લીલું (૩)
૭. અવાજ, ધ્વનિ (૨)
૮. મરચીનું ફળ (૨)
૯. કંગાળ, હલકું (૩)
૧૧. બગલો (૨)
૧૩. લેણું (૩)
૧૫. મુરાદ, ધારણા (૪)
૧૭. જૈન દેવમંદિર (૪)
૧૯. --- સે મજબૂર (૩)
૨૧. --- ભલા હોગા ભલા (૨)
૨૩. સિંહ (૩)
૨૫. પાક (૩)
૨૬. આંટીઘૂંટી (૨)
૨૭. જોખમ, ભય (૩)
૨૮. કપટી, દગલબાજ (૩)
૨૯. પ્રખ્યાત (૨)
૩૦. ઠંડું (૩)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કા | ફ | ૨ લો | ■ | ૩ પં | ક | ■ | ૪ કૂ | બ | ૫ ડું |
| ઠી | ■ | ૬ ક | ૭ ઠં | ગું | ■ | ૮ બો | ડ | ■ | ગ |
| ■ | ૯ મા | તં | ગ | ■ | ૧૦ વા | ■ | ૧૧ ક | સ | ર |
| ૧૨ જા | મા | ત્ર | ■ | ૧૩ પ | રિ | ૧૪ તા | પ | ■ | ■ |
| જ | ■ | ■ | ૧૫ શિ | ર | ■ | ૧૬ ક | ટ | ક | ૧૭ ટ |
| ૧૮ મ | ર્ત્ય | ૧૯ લો | ક | ■ | ૨૦ ઘ | ડે | ■ | ■ | કો |
| ■ | ■ | ૨૧ ક | લ | ૨૨ શો | ર | ■ | ૨૩ આ | ૨૪ દ | ર |
| ૨૫ અ | ફ | વા | ■ | ક | ■ | ૨૬ પા | મ | ર | ■ |
| વ | ■ | ૨૭ ય | થા | ■ | ૨૮ આ | પ | દા | ■ | ૨૯ રો |
| ૩૦ શ | લા | કા | ■ | ૩૧ ધા | રો | ■ | ૩૨ ની | ર | જ |

### ઊભી ચાવી

૧. આખી દુનિયાનો અભિપ્રાય (૪)
૨. લોઢાને આકર્ષનાર એક દ્રવ્ય (૫)
૩. વરસાદનાં ટીપાં પીને રહેતું એક પક્ષી (૩)
૪. આર્યોનું સૌથી પ્રાચીન ધર્મપુસ્તક (૨)
૫. ભેટ, બક્ષીસ (૪)
૭. થોડી ઉંમરનું, કદમાં અલ્પ (૨)
૧૦. ગળ્યું, મધુર ૯૨)
૧૨. સોગન (૩)
૧૪. કૃતઘ્ન, દેશદ્રોહી (૩)
૧૫. સહાય (૩)
૧૬. ખાવાનો પદાર્થ (૩)
૧૮. બલિદાન (૫)
૧૯. બધું સલામત છે એમ સૂચવતો ચોકીદારનો પોકાર (૪)
૨૦. ફરિયાદ (૩)
૨૨. રીતભાત, હરફર (૪)
૨૩. ---ને આંચ નહીં (૨)
૨૪. ઘાયલ (૩)
૨૬. ગૂંગણું, નાકમાંથી બોલતું (૨)

## ઓળખાણ પડી?

તાજેતરમાં યુએસ પ્રેસિડેન્ટ ડોનલ્ડ અને ગ્રીનલેન્ડના મુદ્દે ચર્ચાસ્પદ રહેલા વરિષ્ઠ મહિલા રાજકારણી કયા દેશના છે એ જાણો છો?

અ) ઈટલી
બ) ગ્રીનલેન્ડ
ક) ડેનમાર્ક
ડ) બલ્ગેરિયા



## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

આપેલા વાક્યમાં રમવાની એક વસ્તુ છુપાઈ છે એ શોધી કાઢો
વૃક્ષની ડાળ પરના પાંદડા લીલાછમ છે.

## માઈન્ડ ગેમ

રાજા દુષ્યંત અને શકુંતલાની પ્રેમગાથાનું સુમધુર વર્ણન કરતું પ્રખ્યાત નાટક 'અભિજ્ઞાન શાકુન્તલમ'ના રચયિતા કોણ હતા?

અ) પ્રેમાનંદ  ૨) કાલિદાસ  ૩) બાણભટ્ટ  ૪) ભવભૂતિ

## સુડોકુ-૯૨૦૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ | | ૯ | ૨ | | |
| ૮ | ૨ | ૯ | | ૧ | | | | |
| | | | | | ૫ | | | |
| ૨ | ૫ | ૮ | | | | | | ૭ |
| ૯ | ૬ | | | | | | ૩ | ૪ |
| ૪ | | | | | | ૮ | ૧ | ૨ |
| | | | ૩ | | | | | |
| | | | | ૬ | | ૯ | ૨ | ૫ |
| | | ૬ | ૫ | | ૪ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૦૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | ૩ | ૫ | ૮ | ૭ | ૬ | ૧ | ૪ |
| ૭ | ૪ | ૧ | ૯ | ૨ | ૬ | ૫ | ૩ | ૮ |
| ૫ | ૬ | ૮ | ૩ | ૪ | ૧ | ૯ | ૭ | ૨ |
| ૮ | ૭ | ૯ | ૪ | ૬ | ૨ | ૩ | ૫ | ૧ |
| ૬ | ૨ | ૫ | ૧ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ |
| ૧ | ૩ | ૪ | ૮ | ૭ | ૫ | ૨ | ૯ | ૬ |
| ૯ | ૫ | ૬ | ૨ | ૧ | ૮ | ૭ | ૪ | ૩ |
| ૩ | ૧ | ૨ | ૭ | ૯ | ૪ | ૮ | ૬ | ૫ |
| ૪ | ૮ | ૭ | ૬ | ૫ | ૩ | ૧ | ૨ | ૯ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| चाचणी | કસોટી |
| चांच्या | ચાંચિયો |
| चाणाक्ष | ચતુર |
| चालना | ગતિ |
| चाप | ધનુષ્ય |

**ગુજ્જરાત મોરી મોરી રેઃ** મમ્મી

**ઓળખાણ પડી?** કંવલજીત સંધુ

**માઈન્ડ ગેમ :** બેન્જામિન ફ્રેન્કલિન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ૨જ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) શ્રદ્ધા આશર (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) લજિતા ખોના (૧૭) નિખિલ બંગાળી (૧૮) હર્ષા મહેતા (૧૯) અમીશી બંગાળી (૨૦) જયવંત પદમશી ચિખલ (૨૧) કિરીટ છેડા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભરત કજરિયા (૨૫) ભાવના કર્વે (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કમલ માતલિયા (૨૮) મહેશ સંઘવી (૨૯) ચેતના છેડા (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) ડાયના સંતોકે (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રશીક જુથામી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નિતીન જયંતિલાલ બજરિયા (૪૩) પ્રવીણ વોરા (૪૪) નીતા દેસાઈ (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) મહેશ દોશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ધીરેન્દ્ર મુલરાજ (૫૦) દિપીકા દોશી

# ઓબીસી, મહિલા, દલિત કે ઓપન કેટેગરીના મેયર?

## આજે ડ્રો, કોનું નસીબ ચમકશે?

મુંબઈઃ રાજ્યની ૨૯ મહાનગરપાલિકાઓના મેયરપદ માટે અનામત નક્કી કરવા માટે ગુરુવારે મંત્રાલયમાં ડ્રો કાઢવામાં આવશે. નગર વિકાસ રાજ્ય પ્રધાન માધુરી મિસાલના અધ્યક્ષમાં આ ડ્રો કાઢવામાં આવશે. મેયર પદ માટે અનામત નિશ્ચિત થયા બાદ વિવિધ મહાનગરપાલિકાઓમાં મેયર ચૂંટવાની પ્રક્રિયા શરૂ થશે અને સત્તા સ્થાપવાની ગતિવિધિઓ તેજ બનશે.

આ ડ્રો કોર્પોરેટરોના વોર્ડ અનામત મુજબ નવેસરથી કાઢવાને બદલે રોટેશનલ પદ્ધતિથી કાઢવામાં આવે તેવી શક્યતા વર્તાવવામાં આવી રહી છે. જો રોટેશનલ પદ્ધતિથી અનામતનો ડ્રો કાઢવામાં આવશે, તો ઓપન કેટેગરી સિવાય બાકીની અન્ય કેટેગરીમાંથી અનામત મળવાની શક્યતા છે. અગાઉના મેયરનું પદ જનરલ કેટેગરી માટે અનામત હતું, તેથી આ રોટેશનલ પધ્ધતિમાં સેડ્યુલ કાસ્ટ (એસસી) અથવા ઓબીસીને અનામત મળે એવી પ્રબળ શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. મેયર કોણ બનશે તે અંગે (જુઓ પાનું ૪) ▸▸

## ૨૦૧૯માં ઉદ્ધવ ઠાકરેએ ભાજપ સાથે જે કર્યું તે હવે રાજ ઠાકરેએ ઉદ્ધવ સાથે કર્યું

# પાલિકા ચૂંટણી ઠાકરેબંધુ સાથે લડયા હવે કેડીએમસીમાં મનસેનું શિંદે સેનાને સમર્થન

મુંબઈઃ મહારાષ્ટ્ર નગર પાલિકાની ચૂંટણી પૂરી થયા પછી રોજેરોજ અવનવા રાજકીય સમીકરણો રચાઈ રહ્યા છે, જેમાં હજુ સુધી મુંબઈમાં મેયરનું કોકડું ઉકેલાયું નથી. બીજી બાજુ મહારાષ્ટ્રમાં બીજી સૌથી મોટી પાલિકા કલ્યાણ-ડોંબિવલીમાં અલગ સમીકરણો રચાઈ રહ્યા છે, જે પૈકી કલ્યાણ ડોંબિવલીમાં રાજ ઠાકરે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)એ એકનાથ શિંદે (શિવસેના)ને સમર્થન આપીને ભાઈ ઉદ્ધવ ઠાકરેને ઝટકો આપ્યો હોવાનો સૂત્રોએ દાવો કર્યો છે.

મહારાષ્ટ્ર નગરપાલિકાના પરિણામો પછી ઠાકરે બંધુમાં તિરાડ પડવાના સૌથી મોટા સંકેતો (જુઓ પાનું ૪) ▸▸

### ભાજપે શું કહ્યું?

કલ્યાણ-ડોમ્બિવલીમાં આ રાજકીય ગતિવિધિઓ પર ભાજપના નેતા અને કોર્પોરેટર દીપેશ મ્હાત્રેએ પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું કે, મનસેએ શિવસેનાને ટેકો આપ્યો તેનું તેઓ સ્વાગત કરે છે. કલ્યાણ ડોમ્બિવલીમાં મહાયુતિને ૧૦૦થી વધુ બેઠકો મળી છે. અમને મોટો (જુઓ પાનું ૪) ▸▸

### ગદ્દારો સાથે હાથ મિલાવ્યો એ તદ્દન ખોટુંઃ રાઉત

મુંબઈઃ મહાનગરપાલિકાની ચૂંટણી દરમિયાન ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેની પાર્ટી દ્વારા 'સાથે આવ્યા છીએ તે સાથે રહેવા માટે જ' - આવો પ્રચાર કરવામાં આવ્યો હતો.

જોકે, ચૂંટણીના પરિણામો આવતા જ બંને પક્ષોના રસ્તા અલગ થતા જણાય છે. કલ્યાણ-ડોંબિવલીમાં મનસેએ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાને ટેકો આપવાની જાહેરાત કરી છે. શિવસેના નેતા અને સાંસદ સંજય રાઉતે મનસેના આ નિર્ણય (જુઓ પાનું ૪) ▸▸

## ઉદ્ધવ સેનાને મુંબઈમાં મોટો ફટકો

# નવી ચૂંટાયેલી નગરસેવિકા શિંદે સેનામાં જોડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની તાજેતરમાં સંપન્ન થયેલી ચૂંટણીમાં ૬૫ નગરસેવકો સાથે બીજા નંબરે રહેલી ઉદ્ધવ ઠાકરેની (યુબીટી)ને બુધવારે મોટો રાજકીય ફટકો પડ્યો હતો. ચાંદિવલીની વોર્ડ નંબર ૧૫૭માંથી યુબીટીમાંથી ચૂંટાયેલી નગરસેવિકા ડૉ. સરિતા મ્હસ્કે શિંદેની સેનામાં જોડાઈ ગઈ હોવાનું માનવામાં આવે છે.

બુધવારે શિવસેના (ઉદ્ધવ બાળાસાબે ઠાકરે)ના ગ્રૂપના નગરસેવકો કોંકણ ભવનમાં રજિસ્ટ્રેશન માટે ગયા હતા. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં યુબીટીના ૬૫ નગરસેવકો ચૂંટાયા છે પણ બુધવારે કોંકણ ભવનમાં માત્ર ૬૪ નગરસેવકો જ ગયા હતા. ચાંદિવલીની વોર્ડ નંબર ૧૫૭ની નગરસેવિકા ડૉ. સરિતા મ્હસ્કે ગેરહાજર રહી હતી. સરિતા છેલ્લા બે દિવસથી નોટ રીચેબલ રહી હતી અને બુધવારે પણ તેનો સંપર્ક થઈ શક્યો નહોતો.

સૂત્રોના કહેવા મુજબ બુધવારે કોંકણભવનમાં જવા પહેલા તમામ નગરસેવકોને શિવસેના ભવનમાં તેમના દસ્તાવેજો લઈને હાજર થવાનું ફરમાન હતું પણ સરિતા ત્યાં આવી નહોતી અને તે નોટ રીચેબલ રહી હતી. મંગળવારે પણ તેનો સંપર્ક થઈ શક્યો નહોતો. તેથી પક્ષના નેતાઓએ તેમના નજીકના સાથીઓનો પણ સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પણ કોઈ સાથે બુધવારના પણ સંપર્ક થઈ શક્યો નહોતો. તેથી બુધવારના બપોર સુધીમાં સરિતા તરફથી કોઈ જવાબ નહીં મળતા ઠાકરે ગ્રૂપના ૬૪ નગરસેવકોએ તેમના ગ્રૂપનું રજિસ્ટ્રેશન કોંકણ ભવનમાં કરાવ્યું હતું.

યુબીટીના ટોચના નેતા અને વિધાનપરિષદના સભ્ય અનિલ પરબે મિડિયાને જણાવ્યું હતું કે સરિતા અમારા સંપર્કમાં છે અને પારિવારિક કારણથી તે બુધવારે જોડાઈ શકયા નહોતા. નિયમ મુજબ તેમની પાસે નોંધણી માટે હજી ૨૫ દિવસનો સમય છે, તેથી ગમે ત્યારે તેમનું નામ ઉમેરી શકાય છે. જો આ સમય દરમ્યાન તે નહીં આવે તો તેની સામે નિયમ મુજબ કાર્યવાહી કરવા બાબતે પક્ષના વરિષ્ઠ નેતાઓ પગલા લેશે. મિડિયા સમક્ષ યુબીટીના નેતાઓએ સતત એવો દાવો કર્યો હતો કે મ્હસ્કે તેમના સંપર્કમાં છે પણ સૂત્રોના જણાવ્યા મુજબ મ્હસ્કે શિંદે સેનામાં જોડાઈ ગઈ હોવાના અહેવાલ બાદ ઉદ્ધવ ઠાકરેના જૂથે તેને ગેરલાયક ઠેરવવા માટે પગલા લેવાનું શરૂ કરી દીધું છે. ચૂંટણીમાં સત્તાવાર રીતે યુબીટીના ૬૫ નગરસેવકો ચૂંટાયા છે પણ જો મ્હસ્કેના પક્ષપલટાને ઔપચારિક રીતે મંજૂરી મળી જાય છે તો મુંબઈ મહાનગરપાલિકામાં યુબીટીનું સંખ્યાબળ ઘટીને ૬૪ થઈ જશે.

પાલિકાના સિનિયર ભૂતપૂર્વ નગરસેવકે આ બાબતે કહ્યું હતું કે જો આ કેસમાં સરિતા મ્હસ્કે સામે પક્ષપલટો વિરોધી કાયદો લાગુ પડશે નહીં. સરિતાએ ડિવિઝનલ કમિશનર સમક્ષ શિવસેના (યુબીટી)ના જૂનથના ભાગરૂપે પોતાની નોંધણી કરાવી નથી. ■

## મેયરપદ માટે ૧૧૪નો જાદુઈ આંકડો પાર કરવાની જરૂર નથીઃ આરટીઆઇ કાર્યકર્તાનો દાવો

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકામાં મહાયુતિના મેયરની સ્થાપના થશે તે લગભગ નિશ્ચિત છે. જોકે, શિંદે સેનાના મેયરની સ્થાપના થશે કે નહીં તે અંગે વિવાદ ચાલી રહ્યો છે. દરમિયાન એવી ચર્ચા છે કે મેયર પદ મેળવવા માટે પણ બહુમતીનો જાદુઈ આંકડો પાર કરવો પડે છે, પરંતુ આરટીઆઇ કાર્યકર્તા અનિલ ગલગલીએ સ્પષ્ટ કર્યું હતું કે મહાનગરપાલિકાના કાયદામાં આવી કોઈ જોગવાઈ નથી.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપને ૮૯, શિંદે સેનાને ૨૯, ઠાકરે સેનાને ૬૫, મનસેને સાત, કોંગ્રેસને ૨૪, એમઆઇએમને આઠ, અજિત પવારની એનસીપીને ત્રણ, સમાજવાદી પાર્ટીને બે અને શરદ પવારની એનસીપીને એક બેઠક મળી છે. કોર્પોરેટરોની સંખ્યાની દૃષ્ટિએ ભાજપ આગળ છે. તેથી ભાજપ અને શિંદે સેના ગઠબંધનની સંખ્યા ૧૧૮ છે અને ઠાકરે સેના-મનસે ગઠબંધનની સંખ્યા ૭૧ છે. એટલે કે ગઠબંધન ૧૧૪ ના જાદુઈ આંકડા સુધી પહોંચી ગયું છે. તેથી તેઓ સરળતાથી મેયર પદનો દાવો કરી શકશે. જોકે મ્યુનિસિપલ એક્ટ અલગ કહે છે. અનિલ ગલગલીએ આ બાબતે જણાવ્યું હતું કે, ૨૨૭ (જુઓ પાનું ૪) ▸▸

# ઉદ્ધવ તરફથી પાલિકામાં ભાજપ-શિંદે સેનાનો સામનો કરવાની જવાબદારી પેડણેકરને માથે

### ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકર શિવસેના યુબીટી કોર્પોરેટરોના નેતા તરીકે ચૂંટાયા

મુંબઈઃ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં વોર્ડ નંબર ૧૯૯માંથી જીત મેળવનાર ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકર બુધવારે શિવસેના યુબીટી કોર્પોરેટરોના નેતા તરીકે ચૂંટાયા છે. તેમણે શિવસેના (શિંદે જૂથ)ના રૂપલ કુસાળેને હરાવ્યા હતા.

મહારાષ્ટ્ર નાગરિક ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને તેના મહાયુતિ સાથી પક્ષોએ જીત મેળવ્યાના થોડા દિવસો પછી શિવસેનાના કોર્પોરેટરોના નેતાની પસંદગી કરવામાં આવી હતી. મહાયુતિએ સહિત ૨૯માંથી ૨૫ મ્યુનિસિપલ કોર્પોરેશનો જીત્યા, જેનાથી પાલિકા પર શિવસેનાના લગભગ ત્રણ દાયકાના વર્ચસ્વનો અંત આવ્યો. મહાયુતિ ગઠબંધને ૨૨૭ સભ્યોની પાલિકામાં ૧૧૪ નો બહુમતીનો આંકડો પાર કરી, કુલ ૧૧૮ બેઠકો જીતી. ભાજપ ૮૯ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો, ત્યારબાદ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના ૨૯ બેઠકો સાથે બીજા ક્રમે રહી. વિરોધ પક્ષમાં, શિવસેના (યુબીટી) ૬૫ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી, જ્યારે કોંગ્રેસે ૨૪ બેઠકો જીતી. એમઆઈએમઆઈએમએ નોંધપાત્ર લાભ મેળવ્યો, મુંબઈમાં ૮ બેઠકો અને રાજ્યભરમાં ૧૧૪ બેઠકો જીતી. મનસે એ ૬ બેઠકો મેળવી. ■

# અદાણી ગ્રૂપ ૬૬ બિલ્યન યુએસ ડૉલરનું મહારાષ્ટ્રમાં રોકાણ કરશેઃ દાવોસમાં કરાર કર્યા

દાવોસઃ અદાણી ગ્રૂપે બુધવારે મહારાષ્ટ્ર માટે ૬૬ બિલિયન યુએસડોલરના રોકાણની બ્લુપ્રિન્ટની રૂપરેખા આપી, જેમાં ઉડ્ડયન, સ્વચ્છ ઉર્જા, શહેરી માળખાગત સુવિધાઓ, ડિજિટલ પ્લેટફોર્મ અને અદ્યતન ઉત્પાદનનો સમાવેશ થાય છે, કારણ કે તે રાજ્યના માળખાગત વિકાસ એજન્ડામાં લાંબા ગાળાના ભાગીદાર તરીકે પોતાને સ્થાન આપે છે.

દાવોસમાં ૫૬મી વર્લ્ડ ઇકોનોમિક ફોરમની વાર્ષિક બેઠકમાં તેની યોજનાઓ રજૂ કરતા, સમૂહે જણાવ્યું હતું કે આ પોર્ટફોલિયો ઉર્જા સંક્રમણ, વ્યવસાય કરવાની સરળતા અને ઉત્પાદન સ્વનિર્ભરતા પર ભારતની પ્રાથમિકતાઓ સાથે સંકલિત, ભવિષ્ય માટે તૈયાર પ્લેટફોર્મ બનાવવા તરફના પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે.

મહારાષ્ટ્રમાં, પ્રસ્તાવિત રોકાણો મોટા પાયે શહેરી પરિવર્તન અને આગામી પેઢીના માળખાગત પ્રોજેક્ટ્સ દ્વારા સંકળાયેલા છે.

આમાં ધારાવીનો પુનર્વિકાસ સામેલ છે, જેનો હેતુ એશિયાના સૌથી મોટી અનૌપચારિક વસાહતને આયોજિત અને આર્થિક રીતે ગતિશીલ જિલ્લામાં રૂપાંતરિત કરવાનો છે.

ગ્રૂપ નવી મુંબઈને એક મુખ્ય વિકાસ કેન્દ્ર તરીકે બનાવી રહ્યું છે, જે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દ્વારા સંચાલિત છે.

અમે કોઈપણ રોકાણકારનું સ્વાગત કરીશું, પછી ભલે તે અદાણી ગ્રૂપ હોય કે અન્ય કોઈ, જે મહારાષ્ટ્રમાં રોકાણ લાવે છે, કારણ કે રોકાણ વિના આપણા યુવાનો માટે નોકરીઓનું સર્જન થશે નહીં, એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

અતિરિક્ત પ્રોજેક્ટ્સમાં ગ્રીન ૩,૦૦૦ મેગાવોટની સંયુક્ત ક્ષમતાવાળા સંકલિત ડેટા સેન્ટર પાર્ક, એરપોર્ટ નજીક એક સંકલિત એરેના ડિસ્ટ્રિક્ટ, કોલસા ગેસિફિકેશન સુવિધાઓ, કુલ ૮,૭૦૦ મેગાવોટના પમ્પ્ડ-સ્ટોરેજ હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ અને ખાનગી ભાગીદારી માટે સરકારના વિકસિત માળખા સાથે સંકલિત પ્રસ્તાવિત સેમિ-કન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબ્રિકેશન યુનિટ્સનો સમાવેશ થાય છે.

અદાણી ગ્રૂપે જણાવ્યું હતું કે રોકાણો સ્કેલ, એકીકરણ અને ટકાઉપણું પર ધ્યાન કેન્દ્રિત કરીને સંપત્તિ નિર્માણથી ઇકોસિસ્ટમ નિર્માણ તરફના તેના સંક્રમણ પર ભાર મૂકે છે.

# ઈ-કેવાયસીની ભૂલથી ૨૪ લાખ લાડકી બહિણ લાભાર્થીઓને સરકારી કર્મચારી તરીકે ઓળખવામાં આવ્યા

મુંબઈઃ લાડકી બહિણ યોજના માટે ઈ-કેવાયસી પ્રક્રિયામાં એક ખામીયુક્ત પ્રશ્નના પરિણામે મહારાષ્ટ્રમાં ૨૪ લાખથી વધુ મહિલા લાભાર્થીઓને સરકારી કર્મચારી તરીકે ખોટી રીતે વર્ગીકૃત કરવામાં આવ્યા છે, જેના કારણે તેમની માસિક આર્થિક સહાય અચાનક બંધ થઈ ગઈ છે.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા સ્વીકારવામાં આવેલી આ ભૂલને કારણે હવે સરકારને અસરગ્રસ્ત લાભાર્થીઓની ભૌતિક ચકાસણી કરવા માટે રાજ્યભરમાં લગભગ એક લાખ આંગણવાડી કાર્યકરોને તૈનાત કરવાની ફરજ પડી છે.

વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ બુધવારે જણાવ્યું હતું કે ઈ-કેવાયસી ફોર્મમાં એક પ્રશ્ન ખોટી રીતે ઘડવામાં આવ્યો હતો, જેમાં એક સરળ પ્રશ્નને બદલે બે નકારાત્મક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

મરાઠીમાં પ્રશ્ન 'તુમચ્યા ઘરાતલે કોઈ સરકારી નોકરી નહીં ના?' (તમારા પરિવારમાં કોઈ સરકાર માટે કામ કરતું નથી, ખરું ને?) હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે લાભાર્થીઓ, જેમણે 'ના'નો જવાબ આપવો જોઈતો હતો, તેમને વાક્યની ગૂંચવણભરી રચનાને કારણે 'હા' આપવામાં આવ્યા હતા.

આ પ્રશ્ને ઉત્તરદાતાઓને મૂંઝવણમાં મૂક્યા અને લગભગ ૨૪ લાખ લોકોએ હકારાત્મક જવાબ આપ્યો. આનો અર્થ આપમેળે એવો થયો કે પરિવારનો ઓછામાં ઓછો એક સભ્ય સરકારી કર્મચારી હતો અને પરિણામે સિસ્ટમે માસિક ચુકવણી બંધ કરી દીધી હતી, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

ડેટા સમીક્ષા દરમિયાન ભૂલનું પ્રમાણ સ્પષ્ટ થયું, અધિકારીએ જણાવ્યું, કારણ કે મહારાષ્ટ્રમાં અર્ધ-સરકારી સંસ્થાઓ અને કોર્પોરેશનોમાં ૮ થી ૯ લાખ સરકારી કર્મચારીઓ છે.

'અમને રાજ્યના વિવિધ ભાગોમાંથી માસિક હપ્તા (યોજના હેઠળ આપવામાં આવતા રૂ. ૧,૫૦૦) ન ચૂકવવા અંગે ફરિયાદો પણ મળવા લાગી,' એમ પણ તેમણે કહ્યું હતું.

રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી અદિતિ તટકરેએ મંગળવારે રાત્રે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે રેકોર્ડ સુધારવા માટે આ લાભાર્થીઓની ભૌતિક ચકાસણી આંગણવાડી કાર્યકરો દ્વારા કરવામાં આવશે.

ઈ-કેવાયસી કવાયતમાં લગભગ ૨.૩૦ કરોડ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા અને તેનો હેતુ યોજના હેઠળ પાત્રતા સુનિશ્ચિત કરવાનો હતો. ઈ-કેવાયસી પૂર્ણ કરવાની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ હતી.

તેમણે જણાવ્યું હતું કે સરકારે લાભોનો ખોટી રીતે લાભ લેનારા પુરુષો અને સરકારી કર્મચારીઓ સામે વસૂલાતની કાર્યવાહી શરૂ કરી છે.

# શિંદેના ગઢ થાણેમાં, સ્થાનિક ભાજપ નેતાઓની નગર નિગમના નિયંત્રણમાં સન્માનજનક હિસ્સાની માગણી

થાણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના ગઢ થાણેમાં ભાજપ અને શિવસેના વચ્ચે તણાવનો માહોલ ચાલી રહ્યો છે, જેમાં ભાજપ નેતા પાલિકાની ચૂંટણીમાં પાર્ટીના ૧૦૦ ટકા સ્ટ્રાઇક રેટને કારણે સત્તામાં નોંધપાત્ર હિસ્સો મેળવવા માટે દાવેદારી કરી રહ્યા છે.

શિંદેના નેતૃત્વમાં શિવસેનાએ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૭૫ વોર્ડ જીત્યા હતા. ગઠબંધન ભાગીદાર ભારતીય જનતા પાર્ટીએ ૨૮ બેઠકો મેળવી હતી, જે ૧૩૧ સભ્યોની નગર નિગમને નિયંત્રિત કરવા માટે જરૂરી ૬૬ના બહુમતી આંકડાને સરળતાથી વટાવી ગઈ હતી.

શિવસેના તેના સાથી પક્ષથી ખૂબ પાછળ રહીને બીજા ક્રમે રહી હોવા છતાં મુંબઈના મેયર પદ પર નજર રાખી રહી છે તેવી અટકળો વચ્ચે, ભાજપે થાણેમાં સ્થાનિક નગર નિગમની ચૂંટણીમાં પાર્ટીના પ્રદર્શનને બિરદાવતા પોસ્ટરો લગાવ્યા છે. ભાજપના થાણેના પ્રભારી અને એમએલસી નિરંજન ડાવખરેએ જણાવ્યું હતું કે બેનરો ચૂંટણીમાં વિજય મેળવવામાં પાર્ટીના કાર્યકરોના 'અથાક પ્રયાસો'ને બિરદાવે છે.

ડાવખરેએ જણાવ્યું હતું કે, ટેકનિકલ ખામીને કારણે ગુમાવેલી એક બેઠકને બાદ કરતાં, ભાજપે થાણેમાં લડેલી ૨૮ બેઠકો પર ૧૦૦ ટકા સ્ટ્રાઇક રેટ જાળવી રાખ્યો છે. તેમણે કહ્યું કે ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં તાજેતરની ચૂંટણીઓમાં ભાજપને મળેલી શાનદાર સફળતાને કારણે થાણેમાં ભાજપ માટે મજબૂત ભૂમિકા જરૂરી છે. 'જો આપણે આપણા ઢંઢેરામાં આપેલા વચનો પૂરા કરવા હોય, તો મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મુખ્ય હોદ્દા પર રહેવું જરૂરી છે. મેયરનું પદ હોય, ગૃહના નેતા હોય, સ્થાયી સમિતિ હોય કે અન્ય મહત્વપૂર્ણ સમિતિઓ હોય, આ હોદ્દાઓમાં અર્થપૂર્ણ ભૂમિકા વિના, થાણે માટે અમે જે વિકાસ રોડમેપનું આયોજન કર્યું છે તેમાં અવરોધો આવી શકે છે,' એમ ડાવખરેએ મંગળવારે પત્રકારોને જણાવ્યું હતું.

# મહારાષ્ટ્રના નાંદેડમાં નકલી દિવ્યાંગ સર્ટિફિકેટના આરોપસર સાત શિક્ષક સસ્પેન્ડ

નાંદેડ (મહારાષ્ટ્ર): મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં માન્ય પ્રમાણપત્ર રજૂ કર્યા વિના દિવ્યાંગ આરક્ષણના લાભ મેળવવા બદલ એક મુખ્ય શિક્ષક અને અન્ય છ શાળા શિક્ષકો સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. પ્રાથમિક શિક્ષણ વિભાગે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં દિવ્યાંગ હોવા અંગે બનાવટી દસ્તાવેજ નો ઉપયોગ કરતા શિક્ષકોને ઓળખવા માટે ચકાસણી અભિયાન શરૂ કર્યું હતું. સાત શિક્ષકના દિવ્યાંગ સર્ટિફિકેટ જિલ્લા સિવિલ સર્જન ઓફિસના રજિસ્ટરમાં નોંધાયેલા ન હોવાનું જાણવા મળ્યું હોવાનું એક અધિકારીએ જણાવી ઉમેર્યું હતું કે તારણો એ પણ દર્શાવે છે કે આ કેસોમાં દિવ્યાંગતાની ટકાવારી ૪૦ ટકાથી ઓછી હોવાથી લાભ મેળવવા તેઓ અયોગ્ય બની ગયા હતા.

અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે જિલ્લા પરિષદ શાળાના મુખ્ય શિક્ષકને કોઈ સંબંધિત પ્રમાણપત્ર રજૂ ન કર્યું હોવા છતાં દિવ્યાંગતાની છૂટછાટ આપવામાં આવી હોવાનો આરોપ છે. અન્ય છ શિક્ષકોમાંથી અમુકે સંબંધિત સર્ટિફિકેટ રજૂ કર્યા ન હતા, જ્યારે અન્ય લોકોએ એવા દસ્તાવેજો રજૂ કર્યા હતા જે જિલ્લા સિવિલ સર્જન દ્વારા જારી કરવામાં આવ્યા ન હોવાનું જાણવા મળ્યું હતું. (પીટીઆઈ)

# 'ધમાકો કરો, હથિયાર અને પૈસા હું આપીશ'

### નિલેશ ઘાયવળના નવ સહયોગીઓ વિરુદ્ધ આરોપનામું

પુણેઃ પુણે શહેર અને ઉપનગરોમાં સામાન્ય લોકોમાં આતંક ફેલાવી તેમને ભયભીત કરનાર ગેંગસ્ટર નિલેશ ઘાયવળ વિરુદ્ધ પોલીસે આરોપનામું દાખલ કર્યું છે. ઘાયવળ ગેંગના તેના નવ સાથી વિરુદ્ધ પોલીસે ચાર્જશીટ દાખલ કરી છે.

૧૮મી સપ્ટેમ્બર (ગણેશ વિસર્જન)ના દિવસે પુણેના કોથરુડ વિસ્તારના શાસ્ત્રીનગરમાં ગોળીબાર કરીને નિલેશ ઘાયવળની ગેંગે આતંક ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે તેણે પુણેમાં આતંક ફેલાવવાના ઈરાદાથી જ ગોળીબાર કર્યો હતો. દરમિયાન, નિલેશ ઘાયવળ પોલીસથી બચી વિદેશ ભાગી ગયો. નિલેશને ઝબ્બે કરવા પોલીસે ખૂબ કોશિશ કરી. અનેક પોલીસ ટીમ તેનો પીછો કરી રહી હતી પરંતુ એ પકડાયો નહીં.

પુણે પોલીસે ગેંગસ્ટર નિલેશ ઘાયવળ અને તેની ગેંગના ૯ ગુનેગાર વિરુદ્ધ કોર્ટમાં ૬ હજાર ૪૫૫ પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. ૭ સપ્ટેમ્બર (ગણેશ વિસર્જન)ના દિવસે કોથરુડના શાસ્ત્રી નગર વિસ્તારમાં ગોળીબાર કરીને ગભરાટ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન બહાર આવેલી માહિતી અનુસાર પોલીસ પાસે પુરાવા છે કે ઘાયવળે તેના સાથીઓને 'ધમાકો કરો, હું તમને હથિયારો અને પૈસા આપીશ, જો કોઈ કેસ હશે, તો એમાંથી તમને બહાર કાઢવાની જવાબદારી મારી' એમ કહીને ઉશ્કેર્યા હતા. મયુર ઉર્ફે રાકેશ ગુલાબ કુંભરે, મયંક ઉર્ફે મોન્ટી વિજય વ્યાસ, ગણેશ સતીષ રાઉત, દિનેશ રામ ફાટક, આનંદ અનિલ ચાંદલેકર, મુસાબ ઇલાહી શેખ, જયેશ કૃષ્ણા વાઘ, અક્ષય દિલીપ ગોગાવલે, અજય મહાદેવ સરોદે એમ નવ આરોપી છે.

# અકોલામાં ૨૦૧૯માં ગવળી સમુદાયના નેતાની હત્યા બદલ ૧૦ આરોપીને આજીવન કારાવાસ

અકોલાઃ મહારાઝ્રના અકોલાની કોર્ટે ગવળી સમુદાયના રાજ્ય પ્રમુખ કિસનરાવ હુંડીવાલેની મે, ૨૦૧૯ના રોજ થયેલી હત્યાના કેસમાં ૧૦ આરોપીને બુધવારે આજીવન કારાવાસની સજા ફટકારી હતી. ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે આરોપી શ્રીરામ ગાવંડે, રંજિત ગાવંડે, વિક્રમ ગાવંડે, સૂરજ ગાવંડે, ધીરજ ગાવંડે, વિશાલ તાયડે, સતીષ તાયડે, પ્રતીક તોંડે, મયૂર અહિર અને દિનેશ રાજપૂતને દોષી ઠેરવ્યા હતા, એમ વિશેષ સરકારી વકીલ ઉજ્જવલ નિકમે જણાવ્યું હતું. કોર્ટે પૂરતા પુરાવાને અભાવે પ્રવીણ શ્રીરામ ગાવંડે, મંગેશ ગાવંડે, દિપાલી ગાવંડે, નમ્રતા ગાવંડે અને શેખ સાબિરને નિર્દોષ જાહેર કર્યા હતા. ગવળી સમુદાયના પ્રભાવશાળી નેતા હુંડીવાલે પર ૬ મે, ૨૦૧૯ના રોજ અકોલા શહેરમાં ચેરિટી કમિશનરની ઓફિસમાં હુમલો કરવામાં આવ્યો હતો. હુંડીવાલે અને અમુક આરોપીઓ વચ્ચે શૈક્ષણિક સંસ્થા પર નિયંત્રણ અંગેના વિવાદને લઇ સંબંધો વણસ્યા હતા અને હુમલા અગાઉ ચેરિટી કમિશનરની ઓફિસમાં તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. હુંડીવાલેના માથા પર ફાયર ઍક્સટિંગ્યુશર સિલિન્ડરથી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ગંભીર ઇજા થઇ હતી.

# ચેંબુરમાં એલપીજી ટેન્કર પલટાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચેંબુરમાં આરસીએફ પાસે બુધવારે બપોરના એલપીજી ભરેલું ટેન્કર પલટી ખાઈ ગયું હતું. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

પોલીસના જણાવ્યા મુજબ એચપીસીએલનું એલપીજી ભરેલું ટેન્કર બપોરના ચેંબુરના શંકર મંદિર રોડથી પસાર થઈ રહ્યું હતું ત્યારે ૨.૧૫ વાગ્યાની આસપાસ માહુલ વિસ્તારમાં આરસીએફ નજીક ગવણપાડા રોડ પાસે પલટી ખાઈ ગયું હતું.

ઘટના સ્થળે તરત ફાયરબ્રિગેડ અને એચપસીએલની ટોઈંગ વેન પહોંચી ગઈ હતી. સદ્નસીબે ટેન્કરમાંથી ગેસ ગળતર કે આગ લાગવા જેવી કોઈ દુર્ઘટના સર્જાઈ નહોતી અને મોડે સુધી ટેન્કરને હટાવવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

# શિવસેના અને 'ધનુષ્યબાણ' કોના હસ્તક? ઠાકરે કે શિંદે? સુપ્રીમમાં શુક્રવારે સુનાવણી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શિવસેનાના સત્તા સંઘર્ષ, પક્ષ અને ચૂંટણી પ્રતીક વિવાદ પર બુધવારે સુનાવણી હાથ ધરી હતી. શિવસેના પક્ષ અને ચૂંટણી પ્રતીક અંગેનો વિવાદ છેલ્લા ત્રણ વર્ષથી સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડિંગ છે. શિવસેના પક્ષ અને ચૂંટણી પ્રતીક ધનુષબાણ મુદ્દા પર નિર્ણાયક સુનાવણી થવાની હોવાથી રાજ્યનું ધ્યાન સુપ્રીમ કોર્ટ પર કેન્દ્રિત થયું છે. સુપ્રીમ કોર્ટમાં બુધવારે સુનાવણી મુલતવી રાખવામાં આવી છે. હવે જાણવા મળ્યું છે કે શિવસેનાના ચૂંટણી ચિહ્ન અને પક્ષ જોડાણ અંગે શુક્રવારે સુનાવણી થશે. આ સુનાવણી શિવસેનાના વડા સ્વર્ગસ્થ બાળાસાહેબ ઠાકરેની જન્મજયંતિ પર મુખ્ય ન્યાયાધીશની ખંડપીઠ સમક્ષ થવાની સંભાવના છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત બપોરે એક વાગ્યા સુધી જ નિયમિત કાર્યવાહી કર્યા બાદ 'અરવલ્લી ડુંગર' કેસની ખાસ સુનાવણીમાં વ્યસ્ત રહેવાના હોવાથી શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ સંબંધિત કેસ માટે પૂરતો સમય મળવો મુશ્કેલ હતો. શિવસેનાના ચૂંટણી પ્રતીક અને પક્ષ અંગેની સુનાવણી બુધવારની કાર્યસૂચિમાં ૩૭મા ક્રમે હોવાથી સુનાવણી શક્ય નહીં બને એમ કહેવામાં આવ્યું હતું. દરમિયાન, સુપ્રીમ કોર્ટે બંને પક્ષોને પોતાનો પક્ષ રજૂ કરવા માટે ત્રણ કલાકનો સમય આપ્યો છે. આ સમય દરમિયાન બંને પક્ષના વકીલોએ દલીલ કરવાની રહેશે.

# રોહિત શર્માએ કહ્યું, ‘હું પહેલી વખત ટી-૨૦ વર્લ્ડ કપ ઘરમાં બેસીને જોઈશ’

નવી દિલ્હીઃ રોહિત શર્મા વન-ડેમાં હજી રમી રહ્યો છે, પણ એ સિવાયની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ ગયો છે અને એમાં પણ ખાસ કરીને તેણે ટી-૨૦ વર્લ્ડ કપની બાબતમાં એક પ્રકારની નિરાશા વ્યક્ત કરી છે. તેણે કહ્યું છે કે કરીઅરમાં તે પહેલી જ વખત ઘરમાં બેસીને ટી-૨૦ વર્લ્ડ કપની મૅચો જોશે.

આગામી સાતમી ફેબ્રુઆરીએ ભારત અને શ્રીલંકામાં ટી-૨૦નો વિશ્વ કપ શરૂ થશે. એ દિવસે પ્રથમ મૅચ વાનખેડે સ્ટેડિયમમાં ભારત અને અમેરિકા વચ્ચે રમાશે.

રોહિતે એક જાણીતી ઍપના શૉમાં જણાવ્યું હતું કે ‘ હું દરેક ટી-૨૦ વર્લ્ડ કપ રમ્યો છું. પહેલી વાર હું ઘરમાં બેસીને આ ફૉર્મેટના વિશ્વ કપની મૅચો જોઈશ.’

૨૦૦૭માં ભારતે ૨૪મી સપ્ટેમ્બરે પાકિસ્તાનને ફાઇનલમાં હરાવીને સૌપ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી જીતી લીધી હતી. એ ફાઇનલમાં રોહિતે છઠ્ઠા નંબરે બૅટિંગ કરી હતી અને અણનમ ૩૦ રન કર્યા હતા. ટીમમાં ગૌતમ ગંભીરના ૭૫ રન બાદ રોહિતના અણનમ ૩૦ રન હાઇએસ્ટ હતા. પછીથી રોહિતે કૅપ્ટન શોએબ મલિકનો કૅચ ઝીલ્યો હતો. ભારતે એ ફાઇનલ મુકાબલો પાંચ રનથી જીતી લીધા હતો. રોહિતે વધુમાં કહ્યું, ‘જ્યારે એવું યાદ આવે કે આ વખતે વર્લ્ડ કપમાં નથી રમવાનું ત્યારે ખૂબ દુઃખ થાય. હું કદાચ સ્ટેડિયમમાં ક્યાંક હોઈશ, પણ ખેલાડીના રૂપમાં નહીં હોઉં. મને ત્યારે અલગ જ અનુભવ થશે.’

# અભિષેકની આતશબાજીએ અપાવ્યો વિજય

## ૨૩૯ રનના લક્ષ્યાંક સામે કિવીઓ લડત આપીને હાર્યાઃ નાગપુરના પ્રેક્ષકોએ રિન્કુ-શૉ પણ ખૂબ માણ્યોઃ વર્લ્ડ નંબર વન વરુણની બે વિકેટ

નાગપુરઃ ભારતે અહીં ન્યૂ ઝીલૅન્ડને પાંચ મૅચવાળી સિરીઝના પ્રથમ ટી-૨૦ મુકાબલામાં ૪૮ રનથી હરાવીને ૧-૦થી સરસાઈ મેળવી લીધી હતી. એકમાત્ર ગ્લેન ફિલિપ્સ (૭૮ રન, ૪૦ બૉલ, છ સિક્સર, ચાર ફોર)એ ભારતીય બોલર્સને લાંબા સમય સુધી લડત આપી હતી. માર્ક ચૅપમૅને ૩૯ રન કર્યા હતા. વર્લ્ડ નંબર વન વરુણે અને દુબેએ બે-બે વિકેટ તેમ જ અર્શદીપ, હાર્દિક અને અક્ષરે ૧-૧ વિકેટ લીધી હતી. ભારતે જીતવા માટે ૨૩૯ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો એના માનસિક દબાણમાં આવી ગયેલા કિવીઓએ ધબડકા સાથે શરૂઆત કરી હતી અને સાત વિકેટે ૧૯૦ રન કરી શકયા હતા. નાગપુરની આ મૅચમાં ન્યૂ ઝીલૅન્ડે શૂન્ય પર ડેવૉન કૉન્વેની અને એક રનના સ્કોર પર રચિન રવીન્દ્રની વિકેટ ગુમાવી દીધી હતી. કૉન્વેને અર્શદીપે વિકેટકીપર સૅમસનના હાથમાં અને રચિનને હાર્દિક પંડ્યાએ અભિષેક શર્માના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. ત્રણ ઓવરને અંતે ન્યૂ ઝીલૅન્ડનો સ્કોર બે વિકેટે ૧૩ રન હતો.

એ પહેલાં, બૅટિંગ મળ્યા પછી ભારતે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૩૮ રન કર્યા હતા. અભિષેક શર્મા (૮૪ રન, ૩૫ બૉલ, આઠ સિક્સર, પાંચ ફોર) પછી હાર્દિક પંડ્યા (પચીસ રન, ૧૬ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) બાદ ખાસ કરીને રિન્કુ સિંહે (૪૪ અણનમ, ૨૦ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) પણ કિવી બોલર્સની ઍનેલિસિસ બગાડી નાખી હતી.

સાત કિવી બોલર્સમાંથી જૅકબ ડફી અને કાઇલ જૅમીસને બે-બે વિકેટ અને ક્રિસ્ટિયન, ઇશ સોઢી તથા કૅપ્ટન મિચલ સૅન્ટનરે એક-એક વિકેટ મેળવી હતી. ન્યૂ ઝીલૅન્ડની બૅટિંગ લાઇન-અપ સારી છે, પરંતુ બુમરાહ, અર્શદીપ, અક્ષર, વરુણ, હાર્દિક અને દુબેના આક્રમણ સામે તેઓ લાંબા સમય સુધી ન પણ ટકી શકે.

# રોહિતનું શનિવારે ડૉક્ટરેટની પદવીથી સન્માન કરાશે

પુણેઃ ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન અને વન-ડે ક્રિકેટમાં હાઇએસ્ટ ૨૬૪ રન તથા સૌથી વધુ ત્રણ ડબલ સેન્ચુરી સહિત અનેક વિક્રમ રચનાર રોહિત શર્માને અજિંક્ય ડી. વાય. પાટીલ યુનિવર્સિટી (એડીવાયપીયુ) તરફથી માનદ ડૉક્ટરેટ (ડી. લિટ.) પદવીથી સન્માનિત કરવામાં આવશે.

શનિવારે આ યુનિવર્સિટી દ્વારા પોતાની કૉન્વોકેશન સેરેમની દરમ્યાન રોહિતની આ પદવીથી નવાજેશ કરવામાં આવશે. તેને ડી. લિટ.ની માનદ પદવી ક્રિકેટમાં અજોડ યોગદાન આપવા બદલ તેમ જ દૃષ્ટાંતરૂપ નેતૃત્વ બદલ આપવામાં આવશે.

યુનિવર્સિટીના ૧૦મા પદવીદાન સમારોહમાં અનેક સિતારાઓ ઉપસ્થિત રહેશે અને એમાં રોહિત શર્મા સૌમાં આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. ૩૮ વર્ષનો રોહિત ટી-૨૦ ઇન્ટરનૅશનલ અને ટેસ્ટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે.

યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે અસંખ્ય ચાહકો રોહિતને ‘હિટમૅન’ તરીકે ઓળખે છે, પરંતુ પદવીદાન સમારંભમાં રોહિત અલગ જ પ્રકારનો કીર્તિમાન સ્થાપિત કરશે.

# બે ટાઇટલ જીતનાર મુંબઈની પરાજયની હૅટ-ટ્રિક

વડોદરાઃ વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) ટી-૨૦ લીગની અગાઉની ત્રણમાંથી બે સીઝનમાં ટાઇટલ જીતનાર મુંબઈ ઇન્ડિયન્સના આ વખતની ટૂર્નામેન્ટમાં શરૂઆતથી જ વળતા પાણી છે, કારણકે હરમનપ્રીત કૌરના સુકાનમાં આ ટીમ છમાંથી ચાર મૅચ હારી ચૂકી છે જેમાંથી છેલ્લા લાગલગાટ ત્રણ મુકાબલામાં એનો પરાજય થયો છે. મંગળવારે જેમિમા રૉડ્રિગ્સની કૅપ્ટન્સીમાં દિલ્હી કૅપિટલ્સે મુંબઈ ઇન્ડિયન્સની ટીમને રોચક ટક્કરમાં છ બૉલ બાકી રાખીને સાત વિકેટના માર્જિનથી હરાવી દીધી હતી.

ખુદ કૅપ્ટન જેમિમા (૫૧ અણનમ, ૩૭ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) આ જીતની સૂત્રધાર હતી. દિલ્હીએ ૧૫૫ રનનો લક્ષ્યાંક ૧૯ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે મેળવી લીધો હતો. શેફાલી વર્મા (૨૯ રન) અને વિકેટકીપર લિઝેલ લી (૪૬ રન)ના પણ મહત્ત્વના યોગદાન હતા. હરમનપ્રીતે સાત બોલરને અજમાવી હતી એમ છતાં દિલ્હીની ટીમને વિજયથી વંચિત નહોતી રાખી શકી. જેમિમાને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

### ડબ્લ્યૂપીએલમાં મુંબઈ ફરી નબળું

એ પહેલાં, ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈની ટીમને પાવરપ્લેમાં રનમશીનને વેગ ન આપી શકવાની ખામી દિલ્હી સામેની મૅચમાં પણ નડી હતી, પરંતુ બ્રિટિશ ખેલાડી નૅટ સિવર-બ્રન્ટ (૬૫ અણનમ, ૪૫ બૉલ, બે સિક્સર, છ ફોર) ફરી એક વાર ટીમની વહારે આવી હતી અને મુંબઈને ૫/૧૫૪નો સન્માનજનક સ્કોર અપાવવામાં સૌથી મોટું યોગદાન આપ્યું હતું. તેની અને કૅપ્ટન હરમનપ્રીત કૌર (૪૧ રન, ૩૩ બૉલ, સાત ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૭૮ રનની ભાગીદારી થઈ હતી. એ અગાઉ, ઓપનિંગમાં સજીવન સજની (નવ રન) અને હૅલી મૅથ્યૂઝ (૧૨ રન) ફરી એક વખત ફ્લૉપ જતાં પાવરપ્લેમાં ટીમની નબળાઈ છતી થઈ ગઈ હતી. દિલ્હી વતી સ્પિનર શ્રી ચરનીએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

### મંધાનાનું બેંગલૂરુ સર્વોચ્ચ સ્થાને

પાંચ ટીમ વચ્ચેની આ ટૂર્નામેન્ટમાં ૨૦૨૪ની વિજેતા રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની ટીમ આ વખતે પહેલી પાંચેય મૅચ જીતી છે.

# ગિલ ઇન્દોરથી કેમ રાજકોટ પહોંચી ગયો?: જાડેજાની પણ બરાબરની તૈયારી

રાજકોટઃ શુભમન ગિલની કૅપ્ટન્સીમાં ભારતની વન-ડે ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામેની સિરીઝમાં ૧-૨થી હારી ગઈ ત્યાર બાદ હવે ગિલ વૅકેશન પર ઊતરી જશે એવું ઘણાએ માની લીધું હશે, પણ તે ઇન્દોરમાં કિવીઓ સામેની અંતિમ મૅચ બાદ સીધો રાજકોટ પહોંચી ગયો હતો જ્યાં આજે (સવારે ૯.૩૦ વાગ્યાથી) રણજી ટ્રોફીની ચાર દિવસીય મૅચ રમાશે. આ રાઉન્ડમાં ચારેય ગ્રૂપમાંથી ટોચની બે-બે ટીમ ક્વૉર્ટર ફાઇનલ રાઉન્ડમાં પહોંચશે.

આજની રણજી મૅચમાં ગિલ પંજાબ વતી રમશે અને પંજાબનો મુકાબલો સૌરાષ્ટ્ર સામે થવાનો છે. સૌરાષ્ટ્રની ટીમમાં અનેક સ્ટાર ખેલાડીઓ ઉપરાંત ભારતીય ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાનો પણ સમાવેશ હોવાનું કેટલાક અહેવાલોમાં જણાવાયું હતું. બીજી રીતે કહીએ તો આ રણજી મૅચમાં ગિલ અને જાડેજા વચ્ચે ચડિયાતા પુરવાર થવાની હરીફાઈ જોવા મળી શકે.

### ગિલ, જાડેજાને ફરી ફૉર્મમાં આવવાની જરૂર

ખુદ ગિલ હાલમાં બૅટિંગમાં ફૉર્મમાં નથી એટલે તે મૅચ-પ્રૅક્ટિસ કરવાના આશયથી આ રણજી મૅચમાં રમશે. જાડેજા પણ બોલિંગ અને બૅટિંગ બન્નેમાં ફૉર્મ ગુમાવી બેઠો છે એટલે તે પણ મૅચ-પ્રૅક્ટિસ કરવાના હેતુથી આ મૅચમાં રમશે અને ફૉર્મ પાછું મેળવવા તેમ જ સૌરાષ્ટ્રની ટીમને ઉપયોગી યોગદાન આપવા કોઈ કસર બાકી નહીં રાખે.

આજના રણજી મુકાબલા સાથે તમામ ટીમો નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચવા જોરદાર રસાકસીમાં ઊતરશે. પૉઇન્ટ્સ-ટેબલમાં સૌરાષ્ટ્ર ૧૩ પૉઇન્ટ સાથે ચોથા સ્થાને છે અને પંજાબ છઠ્ઠા નંબરે છે. કર્ણાટક ૨૧ પૉઇન્ટ સાથે મોખરે છે અને મહારાષ્ટ્રના ખાતે ૧૮ પૉઇન્ટ છે.

### સિરાજ પહેલી વાર હૈદરાબાદનો કૅપ્ટન

ભારતીય પેસ બોલર મોહમ્મદ સિરાજ પહેલી વાર હૈદરાબાદની ટીમનું સુકાન સંભાળતો જોવા મળશે. ગ્રૂપ-ડીમાં હૈદરાબાદનો મુકાબલો ૪૨ વખત ચૅમ્પિયન બની ચૂકેલા મુંબઈ સામે થશે. આ મૅચ હૈદરાબાદમાં રમાવાની છે.

### મુંબઈની ટીમમાં રહાણે નથી

ગ્રૂપ-ડીમાં મુંબઈ ત્રણ જીત સાથે પૉઇન્ટ્સ-ટેબલમાં મોખરે છે. જોકે આજે શરૂ થનારી મૅચમાં અજિંક્ય રહાણે નથી રમવાનો. તેણે આ મૅચ માટે પોતે ઉપલબ્ધ નથી એવું જણાવ્યું છે. શાર્દુલ ઠાકુર આ ટીમનું નેતૃત્વ સંભાળશે.

### અન્ય સિતારાઓ પણ રમશેઃ બીજી મૅચો કઈ?

કે. એલ. રાહુલ મધ્ય પ્રદેશ સામે કર્ણાટકની ટીમને મજબૂત બનાવશે, જ્યારે નીતીશકુમાર રેડ્ડી આંધ્ર પ્રદેશ વતી રમશે. જોકે રિષભ પંત ઈજાગ્રસ્ત હોવાથી ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડે શ્રેણી બાદ હવે રણજીના આ રાઉન્ડમાં પણ નહીં રમે. આ નવા રાઉન્ડમાં રમાનારી અન્ય મુખ્ય મૅચોમાં ગુજરાત-રેલવે, બરોડા-નાગાલૅન્ડ, મહારાષ્ટ્ર-ગોવા, વિદર્ભ-આંધ્ર, બેંગાલ-સર્વિસીઝ, ઉત્તરાખંડ-ત્રિપુરા, તમિળનાડુ-ઓડિશા, કેરળ-ચંડીગઢ, ઉત્તર પ્રદેશ-ઝારખંડ વચ્ચે મુકાબલા થશે.

# ફૂટબોલર જ્યૂડ બેલિંગમે કેમ દારૂ પીવાની સ્ટાઈલમાં સેલિબ્રેશન કર્યું?

મૅડ્રિડઃ ચૅમ્પિયન્સ લીગ ફૂટબૉલ ચૅમ્પિયનશિપમાં રિયલ મૅડ્રિડનો ખેલાડી જ્યૂડ બેલિંગમ પર્ફોર્મન્સ કરતાં પાર્ટી-શાર્ટી કરવાના મુદ્દે વધુ ચર્ચામાં છે, પરંતુ તેણે મંગળવારે અહીં મૉનેકો સામેની મૅચમાં એક ગોલ કર્યા પછી ‘ ડ્રિન્કિંગ’ની સ્ટાઇલમાં સેલિબ્રેશન કરીને ટીકાકારો બની ગયેલા કેટલાક ફૂટબૉલ ચાહકોને વળતો જવાબ આપવાની કોશિશ કરી હતી.

આ મૅચમાં રિયલ મૅડ્રિડે મૉનેકોની ટીમને ૬-૧થી પરાજિત કરી હતી. મૅડ્રિડે ૮૦મી મિનિટ સુધીમાં કીલિયાન ઍમ્બપ્પેના બે ગોલ તેમ જ બીજા ત્રણ ખેલાડીઓના એક-એક ગોલને કારણે ૫-૧ની સરસાઈ સાથે આ મૅચમાં જીત લગભગ મેળવી જ લીધી હતી, પરંતુ ૮૦મી મિનિટમાં બેલિંગમે ગોલ કરીને માર્જિન વધારીને ૬-૧નો કરી આપ્યો હતો.

રિયલ મૅડ્રિડની ટીમ આ ચૅમ્પિયનશિપમાં સંઘર્ષ કરી રહી છે ત્યારે બેલિંગમ બહુ બધી પાર્ટીઓમાં જ રચ્યો પચ્યો રહે છે અને પર્ફોર્મન્સ સુધારવા પર બહુ ધ્યાન નથી આપતો એવી તેની ટીકા થઈ રહી હતી. ૮૦મી મિનિટમાં તેણે ટીમનો છઠ્ઠો ગોલ નોંધાવ્યો એ પછી તેણે દારૂ પી રહ્યો હોય એવી સ્ટાઇલમાં ગોલની ઉજવણી કરી હતી.

બેલિંગમે પાર્ટી વિશેની પોતાની ટીકા બાબતમાં એ. પી.ને કહ્યું હતું કે ‘ ઘણા લોકો ઘણું બધુ બોલતા હોય છે. એવું લાગે છે કે દરેકને કૅમેરા સામે ઊભા રહીને મનમાં આવે એ બોલવું ગમે છે. નવાઈની વાત એ છે કે દુનિયાભરના લોકો કોઈ પણ પુરાવાની તલાશ કર્યા વગર તેમનું માની પણ લેતા હોય છે. આ સંજોગોમાં મને બે વિકલ્પ દેખાય. એક, લોકો જે બોલે એના પર ગમગીન થઈ જવું, રડવું અને વકીલને (બદનક્ષીનો કેસ કરવા) મોકલી દેવા. બીજું, લોકો જે બોલે એને ધ્યાનમાં જ ન લેવું અને લાઇફ એન્જૉય કરવી. મેં ગોલ કર્યા પછી જે ઍક્ટિંગ કરી એ કંઈ પણ બોલતા ફૂટબૉલ ચાહકોને મારો વળતો જવાબ હતો. મારા અંગત જીવનમાં જે કંઈ ચાલી રહ્યું છે એ હું જાણું છું, બીજા કોઈને શું ખબર? ટીમ પ્રત્યેની મારી શું જવાબદારી છે એ હું સારી રીતે જાણું છું. થોડી ઘણી મજાક ચાલે, પણ એકંદરે હું લોકોની વાતોને ધ્યાનમાં લેતો જ નથી.’

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં આર્સેનલ ૨૧ પૉઇન્ટ સાથે મોખરે છે, પરંતુ રિયલ મૅડ્રિડ બીજા સ્થાને હોવા છતાં આર્સેનલથી છ પૉઇન્ટ દૂર છે.

## દેશ વિદેશ

# મોદી સરકારનો મોટો નિર્ણય, અટલ પેન્શન યોજના વર્ષ ૨૦૩૦-૩૧ સુધી લંબાવાઈ

નવી દિલ્હીઃ મોદી સરકારે અસંગઠિત અને ઓછી આવક ધરાવતા લોકોને રાહત આપતો નિર્ણય કર્યો છે અને અટલ પેન્શન યોજનાને કેબિનેટે વર્ષ ૨૦૩૦-૩૧ સુધી લંબાવાનો નિર્ણય લીધો છે. સરકારનું આ પગલું વૃદ્ધાવસ્થામાં આર્થિક સુરક્ષાની દિશાના મહત્વપૂર્ણ નિર્ણય માનવામાં આવે છે. કેબિનેટના નિર્ણય મુજબ અટલ પેન્શન યોજનાને સરકારી સહાય ચાલુ રહેશે. જેમાં આ યોજના સાથે જોડાયેલા પ્રચાર-પ્રસાર, ક્ષમતા નિર્માણ અને વિકાસ સાથે જોડાયેલી પ્રવૃત્તિ માટેની સહાય સામેલ છે.

આ ઉપરાંત આ યોજનાને આર્થિક સહાય માટે ગેપ ફન્ડિંગની પણ મંજૂરી આપવામાં આવી છે. જેના લીધે ભવિષ્યમાં પેન્શન ચુકવણીમાં કોઈ સમસ્યા ઉભી ના થાય. અટલ પેન્શન યોજના હેઠળ લાયક લાભાર્થીઓને ૬૦ વર્ષની ઉંમર પછી રૂપિયા ૧,૦૦૦થી ૫,૦૦૦ સુધીનું ગરેન્ટેડ માસિક પેન્શન મળે છે. પેન્શનની રકમ લાભાર્થીના યોગદાન પર આધાર રાખે છે. આ યોજના ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના કામદારો, દૈનિક વેતન મજૂરો, નાના વેપારીઓ અને ગ્રામીણ વિસ્તારોમાં કામ કરતા લોકો માટે બનાવવામાં આવી છે. જેમની પાસે કોઈપણ ઔપચારિક પેન્શન સુવિધા નથી.

સરકારના જણાવ્યા અનુસાર અટલ પેન્શન યોજના વૃદ્ધાવસ્થામાં લોકોને નિયમિત આવક પૂરી પાડે છે. આ યોજનાની પહોંચ અને જાગૃતિ વધારવા યોગ્ય અમલીકરણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. મંત્રીમંડળ માને છે કે યોજનાની પહોંચ વધારવા માટે સતત સરકારી સહાય જરૂરી છે.

દેશમાં ૯ મે, ૨૦૧૫ ના રોજ શરૂ કરવામાં આવેલી અટલ પેન્શન યોજનાનો હેતુ દેશમાં એક પેન્શનધારી સમાજ બનાવવાનો છે. જ્યાં દરેક વ્યક્તિ નિવૃત્તિ પછી આર્થિક રીતે સ્વતંત્ર રહી શકે. નાના પરંતુ નિયમિત યોગદાન દ્વારા આ યોજના લાખો લોકોને સુરક્ષિત ભવિષ્યની ખાતરી આપે છે. આ અંગે મળતી માહિતી અનુસાર ૧૯ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ૮. ૬૬ કરોડથી વધુ લોકો અટલ પેન્શન યોજનામાં જોડાયા છે. સરકાર માને છે કે યોજનાની લોકપ્રિયતા અને ટકાઉપણું જાળવવા માટે લાંબા ગાળાની સહાય જરૂરી છે. કેબિનેટનો આ નિર્ણય સ્પષ્ટપણે દર્શાવે છે કે સરકાર સામાજિક સુરક્ષા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી રહી છે.

# શક્તિશાળી દેશો મનમાની કરે છેઃ ફ્રાન્સના પ્રમુખ

દાવોસઃ સ્વિટ્ઝરલૅન્ડના દાવોસમાં ચાલી રહેલી વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠકમાં ફ્રાન્સના પ્રમુખ આમેન્યુઅલ મૅક્રોને અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પને જણાવ્યું હતું કે અમેરિકા જેવી મહાશક્તિએ શા માટે કાયદા આધારિત વર્લ્ડ ઑર્ડરનું સમ્માન કરવું જોઈએ.

આજના વિશ્વમાં બહુપક્ષવાદ વિખેરાઈ જવાનો ભય સતાવી રહ્યો છે એમ જણાવતાં મૅક્રોને કહ્યું હતું કે વિશ્વમાં જોરજબરજસ્તીને બદલે સમ્માન અને નિયમ આધારિત વ્યવસ્થાને પ્રાથમિકતા આપવાની જરૂર છે.

સ્વિટ્ઝરલૅન્ડના દાવોસમાં યોજાયેલી વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બેઠકમાં ફ્રાન્સના પ્રમુખ મૅક્રોને આપેલા આ ભાષણે વિશ્વભરમાં સનસનાટી ફેલાવી દીધી છે.

ટ્રમ્પના શાબ્દિક હુમલાનો સતત સામનો કરી રહેલા મૅક્રોને બગડી રહેલા વર્લ્ડ ઑર્ડર અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

ટ્રમ્પની નીતિઓ અંગે સ્પષ્ટ સંકેત આપતાં તેમણે કહ્યું હતું કે વિશ્વ એક નિયમ વિનાના શાસનની દિશામાં આગળ વધી રહ્યું છે જ્યાં આંતરરાષ્ટ્રીય નિયમોને પગ નીચે રગદોળવામાં આવી રહ્યા છે અને માત્ર તાકાતવરનો કાયદો ચાલી રહ્યો છે.

વિશ્વમાં લોકશાહીવિરોધ અને સરમુખત્યાર તરફી બદલાવ જોવા મળી રહ્યો છે. વધુ હિંસા, ૨૦૨૪માં ૬૦થી વધુ યુદ્ધ, મને જાણવા મળ્યા મુજબ એમાંથી અમુક યુદ્ધ પૂર્વઆયોજિત હતા.

સામ્રાજ્યવાદી મહત્ત્વકાંક્ષાઓ ફરી વધી રહી છે. રશિયા-યુક્રેન યુદ્ધ આવતા મહિને ચોથા વર્ષમાં પ્રવેશશે તેમ જ અખાતના દેશો અને સંપૂર્ણ આફ્રિકામાં સંઘર્ષ ચાલી રહ્યો છે. વિશ્વ એ દિશામાં આગળ વધી રહ્યું છે જ્યાં પ્રભાવશાળી સામૂહિક શાસન નથી અને આમાં અવરોધરૂપ બનનાર શક્તિઓને બહુપક્ષવાદ નબળી બનાવી રહ્યો છે કે પછી તેનાથી મોઢું ફેરવી રહ્યો છેને કારણે નિયમો નબળા પડી રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું.

# ચેટજીપીટીના હાલ બેહાલ છેઃ યુઝર્સ સતત ઘટી રહ્યા છે

## જેમિનાઈ ચેટજીપીટીના દબદબાને પડકારી રહી હોવાની ચેતવણી

ન્યૂ યોર્કઃ અનુભવી રોકાણકાર જ્યોર્જ નોબલે ઓપનએઆઈ અંગે એક મોટી ચેતવણી જાહેર કરી છે. તેમનું કહેવું છે કે ૫૦૦ બિલિયન ડોલરની વેલ્યૂએશન છતાં આ એઆઈ કંપની વાસ્તવમાં તૂટી રહી છે. ‘એક્સ’ પર એનેલિસિસમાં નોબલે એ સંકેતો પર ભાર મુક્યો હતો કે તેઓને મુશ્કેલીના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. ડિસેમ્બરમાં ઓપનએઆઈનો ઈન્ટરનલ ‘કોડ રેડ’ મેમો જેમાં સેમ ઓલ્ટમેને કથિત રીતે કર્મચારીઓને કહ્યું હતું કે ગૂગલના જેમિનાઈ ચેટજીપીટીના દબદબાને પડકારી રહ્યું હતું. આ ખતરો ફક્ત કાલ્પનિક નથી. ચેટજીપીટીનો ટ્રાફિક સતત બે મહિનાથી ઘટી ગયો છે જ્યારે જેમિનાઈના મહિને ૬૫ કરોડ યુઝર્સ થયા છે.

આર્થિક નુકસાન વધુ થઈ રહ્યું છે. નોબલે માઇક્રોસોફ્ટના ખુલાસા તરફ નિર્દેશ આપ્યો હતો કે જેમાં દર્શાવામાં આવ્યું છે કે ઓપનએઆઈએ એક જ ક્વાર્ટરમાં ૧૨ અબજ ડોલરનો ખર્ચ કર્યો છે. ડૉઇશ બેન્કનો અંદાજ છે કે કંપનીને નફો કરતા પહેલા ૧૪૩ અબજ ડોલરનુ કુલ નુકસાન થશે. ઓપનએઆઈનું વીડિયો ટૂલ સોરાને ચલાવવામાં જ દરરોજ દોઢ કરોડ ડોલરનો ખર્ચ થાય છે.

# એલઓસી પર ભારત-પાક વચ્ચે સામસામે ગોળીબાર

જમ્મુઃ લાઈન ઑફ કંટ્રોલ (એલઓસી) પાસે બ્લાઈન્ડ પૉસ્ટને નાબૂદ કરવા અને સરહદી વિસ્તારની સુરક્ષા વધારવા છઠ્ઠી રાષ્ટ્રીય રાઈફલ્સના જવાનો કેરન બાલા વિસ્તારમાં હાઈટેક સર્વેલન્સ કેમેરા ગોઠવી રહ્યા હતા ત્યારે ભારત અને પાકિસ્તાનની સૈન્ય ટુકડી વચ્ચે સામસામે ગોળીબાર થયો હતો.

ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાં ૨૦ અને ૨૧મી જાન્યુઆરી વચ્ચેની રાતે આ અથડામણ થઈ હોવાનું સંરક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

કેમેરો ગોઠવવાની પ્રક્રિયાને ખોરવી નાખવા પાકિસ્તાનની સેનાએ કરેલા ગોળીબારની જવાબી કાર્યવાહીમાં ભારતીય સેનાએ વળતો ગોળીબાર કર્યો હતો. જોકે ઘૂસણખોરીને અંકુશમાં લાવવા કેરન બાલા વિસ્તારમાં હાઈટેક સર્વેલન્સ કેમેરા ગોઠવવાનું કામ ચાલુ રાખવામાં આવ્યું હતું અને એ વિસ્તારની સુરક્ષા વધારી દેવામાં આવી હતી. (એજન્સી)

# અમેરિકાની જગત જમાદારીનો અંતઃ કૅનેડા

દાવોસઃ સ્વિસ આલ્પ્સના હિમાચ્છાદિત શિખરો વચ્ચે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (ડબલ્યુઈએફ)માં કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ દાયકાઓથી ચાલી આવતી અમેરિકાના નેતૃત્વવાળી વિશ્વ વ્યવસ્થા પર સીધો પ્રહાર કરતા સ્પષ્ટ કર્યું છે કે જૂનો દોર હવે ક્યારેય પાછો નહીં આવે.

તેમણે સ્વીકાર્યું હતું કે આપણે માત્ર પરિવર્તનના સમયગાળામાંથી જ નથી પસાર થઈ રહ્યા, પરંતુ એક મોટી વૈશ્વિક તૂટની વચ્ચે ઉભા છીએ, જ્યાં જૂની નિયમ-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા હવે અસરકારક રહી નથી.

અમેરિકી વર્ચસ્વ પર કટાક્ષ કરતા તેમણે જણાવ્યું હતું કે, વૈશ્વિકીકરણથી સૌનું ભલું થશે તેવી વાર્તા આંશિક રીતે ખોટી હતી. શક્તિશાળી દેશો પોતાની સુવિધા મુજબ નિયમો તોડતા રહ્યા અને વેપારના નિયમો હંમેશા એકતરફી લાગુ કરવામાં આવ્યા.

તેમણે વધુમાં ઉમેર્યું કે, ભૂતકાળમાં જે આર્થિક એકીકરણને સમૃદ્ધિનું માધ્યમ માનવામાં આવતું હતું, તે જ હવે સુરક્ષા માટે જોખમ અને હથિયાર બની રહ્યું છે. હાલમાં ટેરિફ અને સપ્લાય ચેઈનનો ઉપયોગ દબાણ લાવવાના સાધન તરીકે થઈ રહ્યો છે, જે વૈશ્વિક પરસ્પર નિર્ભરતાને નબળી પાડી રહ્યો છે.

કેનેડાના સંદર્ભમાં કડવી હકીકત સ્વીકારતા વડાપ્રધાને કહ્યું કે, માત્ર ભૌગોલિક સ્થાન કે પરંપરાગત ગઠબંધન હવે દેશની સુરક્ષા અને સમૃદ્ધિની ખાતરી આપી શકે તેમ નથી. જ્યારે આર્થિક જોડાણો જ તમને આધીન બનાવવાનું સાધન બની જાય, ત્યારે પરસ્પર લાભના ભ્રમમાં જીવવું જોખમી છે. તેમણે કેનેડાને પોતાની આંતરિક ક્ષમતાઓ મજબૂત કરવા અને કોઈ એક જ ભાગીદાર પર નિર્ભરતા ઘટાડીને વેપારી સંબંધોમાં વિવિધતા લાવવા માટે આહ્વાન કર્યું હતું.

અંતમાં, વિશ્વ વ્યાપાર સંગઠન (ડબલ્યુટીઓ) અને સંયુક્ત રાષ્ટ્ર જેવી નબળી પડતી સંસ્થાઓનો ઉલ્લેખ કરતા કાર્નીએ આત્મનિર્ભરતા પર ભાર મૂક્યો હતો. તેમણે ચેતવણી આપી હતી કે જે દેશ પોતાની જરૂરિયાતનું અનાજ, બળતણ કે સંરક્ષણની વ્યવસ્થા જાતે નથી કરી શકતો, તેની પાસે ભવિષ્યમાં બહુ ઓછા વિકલ્પો બચશે. જ્યારે આંતરરાષ્ટ્રીય નિયમો તમારી રક્ષા કરવામાં નિષ્ફળ જાય, ત્યારે દેશે પોતે જ પોતાની રક્ષા માટે સક્ષમ બનવું પડે છે.

# શૅરબજારમાં સતત ત્રીજા દિવસે પીછેહઠ જારી, સેન્સેક્સ ૮૨,૦૦૦ની અંદર સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિશ્વબજારની નરમાઇ, એફઆઇઆઇની સતત વેચવાલી અને જીઓ-પોલિટિકલ ટેન્શન વચ્ચે સેન્સેક્સમાં સતત ત્રીજા દિવસે પીછેહઠ નોંધાઇ હતી. સેન્સેક્સ ૮૨,૦૦૦ની નીચે સરકી ગયો હતો જ્યારે નિફ્ટી ૨૫,૦૦૦ની નજીક પહોંચી ગયો છે. વૈશ્વિક બજારમાં ટ્રમ્પે યુરોપના દેશો સામે શરૂ કરેલી નવી ટેરીફ વોરની ચિંતા વચ્ચે વૈશ્વિક ઇક્વિટી બજારનું સેન્ટિમેન્ટ ખરડાઇ ગયું છે. નોંધવું રહ્યું કે, મંગળવારના સત્રમાં જ સેન્સેક્સ ટેરિફ વોર વકરવાના ભય વચ્ચે સેન્સેક્સ ૧૦૦૦ પોઇન્ટના જોરદાર કડાકા સાથે ૮૩,૦૦૦ની નીચે સરકી ગયો હતો અને એક્સચેન્જના માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂપિયા દસ લાખ કરોડ જેવું ધોવાણ નોંધાયું હતું.

પાછલા સત્રમાં ૧૦૫૬ પોઇન્ટ નીચે બંધ રહેલો સેન્સેકસ સત્ર દરમિયાન ૧૦૫૬ પોઇન્ટના કડાકો નોંધાવ્યા બાદ અંતે, બીએસઇ ૨૭૦.૮૪ પોઈન્ટ અથવા ૦.૩૩ ટકા ઘટીને ૮૨,૦૦૦ પોઇન્ટની સપાટી તોડીને ૮૧,૯૦૯.૬૩ પર બંધ થયો છે, જ્યારે નિફ્ટી ૭૫ પોઈન્ટ અથવા ૦.૩૦ ઘટીને ૨૫,૧૫૭.૫૦ પર બંધ થયો છે. બીએસઇના માર્કેટ કેપિટલાઇઝેશનમાં પ્રારંભિક આંકડા અનુસાર રૂ. ૧.૪૫ લાખ કરોડનું ધોવાણ થયું છે.

આઇસીઆઇસીઆઇ બેન્ક, ટ્રેન્ટ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, એક્સિસ બેન્ક, એચડીએફસી બેન્ક, લાર્સન એન્ડ ટૂબ્રો, સ્ટેટ બેન્ક અને મારુતી સેન્સેક્સના ટોપ લુઝર રહ્યા હતા. જ્યારે ઇટર્નલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ઇન્ટરગ્લોબ એવિએશન અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોપ ગેઇનર્સ રહ્યાં હતા. યુનાઇટેડ સ્પિરિટે ચોખ્ખો નફામાં ૨૪.૭૭ ટકાનો વધારો નોંધાવ્યો હોવા છતાં સત્ર દરમિયાન તેના શેરમાં ત્રણ ટકાનો ધબડકો જોવા મળ્યો હતો શોપર્સ સ્ટોપે ત્રીજા ક્વાર્ટરમાં ૬૯ ટકાના જોરદાર ઘટાડા સાથે રૂ. ૧૬.૧૨ કરોડનો નફો જાહેર કર્યા બાદ તેના શેરમાં ૧૨ ટકા જેવો કડાકો બોલાયો હતો. ત્રીજા ક્વાર્ટરમાં કેપીઆઇ ગ્રીનનો નફો ૪૮ ટકા જ્યારે કેપી એનર્જીનો નફો ૫૮ ટકા વધ્યો હતો. બજારના સાધનો અનુસાર મિશ્ર કોર્પોરેટ પરિણામો, વિદેશી ભંડોળની સતત વેચવાલી અને વૈશ્વિક વેપાર બાબતની અનિશ્ચતતા વચ્ચે સેન્ટિમેન્ટ કથળી ગયું છે.

ડાઇવર્સિફાઇડ રિટેલ અને ઇન્ટિગ્રેટેડ ફૂડ પ્રોસેસિંગ કંપની પટેલ રિટેલ લિમિટેડે વિસ્તરણ યોજનાના ભાગરૂપે ૪૯મો પટેલ આર માર્ટ સ્ટોર લોન્ચ કર્યો છે. કંપનીનો ટિટવાલા ક્ષેત્રમાં આ બીજો સ્ટોર છે, જે ક્લસ્ટર આધારિત અભિગમ દ્વારા મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં વ્યૂહાત્મક વિસ્તરણનો ભાગ છે. દરેક નવા આઉટલેટ સાથે, કંપની સંગઠિત રિટેલ સુલભતા વધારવા અને ઉપનગરીય અને ઉભરતા શહેરી બજારોમાં ગ્રાહક સુવિધા વધારવાની નેમ ધરાવે છે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ઈટર્નલ ૪.૯૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૫૭ ટકા, ઈન્ડિગો ૧.૩૭ ટકા, રિલાયન્સ ૦.૭૫ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૭૦ ટકા, પાવર ગ્રીડ ૦.૫૭ ટકા, ટાટા સ્ટીલ ૦.૪૯ ટકા અને ટાટા કન્સલ્ટન્સી ૦.૪૩ ટકા વધ્યા હતા. જ્યારે આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૯૬ ટકા, ટ્રેન્ટ ૧.૭૮ ટકા, બીઈએલ ૧.૫૯ ટકા, એચડીએફસી બેન્ક ૧.૧૮ ટકા, લાર્સન ૧.૧૩ ટકા, સ્ટેટ બેન્ક ૦.૮૭ ટકા મારુતિ ૦.૭૧ ટકા એક્સિસ બેન્ક ૦.૬૮ ટકા, કોટક બેન્ક ૦.૬૭ ટકા અને આઈટીસી ૦.૫૨ ટકા ઘટ્યા હતા. ફ્રેન્કલીન ટેમ્પલ્ટન




ઇન્ડિયાએ ૪૦૦૦ કિમીની ચેન્જ ધ સોચ, કન્યાકુમારી ટુ કાશ્મીર ડ્રાઇવ દ્વારા મ્યુચ્યુઅલ ફંડ રોકાણ વિશે રોકાણકારોમાં જાગૃતિ ફેલાવવા માટે એક રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કર્યું છે, જેની અંતર્ગત કંપનીના પ્રમુખ વિવિધ પૃષ્ઠભૂમિના લોકોને મળશે અને ખાસ કરીને મહિલાઓની નાણાકીય સાક્ષરતા અને સમાવેશને પ્રોત્સાહન આપશે. પ્રાથમિક મૂડીબજારમાં મેઇન બોર્ડના કેટલાક ઇશ્યુ ઓપન છે અને તેના પર કેવી અસર થાય છે તેના પર બજારના નિરિક્ષકોની નજર છે.

કમર્શિઅલ સ્પેસમાં ગ્રેડ એ સેગમેન્ટમાં લબ્ધી લાઇફસ્ટાઇલ દ્વારા બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ ખાતે પ્રીમિયમ કમર્શિયલ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે, જે રૂ. ૧,૦૦૦ કરોડથી વધુનો કુલ વિકાસ મૂલ્ય ધરાવે છે. બીકેસી એજ આશરે ૨.૨૫ લાખ ચોરસ ફૂટ કાર્પેટ એરિયા ઓફર કરે છે. કંપની અનુસાર બીકેસી એજ ભારતના કોમર્શિયલ રિયલ એસ્ટેટ ઇકોસિસ્ટમ માટે તૈયાર ગ્રેડ-એ એસેટ છે જે કાર્યક્ષમતા, કનેક્ટિવિટી અને લાંબા ગાળાની સુસંગતતા માટે ઉત્તમ છે.

એન્ટરપ્રાઇઝ સોફ્ટવેર પ્રોડક્ટ્સ અને ડિજિટલ આઇટી સર્વિસ પ્રોવાઇડર, પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ લિમિટેડે મેટાસિસ સોફ્ટવેર પ્રાઇવેટ લિમિટેડના તેના સંપાદનના પ્રથમ તબક્કાની પૂર્ણતાની જાહેરાત કરી છે. અગાઉ જાહેર કરાયેલા વ્યવહારના ભાગરૂપે, મેટાસીસ સોફ્ટવેર પ્રાઇવેટ લિમિટેડના સંપાદનનો પ્રથમ તબક્કો ૫૧ ટકા ઇક્વિટી હિસ્સાના સંપાદન દ્વારા પૂર્ણ થયો છે. આ પછી, મેટાસિસ એક પેટાકંપની બની ગઈ છે, બાકીનો હિસ્સો યોજના મુજબ આગામી તબક્કામાં હસ્તગત કરવાનો પ્રસ્તાવ છે.

એમએસએમઇ, રિયલ એસ્ટેટ, હેલ્થકેર, ટેકનોલોજી, શિક્ષણ સહિત વીસથી વધું ક્ષેત્રોના ૨૦૦થી વધુ પ્રદર્શકો અને આફ્રિકા, યુકે, યુરોપ, યુએસએ, મધ્ય પૂર્વ, ઓસ્ટ્રેલિયા અને અન્ય દેશોના પ્રદર્શકો, બિઝનેસ ડેલિગેશનનો સહભાગ ધરાવતા એલઆઇબીએફ એક્સપો ૨૦૨૬નું આયોજન લોહાણા ઇન્ટરનેશનલ બિઝનેસ ફોરમ (એલઆઇબીએફ)એ ત્રીસમી જાન્યુઆરીથી પહેલી ફેબ્રુઆરી દરમિયાન મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે કર્યું છે.

કંપની પરિણામોની નિરાશાએ પણ સેન્ટિમેન્ટને નુકસાન પહોંચાડ્યું હતું. ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટીસીએસ, વિપ્રો બાદ એલટીઆઇ માઇન્ડટ્રીએ પણ નાણાકીય મોરચે રોકાણકારોને નિરાશ કર્યા હતા જોકે, ડિસેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ત્રીજા ક્વાર્ટરમાં આઇટીસીનો નફો ૯.૬૦ ટકા વધીને રૂ. ૨૩૭ કરોડ જ્યારે, એસઆરએફએ નફો ૫૯.૬૦ ટકા વધીને રૂ. ૪૩૨.૬૬ કરોડ નોંધાયો છે. આઇઆરએફસીએ ૧૦.૫૧ ટકાના વધારા સાથે રૂ. ૧,૮૦૨ કરોડનો ચોખ્ખો નફો અને પીએનબીએ ૧૩ ટકાના વધારા સાથે રૂ. ૫,૧૦૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઘણા યુરોપિયન દેશો પર નવા ટેરિફ લાદવાની ધમકી આપ્યા પછી ચિંતા ફરી ઉભી થઈ, જેનાથી વૈશ્વિક વેપારમાં અવરોધો ફરી શરૂ થયા છે. તે જ સમયે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા સતત વેચવાલીથી સ્થાનિક ઇક્વિટીમાં ઘટાડાનું દબાણ વધ્યું છે. વધતી વૈશ્વિક અનિશ્ચિતતા અને ઘટતા ઇક્વિટી બજારોએ રોકાણકારોને સુરક્ષિત ગણાતાં સેફ હેવન એસેટ તરફ વળવા પ્રેર્યા હોવાથી સોના અને ચાંદીના ભાવ વિક્રમી ઊંચા સ્તરે પહોંચ્યા છે.

વિદેશ નીતિના સાધન તરીકે યુએસ વહીવટીતંત્ર દ્વારા ટેરિફનો આક્રમક અને ઘણીવાર અણધારી ઉપયોગ વૈશ્વિક બજારના સહભાગીઓમાં વ્યાપક અસ્વસ્થતા પેદા કરી રહ્યો છે, જેના કારણે નાણાકીય બજારોમાં તીવ્ર અસ્થિરતા જોવા મળી રહી છે. આનાથી જોખમી સંપત્તિઓ પર ભારે ભારણ પડ્યું છે, જ્યારે સોના અને ચાંદીના ભાવ ઉંચા આવી રહ્યા છે.

ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાના યુએસના પગલાનો વિરોધ કરતા યુરોપિયન રાષ્ટ્રો પર વધારાના ટેરિફ લાદવાની યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નવી ધમકીઓએ વૈશ્વિક ઇક્વિટી વેચાણમાં ફરી એક વાર વધારો કર્યો છે, જેમાં ભારતીય બજારોમાં પણ વ્યાપક દબાણ જોવા મળી રહ્યું છે. ભારતીય ઇક્વિટી બજારની સતત ત્રીજા સત્રની પીછેહઠ ગ્લોબલ માર્કેટના નબળા સંકેતો, ઇક્વિટી બજારમાં સાવચેતીનું માનસ અને રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતામાં ઘટાડો દર્શાવે છે.

# ડૉલર સામે રૂપિયો ૬૬ પૈસા ખાબકીને નવી ઐતિહાસિક નીચી સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વેપારોમાં ટૅરિફના મુદ્દે વધેલી અનિશ્ચિતતાઓ, વધેલા ભૂરાજકીય તણાવ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી જેવાં નકારાત્મક પરિબળો વચ્ચે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૬૬ પૈસા ખાબકીને ૯૧.૬૩ના નવાં તળિયે અથવા તો નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ગત ૧૬મી ડિસેમ્બરના રોજ ડૉલર સામે રૂપિયો ૯૧.૧૪ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આ મહિનામાં અત્યાર સુધીમાં ડૉલર સામે રૂપિયામાં ૧.૫ ટકાનો કડાકો બોલાઈ ગયો છે. વાસ્તવમાં ગ્રીનલેન્ડના મુદ્દે વધી રહેલા તણાવ અને સંભવિત ટૅરિફની સ્થાનિક બજાર પર નકારાત્મક અસર થઈ રહી છે તેમ જ રોકાણકારોનું માનસ ખરડાઈ રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૯૭ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૧.૦૫ના મથાળે ખુલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૧.૭૪ અને ઉપરમાં ૯૧.૦૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૬૬ પૈસાના ગાબડાં સાથે ૯૧.૬૩નાં નવાં તળિયે બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં સાત પૈસાનો ઘટાડો આવ્યો હતો.

એકંદરે ભારત સહિતના તમામ ઊભરતા બજારો મૂડીગત્ આંતરપ્રવાહમાં ભારે ચંચળતા જોવા મળી રહી હોવાનું કોટક મહિન્દ્રા એએમસીનાં ફિક્સ્ડ ઈન્કમ વિભાગના હેડ અભિષેક બિસેને જણાવતાં ઉમેર્યું હતું કે આ ઉપરાંત ગ્રીનલેન્ડના વિવાદને કારણે યુરોપિયન યુનિયન અને અમેરિકા સાથે સંબંધો વણસવા (નાટો તૂટવા)ની ભીતિ તેમ જ વેનેઝુએલાની તેલની અનામતો પર અમેરિકાનાં નિયંત્રણોની વૈશ્વિક વેપારો પર થતી અસર જેવા કારણોથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ભારત માટે સ્થિરતાનું મુખ્ય પરિબળ અમેરિકા સાથેનાં વેપાર કરાર છે આ કરાર દ્વીપક્ષીય વેપારને પ્રોત્સાહિત કરશે. આમ જ્યાં સુધી ભૂરાજકીય જોખમો હળવા ન થાય અને ટ્રેડ ડીલ ન થાય ત્યાં સુધી રૂપિયો દબાણ હેઠળ રહેશે. જોકે, રિઝર્વ બૅન્ક પાસે વિદેશી હૂંડિયામણની અનામત મજબૂત હોવાથી રિઝર્વ બૅન્ક રૂપિયાને અંકુશમાં રાખી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૭૦.૮૪ પૉઈન્ટનો અને ૭૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો.

# વૈશ્વિક સોના-ચાંદીમાં વણથંભી તેજીઃ સ્થાનિક સોનામાં ₹ ૬૮૧૮નો અને ચાંદીમાં ₹ ૯૭૫૨નો ચમકારો

## સરકાર આયાત જકાત વધારે એવી ભીતિ હેઠળ સોનાના ભાવ પરનું પ્રીમિયમ એક દાયકા પછી વધીને ૧૧૨ ડૉલર

મુંબઈઃ ગ્રીનલેન્ડના મુદ્દે અમેરિકા અને નાટોનાં દેશો વચ્ચે ઘર્ષણ વધતાં લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની માગને ટેકે સોના અને ચાંદીએ નવી ઊંચી સપાટી નોંધાવવાનો ક્રમ જાળવી રાખતા હાજરમાં સોનાના ભાવ ૨.૧ ટકા વધીને અને ચાંદીના ભાવ ૦.૫ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં તેજી આગળ ધપતાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૭૫૨નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૭૯૦થી ૬૮૧૮નો ઉછાળો આવ્યો હતો.



તાજેતરમાં સોના અને ચાંદીમાં વિશ્વ બજાર પાછળ આગઝરતી તેજી જોવા મળી છે અને સરકાર આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્રની રજૂઆતમાં કિંમતી ધાતુઓની આયાત નિયંત્રણમાં રાખવા કસ્ટમ ડ્યૂટીમાં વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવતા આજે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૧૨ ડૉલર પ્રીમિયમમાં ઑફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે પ્રીમિયમ ૧૨ ડૉલર આસપાસની સપાટીએ હતું અને પ્રીમિયમની આ સપાટી એક દાયકાની ઊંચી સપાટી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમ જ ચાંદીના ભાવ પણ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ આઠ ડૉલર પ્રીમિયમમાં ઑફર થઈ રહ્યાનું રૉઈટર્સે એક અહેવાલમાં જણાવ્યું હતું.

વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક ઝવેરી બજારમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૯૭૫૨ની તેજી સાથે રૂ. ૩,૧૯,૦૯૭ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી માત્ર ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ હતી. તે જ પ્રમાણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૭૯૦ વધીને રૂ. ૧,૫૩,૬૦૯ અને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૮૧૮ વધીને રૂ. ૧,૫૪,૨૨૭ની સપાટીએ રહ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સોનામાં માત્ર રોકાણકારોની કોઈન અને લગડીમાં છૂટીછવાઈ લેવાલી રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૪૮૮૭.૮૨ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલના બંધ સામે ૨.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૮૬૧.૩૮ ડૉલર અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે બે ટકા વધીને ૪૮૬૩.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં ચાંદીના ભાવે ઔંસદીઠ ૯૫.૮૭ ડૉલરની સપાટી નોંધાવ્યા બાદ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૯૫.૦૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓની તેજીને પ્રોત્સાહિત કરે તેવાં એક કરતાં અસંખ્ય પરિબળો જવાબદાર છે. તેમાં પણ ખાસ કરીને ગ્રીનલેન્ડની કટોકટી મુખ્ય છે. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ દાઓસ પહોંચ્યા છે અને યુરોપિયન યુનિયનનો વિરોધ હોવા છતાં ગ્રીનલેન્ડ મેળવવા માટે તેમના દબાણને વધારવા તેઓ વર્લ્ડ ઈકોનોમિક ફોરમનો ઉપયોગ કરે તેવી શક્યતા નકારી ન શકાય, એમ નેમો ડૉટ મનીના વિશ્લેષક જેમી દત્તાએ જણાવ્યું હતું.

# ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીએ ₹ ૧૭૦ ઊછળ્યા



મુંબઈઃ વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી વેપાર અંગેની અનિશ્ચિતતાના માહોલમાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓમાં વધ્યા મથાળેથી નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે એકંદરે કામકાજો પાંખાં રહ્યા હતા. જોકે, આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની સતત બીજા સત્રમાં આક્રમક લેવાલી રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૧૭૦ ઉછળી આવ્યા હતા. આ સિવાય નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ અને રૂ. ચાર વધી આવ્યા હતા. આ સિવાય આજે નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો અને અન્ય તમામ ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૭૦ના ઉછાળા સાથે રૂ. ૪૮૩૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય નિકલ અને કોપર વાયરબારમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૬૫૦ અને રૂ. ચાર વધીને રૂ. ૧૨૭૦ના મથાળે રહ્યા હતા.


જોકે, આજે કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૧૯૪, રૂ. ૧૧૭૩ અને અને રૂ. ૩૧૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય બ્રાસ, એલ્યુમિનિયમ, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ

નવી મુંબઈઃ મહારષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની સતત બીજા સત્રમાં માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોના ભાવ વધુ ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૬૪૦થી ૩૬૮૦માં થયાના ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ રહેતાં માલની ગુણવત્તા અને માગ અનુસાર સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સુધારો આવ્યો હતો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યાં હતાં. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતા ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૬થી ૩૮૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૨થી ૩૯૬૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૦૫થી ૩૭૬૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૫થી ૩૮૨૫માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.



# સરસવ તેલ અને સન રિફાઈન્ડમાં ધીમો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં સાધારણ પાંચ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૦ રિંગિટનો ઊછાળો આવ્યો હતો. વધુમાં સ્થાનિક જથ્થાબંધ બજારમાં આજે કામકાજો છૂટાછવાયા રહ્યા હોવા છતાં મલયેશિયા પાછળ આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ સરસવ તેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ સંજય સોયાના ફેબ્રુઆરી,માર્ચ અને એપ્રિલ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૬૮, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૮૧ અને રૂ. ૧૩૩૧, રિલાયન્સ કન્ઝ્યુમરનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૧, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના માર્ચ ડિલિવરી શરતે રૂ. ૧૨૯૧, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૯૫ તથા ગોલ્ડન એગ્રીના ફેબ્રુઆરી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર પાંખાં હતા.

ગુજરાતમાં આજે મગફળીની ગોંડલ મથકે ૧૭,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૫૦માં અને રાજકોટ મથકે આજે નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૩૮,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૩૫માં થયા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૧૦, સિંગતેલના રૂ. ૧૬૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ અને સરસવના રૂ. ૧૫૨૦ના મથાળે રહ્યાં હતાં.

# શૅરબજારમાં નફાના નામે સાયબર ક્રિમિનલોની જાળમાં સપડાયેલા ભુજના વેપારી બંધુઓએ ૯૧ લાખ રૂપિયા ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાજ્યમાં ઓનલાઇન ઠગીના બનાવો સતત વધી રહ્યા છે, અનેક લોકો તેના શિકાર બની રહ્યા છે. તેમાં પણ ભારતીય શૅરબજારમાં ઓપશન ટ્રેડિંગ, બલ્ક ટ્રેડિંગ, ઇન્ટ્રા-ડે ટ્રેડિંગ પ્રત્યે રોકાણકારોમાં રુચિ વધવાની સાથે, ટિપ આપીને વધુ નફો કમાવી આપવાના નામે બની બેઠેલા ટ્રેડિંગ ગુરુઓ કમ ઓનલાઇન ચીટરોનો વ્યાપ પણ સતત વધી રહ્યો છે એ વચ્ચે, ભારતીય શૅરબજારમાં નફો કમાવી આપવાના બહાને સાયબર ક્રિમિનલોએ ભુજના બે જાણીતા વેપારી બંધુઓ કેવલ પ્રફુલ્લ શાહ અને તેમના નાના ભાઈ ધૂમિલ પ્રફુલ્લ શાહ સાથે રૂ. ૯૧ લાખની છેતરપિંડી આચરતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

આ અંગે ભુજના મુંદરા રોડ પરના ભાનુશાલી નગરમાં સ્થિત 'કેશર વ્યૂ' એપાર્ટમેન્ટમાં રહેતા અને પશુઓના ખોળ-ભૂસાનો વેપાર કરતા બંધુઓએ બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૨૬મી ઓક્ટોબરના રોજ ધૂમિલ શાહને અજાણ્યા નંબર પરથી એક શૅરબજારમાં રોકાણ કરવા માટેની ટિપ્સ આપતા વોટસએપ ગ્રૂપમાં એડ થવા ઈન્વિટેશન મળ્યું હતું.

આ ઈન્વિટેશનને એક્સેપટ કરીને તેઓ તેમાં જોઈન થયા હતા. ત્યારબાદ ફરિયાદી કેવલની સંમતિ સાથે તેમના નામ અને બેન્ક ખાતાંની વિગતો ભરીને ધૂમિલે સારો સક્સેસ રેટ હોવાનો બોગસ દાવો કરતી 'MAVERICK CAPITAL LTD ' નામની કહેવાતી ફર્મનું થર્ડ પાર્ટી સોફ્ટવેર ડાઉનલોડ કરીને રોકાણ કરવાનું શરૂ કરી દીધું હતું.

બંને ભાઈઓએ ગત તા.૨૬-૧૧-૨૦૨૫થી ૧૮-૧૨-૨૦૨૫ના ૨૨ દિવસના ગાળા દરમિયાન ટુકડે ટુકડે ૯૧ લાખ રૂપિયા શૅરબજારના કહેવાતા રોકાણના નામે વિવિધ બૅન્ક ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા હતા.દરમિયાન, તેમણે નાણાં ઉપાડવા પ્રયાસ કરતાં વીસ ટકા ટેક્સ ભરવો પડશે અને તમને લાગેલા આઈપીઓની રકમ હજુ પેન્ડિંગ છે તેવી એરર આવ્યા કરતી હતી.

'હેલ્પ લાઈન' પર સંપર્ક કરતાં 'તમારું પેમેન્ટ કંપનીની એડવાઈઝરી કમિટી સમક્ષ છે અને ત્યાંથી એપ્રુવલ મળ્યાં બાદ નાણાં વિડ્રો કરાવી શકશો તેવા બહાના બતાવ્યાં હતાં જેના આધારે તેમની સાથે સાયબર ફ્રોડ થયો હોવાની શંકા પડતાં તેમણે નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર ફરિયાદ કરી હતી.

સાયબર પોલીસે અજ્ઞાત સાયબર ઠગો વિરુદ્ધ આઈ.ટી. એક્ટ તળે ગુનો દાખલ કરી, આગળની તપાસ હાથ ધરી છે. ગુનાના તપાસકર્તા પોલીસ ઇન્સ્પેક્ટર એલ.પી. બોડાણાએ આવા બની બેઠેલા ટ્રેડિંગ ગુરુઓ-કંપનીઓથી સાવધાન રહેવા અને ઓથોરિટીને ત્વરિત રિપોર્ટ કરવા નાગરિકોને અપીલ કરી છે. ■



રાજકોટ મનપાના હોકર્સ ઝોનમાં સ્થાનિકો ગેરકાયદે ગાડીઓ પાર્કિંગ કરતા હોવાથી નાના વેપારીઓ પરેશાન થયા છે. શાકભાજી વિક્રેતાઓએ મનપા ઑફિસ બહાર શાકભાજી સાથે ધરણા કર્યા હતા... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# અંજારમાં ૮૮ મતદારોના નામ કમી કરવા માટેના બોગસ ફોર્મ બારોબાર પ્રાંત કચેરીમાં જમા થતાં ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ઐતિહાસિક અંજાર શહેરમાં ચાલી રહેલા મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન ગેરરીતિ આચરવામાં આવી હોવા અંગે શહેરના ભાગ નંબર ૨૫૩ના બૂથ લેવલ ઓફિસર મેહુલકુમાર દવે દ્વારા પ્રાંત અધિકારીને એક લેખિત ફરિયાદ કરવામાં આવતાં ભારે ચકચાર પ્રસરી હતી.

બીએલઓએ આ ફરિયાદમાં જણાવ્યું હતું કે, મતદાર યાદીને દૂષિત કરવાના પ્રયાસ અર્થે કેટલાક અસામાજિક શખ્સો દ્વારા અંજાર ભાગ નંબર ૨૫૩ના ૮૮ જેટલા મતદારોના નામ કમી કરવા માટેના વાંધા અરજી ફોર્મ નંબર સાત બારોબાર પ્રાંત કચેરીમાં જમા કરાવી દેવામાં આવ્યા હતા.

આ તમામ ફોર્મની ચકાસણી કરતા માલૂમ પડ્યું છે કે જે મતદારોના નામ કમી કરવા માટે અરજી કરાઈ છે તેઓ તે જ વિસ્તારના કાયમી અને વર્તમાન રહેવાસીઓ છે.

નવાઈ પમાડે તેવી બાબત એ છે કે વાંધા અરજી કરનારા એક પણ અરજદાર તે વિસ્તારના રહેવાસી નથી. આ સમગ્ર પ્રકરણમાં તપાસ કરતા અનેક ચોંકાવનારી વિગતો સામે આવી છે. કુલ ૮૮ ફોર્મ પૈકી આઠ અરજદારોના નામે ૧૦-૧૦ ફોર્મ અને એક જ અરજદારના નામે ૮ ફોર્મ ભરીને રજૂ કરવામાં આવ્યા છે.

આ ફોર્મ સાથે જોડવામાં આવેલા ચૂંટણી કાર્ડ નંબર અને મોબાઈલ નંબરની ઓનલાઈન ચકાસણી કરતા મોટાભાગના નંબરો ખોટા અથવા અસ્તિત્વમાં ન હોવાનું જણાયું છે.

ઘણા ફોર્મમાં મોબાઈલ નંબર નવ આંકડાના છે તો ચૂંટણી કાર્ડના નંબરમાં પણ ભૂલો જોવા મળી છે.

આ ઉપરાંત નિયમ મુજબ આ ફોર્મ બીએલઓને આપવાને બદલે સીધા કચેરીમાં જમા કરાવી દેવામાં આવ્યા હતા, જે આ સમગ્ર પ્રક્રિયા પાછળ કોઈ મોટા ષડયંત્રની આશંકા જન્માવે છે.

આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાને રાખીને મતદારયાદી સાથે છેડછાડ કરવાનો આ કારસો હોવાનું બીએલઓએ પોતાની ફરિયાદમાં ઉમેર્યું હતું.

બીએલઓ મેહુલકુમાર દવેએ આ બાબતે કડક પગલાં લેવાની માગ કરતા જણાવ્યું હતું કે, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ની કલમ ૩૧ હેઠળ ખોટા એકરાર કરવા બદલ એક વર્ષની સજા અથવા દંડની જોગવાઈ છે.

વહીવટી તંત્રને ગેરમાર્ગે દોરી સરકારી દસ્તાવેજોનો દુરુપયોગ કરનારા આવા રાજકીય ઓથા હેઠળ ફાવી ગયેલા અસામાજિક તત્ત્વો વિરુદ્ધ ફોજદારી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

આ રજૂઆતની નકલ અંજાર નગરપાલિકાના ચીફ ઓફિસર, કચ્છના જિલ્લા કલેક્ટર અને મુખ્યમંત્રી પોર્ટલ પર પણ મોકલવામાં આવી છે. ■

# ભાવનગરમાં મહિલા પોલીસકર્મી પર દુષ્કર્મઃ સિહોરના શખસ વિરુદ્ધ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં મહિલા કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી મહિલાએ શિહોરના શખસ વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી હતી. પીડિત મહિલા પોલીસ કર્મચારી અને આરોપી યુવકનો સોશ્યલ મીડિયા દ્વારા સંપર્ક થયો હતો. સંપર્કમાં આવ્યા બાદ બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. જોકે, આ મિત્રતાનો ગેરફાયદો ઉઠાવી આરોપીએ મહિલા પોલીસકર્મીને ધાકધમકી આપીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ પીડિતાને ગંભીર પરિણામો ભોગવવાની ધાકધમકી આપી અનેકવાર આ કૃત્ય આચર્યું હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વધુ માહિતી મુજબ ભાવનગર શહેરમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી મહિલાએ છૂટાછેડા લીધા છે. તે ઈન્સ્ટાગ્રામ દ્વારા સિહોરના જીગર ચાવડા નામના યુવાનના સંપર્કમાં આવી હતી. જીગર ચાવડાએ પણ તેની પત્ની સાથે છૂટાછેડા લીધેલા છે. છેલ્લાં એક વર્ષથી બંને સંપર્કમાં હતા અને આ શખસે એ મહિલા કોન્સ્ટેબલને લગ્નની લાલચ આપી તેની સાથે સંબંધો બાંધ્યા હતા અને દુષ્કર્મ આચર્યું હતું તેમ જ વિશ્વાસમાં લઈ તેના ક્રેડિટ કાર્ડનાના નામે લોન અને વાહન પણ લીધું હતું. બાદમાં યુવાને તે મહિલા સાથે લગ્ન કરવાની ના પાડી માત્ર સંબંધ રાખવા જ જણાવતા મહિલા કોન્સ્ટેબલે ભાવનગર સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ભચાઉના ચોપડવા ખાતે આવેલી ખાનગી કંપનીમાં મશીનની ટક્કરથી આધેડનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ભચાઉના ચોપડવા ખાતે આવેલી ખાનગી કંપનીમાં ફોર ક્લિપ મશીન હેઠળ આવી ગયેલા બિમલકુમાર ભગવતીપ્રસાદ અગ્રવાલ (ઉ.વ.૫૮)નું કમકમાટીભર્યું મોત થયું હતું. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ચોપડવાની શ્રી-કેમ ફૂડ નામની કંપનીમાં ગત તા.૧૮-૧ના સાંજના અરસામાં અપમૃત્યુનો કિસ્સો બન્યો હતો. જેમાં અહીં કામ કરનાર બિમલ અગ્રવાલ નામના આધેડ સ્ટોર રૂમમાંથી બહાર નીકળીને ગેટ તરફ જઇ રહ્યા હતા, ત્યારે મીઠાની જમ્બો બેગ લઇને ફિલિંગ પોઇન્ટથી પેકિંગ પોઇન્ટ તરફ જઈ રહેલાં ફોર ક્લિપ મશીનના ચાલકે બેદરકારી દાખવતાં આધેડને ટક્કર મારી દેતાં જમીન પર પટકાયેલા આધેડ પર ભારેખમ મશીનના પૈડાં ફરી વળતાં તેમને ગંભીર ઇજાઓ પહોંચી હતી.

ઘવાયેલા આધેડને સારવાર અર્થે આદિપુરની હૉસ્પિટલમાં લઇ જવાતાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મશીન ચાલક સામે મૃતકના ભત્રીજા કૌશિકકુમાર સુશીલ અગ્રવાલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ■

# ભાવનગરમાં ટ્રક હડફેટે બાઈકચાલકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના જાગીવાડની ટાંકી નજીક ટ્રકચાલકે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો, જેમાં બાઈકચાલક યુવાનનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના જાગીવાડની ટાંકી નજીક ઈન્ડિયા ટાવર પાસે યમદૂત બનીને આવેલા ટ્રકના ચાલકે બાઈક સવાર યુવાનને અડફેટે લેતા આનંદનગર એલ.આઈ.જી.માં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા પ્રદિપભાઈ મહેશભાઈ પડધરીયાનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.

બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અકસ્માત સર્જાતા લોકોના ટોળે ટોળા એકઠા થઈ જવા પામ્યા હતા અને આ વિસ્તારની મહિલાઓએ અવારનવાર અકસ્માત સર્જાયા હોય આ રોડ ઉપર સ્પીડ બ્રેકર મૂકવા અને ટ્રક સહિતના ભારે વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મૂકવા માગ કરી હતી. આ અંગે પોલીસે પંચનામું સહિતના કાગળો તૈયાર કરી લાશને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# રાજકોટની વડાલિયા ફૂડસના સંચાલક સાથે ૧૦.૯૮ કરોડની છેતરપિંડી કેસમાં આરોપી જેલ હવાલે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની જાણીતી વડાલિયા ફૂડસ પેઢીના સંચાલક સાથે સ્ટોન ક્રશરમાં રોકાણ કરાવી ઊંચું વળતર આપવાની લાલચે રૂ.૧૦.૯૮ કરોડની છેતરપિંડી આચરવા કેસમાં આરોપી અમિત ભાણવડીયાના ૫ દિવસ રિમાન્ડ પૂર્ણ થતા જેલ હવાલે કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં આરોપી અમિત ભાણવડીયાએ કબૂલાત આપી હતી કે, પોતે તીનપતી જુગારમાં અને વિજય માંકડીયા MCX તેમજ જુગારમાં રૂપિયા હારી ગયો છે તેને ફરિયાદી ઉપરાંત અનેક લોકો પાસેથી રૂપિયા મેળવી છેતરપિંડી આચરી છે જે રકમ પણ કરોડો રૂપિયામાં આંકવામાં આવી રહી છે.

પોલીસે ભોગ બનનાર લોકોના નિવેદન નોંધવા તેમજ સાહેદ બનાવવા તજવીજ શરૂ કરવામાં આવી છે. આરોપીઓની ત્રણ સ્ટોન પેઢીના હિસાબો પોલીસને હાથમાં લાગ્યા છે, જે સમગ્ર હિસાબોની સઘન તપાસ કર્યા બાદ અન્ય કોઈ આરોપી તેમાં સામેલ છે કે નહીં તે અંગે તપાસ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી દ્વારા જુદી-જુદી ત્રણ પેઢી શરૂ કરી કપચીનો વેપાર કરવામાં વાર્ષિક ૧૨% જેટલું વળતર આપવાની લાલચે વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન રૂ. ૬.૯૦ કરોડનું રોકાણ કરાવી કટકે-કટકે રૂ. ૧.૦૮ કરોડ પરત આપ્યા હતા ત્યારબાદથી રકમ આપવાનું બંધ કરી દેતાં અત્યાર સુધીમાં વળતર સહિત રૂ. ૧૦.૯૮ કરોડ ન ચૂકવવામાં આવતા રાજકોટ ક્રાઇમ બ્રાન્ચમાં આરોપી અમિત ભાણવડીયા અને વિજય માકડીયા સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ■

# અમરેલીના ઢૂંઢિયામાં એક દિવસમાં ૧૩ને કરડી ખાનાર શ્વાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં ઠંડીનો ચમકારો જ્યાં સૌથી વધારે જોવા મળે છે તે અમરેલી હાલમાં શ્વાનથી પરેશાન છે. અહીં બે દિવસમાં ૫૭ જણને શ્વાન કરડી ગયો હતો અને હૉસ્પિટલમાં વેક્સિન ઘટી પડી હતી.

તો બીજી બાજુ અહીંના ઢૂંઢિયા પીપળીયા ગામમાં પણ શ્વાને આતંક મચાવ્યો હતો. શ્વાન એક જ દિવસમાં ૧૩ જણને કરડી ગયો હતો. લોકો ઘરમાં પુરાઈ રહ્યા હતા જ્યારે અમુક તો ધાબે ચડી ગયા હતા. મંગળવારે વહેલી સવારથી બુધવાર સુધીમાં શ્વાને ૧૩ને બચકાં ભર્યા હતા. આમ બે દિવસમાં ૫૭ જણ શ્વાનનો શિકાર બન્યા હતા.

જોકે આ શ્વાન એક ખેતમજૂરને પગે કરડવા ગયું હતું, પરંતુ તેના હાથમાં લાકડી હોવાથી તેણે શ્વાનને મારી હતી અને અંતે તેનું મોત થયું હતું. હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા લોકો માટે એન્ટિ રેબિસ ઈન્જેક્શન ઘટી પડ્યા હોવાની સ્થિતિ સર્જાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ત્રણ મહિનામાં 30,000 ખીજડીયાના પક્ષીઓને જોવા આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના ઘણા આકર્ષણોમાનું એક ખીજડીયા પક્ષી અભયારણ્ય પણ છે. અહીં તમામ પ્રકારે અનુકૂળ વાતાવરણ હોવાથી ઘણા પક્ષીઓ શિયાળામાં ખાસ અહીં જોવા મળે છે અને પક્ષીપ્રેમીઓ મોટી સંખ્યામાં આ રંગબેરંગી પક્ષીઓની દુનિયા જોવા આવે છે.

અહીં છેલ્લા ત્રણેક મહિનામાં ૩૦,૦૦૦થી વધુ પર્યટકો આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

લગભગ ૬૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું ખીજડીયા પક્ષી અભયારણ્ય મીઠા અને ખારા પાણીના દુર્લભ સંગમ માટે પણ જાણીતું છે. આ અભયારણ્ય જામનગર શહેરથી ૧૨ કિલોમીટર દૂર છે. દેશવિદેશના ૩૦૦થી વધારે પક્ષીઓ અહીં જોવા મળે છે. વિદેશીઓ પણ અહીં મોટી સંખ્યામાં આવે છે અને આ સાથે વિદ્યાર્થીઓ પણ અહીં મોટી સંખ્યામાં આવે છે.

અહીં તંત્ર દ્વાર વિશેષ જાળવણી કરવામાં આવે છે અને શહેરમાં આવતા દરેક મુલાકાતીઓ પક્ષી અભયારણ્યની મુલાકાત લે છે. ■

# રાજકોટથી ગાંધીનગર નવી એસ.ટી બસ સેવાનો પ્રારંભ, ધારાસભ્યએ બસ ચલાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશ ટીલાળાએ બુધવારે રાજકોટમાં એસ.ટી. બસ ડ્રાઈવ કરી હતી. ધારાસભ્ય રાજકોટથી ગાંધીનગર વચ્ચે શરૂ કરવામાં આવેલી નવી એસ.ટી. બસ સર્વિસના લોકાર્પણ સમયે બસના ડ્રાઈવરની સીટ પર બેસીને બસ ચલાવતા નજરે પડ્યા હતા.એસ.ટી. બસ ચલાવતા ધારાસભ્યને જોવા માટે ડેપો પર લોકો એકત્ર થયા હતા.

રાજકોટના મુસાફરોની સુવિધામાં વધારો કરવાના હેતુથી એસ.ટી. નિગમ દ્વારા રાજકોટ અને ગાંધીનગર વચ્ચે નવી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ધારાસભ્ય રમેશ ટીલાળા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે લીલી ઝંડી આપી બસનું પ્રસ્થાન કરાવ્યું હતું. પરંતુ ત્યારબાદ તેઓ પોતે ડ્રાઈવરની સીટ પર ગોઠવાઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, રાજકોટથી અત્યાર સુધી ગાંધીનગર જવા માટે માત્ર વહેલી સવારની જ સુવિધા ઉપલબ્ધ હતી. પરંતુ હવે મુસાફરોને સાંજના સમયે પણ એસી બસનો વિકલ્પ મળી રહેશે. બુધવારથી રાજકોટ એસટી બસ પોર્ટ પરથી બસને ફ્લેગઓફ કરવામાં આવી છે. જેમાં મુસાફરોની માગને લઈ માર્ગ પરિવહન વિભાગે સુવિધા શરૂ કરી છે. રૂપિયા ૪૫૨ના ભાડા સાથે સાંજે ચાર વાગે બસ ઉપડશે. જેમાં મુસાફરોની સુવિધામાં મોટો વધારો કરતા રાજકોટથી ગાંધીનગર વચ્ચે પહેલીવાર એસી સીટર બસ દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ■

# ભાવનગરમાં બંધ ફ્લેટમાંથી રૂપિયા ૯.૫૦ લાખ મતાની ચોરીઃ પોલીસે બે મહિલા સહિત ત્રણ શખસને ઝડપી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના માલેકવાડી સર્કલમાં આવેલ ફ્લેટમાં રહેતા વેપારીના બંધ મકાનમાં ''રોકડ અને સોનાના દાગીના'' મળી રૂ. સાડા નવ લાખની ચોરી થયાની પોલીસ ફરિયાદ નોંધાય છે. દરમિયાન આ ચોરીના બનાવ અંગે પોલીસે બે મહિલા સહિત ત્રણ શખસને ઝડપી લીધા છે.

જાણવા મળતી વિગતો મુજબ ભાવનગર શહેરના માણેકવાડી સર્કલમાં આવેલ ઈનાયા બિલ્ડિંગના ફ્લેટમાં રહેતા અને વીઆઈપી પાર્ક, મોતીતળાવમાં વેપાર કરતા મહમદ આતિક અબ્દુલગની હતાણી ઉં.વ. ૫૧. વાળાએ ઘોઘારોડ પોલીસ મથકમાં એવા મતલબની કરિયાદ નોંધાવેલા કે ગત તા.૮ જાન્યુઆરીના રોજ તેઓ પરિવાર સાથે વડોદરા ખાતે લગ્ન પ્રસંગે ઘરને લોક કરીને ગયા હતા અને તા. ૧૦ના રોજ રાત્રીના પરત આવ્યા હતા અને ૧૨ તારીખે તેઓને તેમના ઘરમાં ચોરી થઈ હોવાની જાણ થઈ.

તપાસ કરતા કબાટમાંથી રોકડા રૂ.૫.૫૦ લાખ તથા રૂ. ૪ લાખની કિંમત ના દાગીના મળી કુલ રૂપિયા ૯.૫૦ લાખની ચોરી થયાનું જાણવા મળેલ. આથી તેમણે ફ્લેટના સીસીટીવી કૅમેરાના ફૂટેજ ચેક કરતા તા. ૯ના રોજ રાત્રીના બુરખા પહેરેલી અને મો પર નકાબ ભાયેલી મહિલાઓ ફ્લેટમાં આવી અને લિફ્ટમાં સાતમા માળે ગયેલ અને ત્યાંથી આઠમા માળે દાદરચડીને ગયેલ ત્યાંથી તેના ટેરેસમાં ઉતરી ઝુલાનાં સહારે અંદર પ્રવેશી કબાટમાંથી રોકડ અને દાગીના ચોરી કરી નીકળેલ તેવા ફૂટેજ મળી આવ્યા હતા.

આ અંગેની મહંમદ આતિક અબ્દુલગની એ ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

દરમિયાન ભાવનગરની એલસીબી પોલીસે ચોરીના આ બનાવ અંગે બે મહિલા સહિત ત્રણ શખસને ઝડપી લીધા છે, જેમાં તોસીફ શમશિર હમીદાણી, રૂકસારબેન તોસીફભાઈ તથા આઈસાબેન તોફીકભાઈનો સમાવેશ થાય છે. પોલીસે આ ત્રણેયની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે. ■

# ભાવનગર યુનિવર્સિટી કેમ્પસમાંથી દારૂની ખાલી બોટલો-ગાંજો મળી આવ્યોઃ પોલીસે બેની અટકાયત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ યુનિવર્સિટી કેમ્પસમાંથી દારૂની ખાલી બોટલો અને ગાંજો મળી આવતા ચકચાર મચી જવા પામી આવી હતી. એનએસયુઆઈના કાર્યકર્તાઓએ યુની. કેમ્પસમાં દરોડો પાડ્યો હતો.

પ્રાપ્ત થતી માહિતી મુજબ એનએસયુઆઈ ગુજરાત પ્રદેશ પ્રમુખે મોટી સંખ્યામાં કાર્યકરોને સાથે રાખી ભાવનગર શહેરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી કેમ્પસમાં રેડ કરી હતી. આહીં આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ નજીક અવાવરું સ્થળ પર તપાસ કરતા દારૂની ખાલી બોટલો તથા ગાંજો મળી આવ્યો હતો.

રેડ દરમિયાન સ્થળ પર વિદ્યાર્થીઓ નશીલા પદાર્થનું શેવન કરતા હતાં, જ્યારે NSUI સ્થળે પહોંચ્યું તો નશો કરનારા નાસી છૂટ્યા હતાં. તપાસ દરમિયાન એક બાઈકમાંથી અંદાજિત ૧૫૦/૨૦૦ ગ્રામ જેટલો ગાંજો મળી આવ્યો હતો. તે સ્થળેથી ૨૦થી વધુ દારૂની ખાલી બોટલો તેમ જ નશીલા પદાર્થનું સેવન કરવા વપરાતા ગોગોપેપર સહિતની વસ્તુઓ મળી આવી હતી, સમગ્ર બનાવ અંગે NSUI દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી, જેને લઈને પોલીસ કાફલો સ્થળ પર ધસી આવ્યો હતો અને પંચનામાં સહિતની કાર્યવાહી શરૂ કરી હતી.

ભાવનગરમાં NSUI દ્વારા ક્રિકેટ ગ્રાઉન્ડ નજીક રેડ પાડવામાં આવી હતી. કેમ્પસની આજુબાજુમાં હૉસ્ટેલો છે, કેમ્પસમાં સ્પોટ ગ્રાઉન્ડ છે, જ્યાં વિદ્યાર્થીઓને નશાનું સેવન કરી રહ્યા હતા ત્યારે NSUIએ જનતા રેડ કરી હતી. આ રેડમાં ૧૫૦થી ૨૦૦ ગ્રામ જેટલો ગાંજો, કફ સિરપ જેનાથી નસો થાય, ગોગોપેપર, દારૂની ખાલી બોટલો મળી આવી હતી. દરમિયાન પોલીસે આ પ્રકરણમાં બે શખસની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હતી. ■

# રાજકોટ મનપાનો અમીન માર્ગનો પ્લોટ અધધધ રૂ. ૧૦૬ કરોડમાં વેચાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ૭ કિંમતી પ્લોટના વેચાણ માટે ઓનલાઈન હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે આ હરાજીમાં તંત્રની ગણતરીઓ મુજબ પ્રતિસાદ સાંપડ્યો નથી, પરંતુ અમીન માર્ગ અને ૧૫૦ ફૂટ રિંગ રોડના કોર્નર ઉપર આવેલા મોકાના પ્લોટ માટે ભારે ખેંચતાણ જોવા મળી હતી. આ પ્લોટ માટે મનપાએ પ્રતિ ચોરસ મીટર ૨,૦૦,૦૦૦ ની અપસેટ કિંમત નક્કી કરી હતી, જેની સામે ચાર અગ્રણી બિલ્ડરોએ રસ દાખવ્યો હતો. અંતે પ્રાઈડ કન્સ્ટ્રક્શન દ્વારા સૌથી ઊંચી બોલી ૨,૨૭,૬૦૦ પ્રતિ ચોરસ મીટર બોલવામાં આવતા આ પ્લોટ તેમના નામે થયો છે. કુલ ૪૬૬૯ ચોરસ મીટરનાં એક પ્લોટના વેચાણથી મહાનગરપાલિકાની તિજોરીમાં રૂ. ૧૦૬,૨૬,૬૪,૪૦૦ની માતબર આવક થશે. જોકે અન્ય પ્લોટ માટે બિલ્ડરો નિરસ રહ્યા હતા. રાજકોટ મહાપાલિકાએ રૈયા રોડ, મવડી, એચસીજી હૉસ્પિટલ રોડ, મોરબી રોડ અને રેલનગર સહિતના જુદા-જુદા વિસ્તારોમાં આવેલા ૭ પ્લોટ હરાજીમાં મૂક્યા હતા, પરંતુ અમીન માર્ગ સિવાયનાં પ્લોટમાં કોઈ પાર્ટીએ રસ દાખવ્યો નથી. ■